# સંવેદનાની સફર



નાથુ સોસા

# સંવેદનાની સફર

લેખક : નાથુ સોસા

## "સંવેદનાની સફર"

**© નાથુ સોસા**

મો. + 91-98251-46448
www.nathusosa.com
Email : nathusosa@gmail.com
YouTube : @nathusosa9781
Facebook : www.facebook.com/nathu.sosa.9
Twitter : @nathusosa
Instagram : nathu.sosa.9

**પ્રાપ્તિ સ્થાન** : **શ્રીમતી નીરૂ નાથુ સોસા**
1, રઘુનંદન, ચિત્રકૂટ બંગ્લોઝ,
શિવદર્શન રો-હાઉસ સામે, સી. કે. પાર્ક પાસે,
હનીપાર્ક રોડ, અડાજણ, સુરત - 395009

**પ્રકાશક** : સૂર્યજીત પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ
અમદાવાદ - 380058

**પ્રથમ આવૃત્તિ** : મે, 2023

**ISBN** : 978-93-91991-04-3

**મૂલ્ય** : રૂ. ૧૦૦/-

**મુદ્રણ સંસ્કાર** : મુદ્રેશ પુરોહિત, **સૂર્યા ઑફસેટ,**
આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૮
E-mail : mail@suryaoffset.com

# નિવેદન

'સંવેદનાની સફર' મારું સાતમું પુસ્તક છે. આ પુસ્તકમાં મને મૂંઝવતા પ્રશ્નોનો આવિર્ભાવ છે. અહીં જે કાંઈ મેં પ્રગટ કર્યું છે તે, મારા ચિંતનના ભાગરૂપે છે. હું કોઈ મોટો ચિંતક નથી કે દલિતોનો હામી હોવાનો દાવો પણ કરતો નથી. મારા અનુભવોમાંથી મને જે કાંઈ સમજાયું તે મેં મૂક્યું છે. દલિતોને થતા અન્યાયોએ મને ઘણીવાર પજવ્યો છે. દરેક ક્ષેત્રોમાં દલિતોની થતી અવહેલનાએ મને આ અન્યાયી વ્યવસ્થા સામે આક્રોશ કરવા પ્રેર્યો છે. છતાં અહીં મેં મારા જે વિચારો રજૂ કર્યા છે તેમાં, જાતિવાદને કારણે દેશનું આંતરિક માળખું કેવું વેરવિખેર થઈ ગયું છે તે દર્શાવવાનો મારો આશય છે. કોઈ પણ દેશની પ્રગતિમાં જનહિત અગત્યની બાબત છે. એમાં બેવડી નીતિને કારણે ગરીબ પ્રજાને ઘણું સહન કરવાનો વારો આવ્યો છે. વળી આવી બેવડી નીતિને કારણે, દુનિયાના દેશોમાં ભારતની છબી ખરાબ થઈ રહી છે. મેં અહીં દેશહિત અને દેશદાઝ માટે, આપણે ત્યાં વકરી રહેલી ભેદયુક્તનીતિ વ્યક્ત કરી છે. આ મારી આંતરપ્રતીતિ છે. આમાં મેં કોઈ એક જ્ઞાતિનો પક્ષ લીધો નથી. પણ સબળ જ્ઞાતિઓ દ્વારા નિર્બળ જ્ઞાતિઓનું કેવું અને કયા પ્રકારનું શોષણ થાય છે તે રોકવાનો ઈરાદો દર્શાવ્યો છે. અહીં સરળ અને પ્રેમાળ ભાષામાં ભારતની આંતરિક નબળાઈઓ મેં જે અનુભવી છે તે અહીં અભિવ્યક્ત કરી છે. જાપાનના પૂર્વ રાજદૂત હિરાબાસીએ કહ્યું છે કે, ''ભારત મહાસત્તા બનવા માટેના તમામ ગુણો ધરાવે છે, પરંતુ તેના માટે તેણે જ્ઞાતિવાદ ત્યજવો પડશે, તેમજ ભ્રષ્ટાચાર હટાવવો પડશે અને સાથે સાથે ગરીબી નાબૂદ કરવી અતિ આવશ્યક છે. જો આ ત્રિસૂત્ર એટલે કે જ્ઞાતિવાદ ત્યાગો, ભ્રષ્ટાચાર હટાવો અને ગરીબી નાબૂદ કાર્યક્રમ કરવામાં ભારત સફળ રહ્યું, તો મહાસત્તા બનતાં કોઈ રોકી શકે નહીં.''

હું એ વાતની જવાબદારી લઉં જે મેં લખી છે પરંતુ શક્ય છે તમે તેને યોગ્ય રીતે જાણો નહીં અને સમજો નહીં તો તેમાં મારો કોઈ દોષ નથી. એના માટે તમારી સમજણ પર નિર્ભર છે તેવું બની શકે ? આપણી પરંપરા હતી કે જ્ઞાતિથી નહીં પણ જ્ઞાનથી વ્યક્તિ મહાન કહેવાતા હતા તેના ઉદા. આત્મા સો પરમાત્મા

આપણે કહેતા હતા. આપણે કહેતા હતા કે, કણ-કણમાં ભગવાનનો વાસ હોય છે. શૂન્યથી શબ્દ, શબ્દથી નાદ અને નાદથી બ્રહ્મ ત્યાંથી જીવથી શરૂ કરી, શિવ સુધીની યાત્રા આપણા પૂર્વજોની જીવનશૈલી રહી હતી. જ્યારે આજે આપણે પથ્થરની મૂર્તિ કરતાં જીવતા જાગતા જીવને આપણે જ્ઞાતિના ખપ્પરમાં હોમી, ભારતનું અને ભારતીયોનું ખૂબ મોટું નુકસાન, ધર્મના ઓઠા હેઠળ કરી રહ્યાં છીએ. જેથી ભારતમાં તમામ પ્રકારની રિસોર્સિજા હોવા છતાં, શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થતું નથી. હવે જો આપણે શક્તિશાળી રાષ્ટ્ર બનાવવું હશે તો, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના જ્ઞાતિભેદને સૌપ્રથમ પ્રાથમિકતા આપીને, તેને દૂર કરવાનું કાર્ય કરવું તે જ આપણું સૌનું પ્રથમ કર્તવ્ય હોવું જોઈએ. આ કર્મ કરવામાં આપણે સફળ થયા તો રાષ્ટ્રની ખૂબ મોટી સેવા કરી ગણાશે. આ દેહ નાશવંત છે. જેણે નામ ધારણ કર્યું છે તેનો નાશ થવાનો જ છે. તે નિયતિ છે, સત્ય છે, તે કોઈપણ વ્યક્તિએ ભૂલવું જોઈએ નહીં. આ કરવામાં આપણે સફળ રહ્યા તો ભારતની છબી-અને શાખ વિશ્વમાં ખૂબ સારી બનાવી શકીશું. વિશ્વ આજે ૨૧મી સદીમાં વિજ્ઞાન સાથે સાયૂજ્ય સાધી-એકરૂપ થઈ, જીવ સિવાયની તમામ મનુષ્ય કલ્પના કરી શકે તે બનાવવામાં સફળ રહ્યું છે. આમાં ભારત અને ભારતવાસીઓ જેટલા જલ્દી સમજી શકે તે ભારતના લાભમાં રહેવાનું છે. આ સાચી વેદના અને વાસ્તવિક ભારતનું અને ભારત માતાનું ચિત્ર છે. ભારતમાતા તેના એક વર્ગને અન્યાય થાય, તો માને કેટલી પીડા થતી હશે ? એ તો ભારતમાતાને સમજી શકે તે જ કહી શકે, ક્યારેય એક ભાઈ બીજા ભાઈને અન્યાય કરી શકે નહીં. આ તો બીજાને દુઃખી જોઈને તમને દુઃખ થાય તો સમજવું કે (કુદરતે) ભગવાને તમને માણસ બનાવીને કોઈ ભૂલ નથી કરી. (લોકો) ભારતમાતા તેને સમજાવી શકતી નથી અથવા ભારતમાતા દુઃખ જોઈ શકતાં નથી. આ એવો દેશ છે, જેમાં તેના સગા મોટાભાઈને શુદ્ર પુત્ર કહીને સંબોધવામાં આવે છે. તો કર્ણની જેમ કૃષ્ણને પણ બીજી માએ ઉછેરીને મોટો કર્યો છે, છતાં તેમને શુદ્ર નથી કહેવાતા; જ્યારે કર્ણને કેમ ? શું એક સંસ્કારી અને વાત્સલ્ય પછી માતા દાસીએ ઉછેર્યો એટલે ? કર્ણ સૌથી શક્તિશાળી હોવા છતાં, શુદ્ર પુત્ર (કર્ણ)ને દ્રૌપદીના સ્વયંવરથી માંડીને અન્ય અનેક જગ્યા પર અન્યાય કરવામાં આવેલ છે. તે દ્વાપર યુગથી ચાલી આવતી પરંપરાને

હવે આપણે ૨૧મી સદીમાં દૂર કરવી જરૂરી નહીં, પરંતુ અતિ આવશ્યક અને અનિવાર્ય છે. આ સમયમાં આ કાર્ય જો ૧૩૮ કરોડ જનતા નથી કરી શકી, તો પછી ક્યારે થશે ? સ્વયં ભગવાન આ ધરતી પર આવે તો પણ નહીં થાય ? ભારતમાં રૂડાં રૂપાળાં નામ આપવામાં આપણે માહિર છીએ. પરંતુ રૂપાળું કાર્ય કરવામાં ? વિશ્વના ૧૯૨ દેશમાં આપણે ભ્રષ્ટાચારમાં ૮૫ નંબર પર છીએ. જે દેશમાં મંદિર નથી, ચર્ચ નથી, સંસ્કૃતિ અને વિજ્ઞાન છે તે દેશો અવ્વલ નંબર પર છે. આપણે ધર્મને નામે અને સંસ્કૃતિના નામે પ્રજાને લોભ-લાલચના નામે, છેતરવા સિવાય બીજું કોઈ કાર્ય કર્યું હોય તેવું દેખાતું નથી. આ હિન્દુસ્તાનનો અરીસો છે. જો તેને ભારતનો અરીસો કરવો હોય તો અસ્પૃશ્યતારૂપી દૂષણ, જે કલંક છે તેને દૂર કરવું જ રહ્યું.

અહીં હું અમેરિકન તત્ત્વચિંતક અને લેખક બેન્જામીન ફ્રૅન્કલીનનું વિધાન ટાંકું છું, ‘સૌથી પીડાદાયક વાત તો એ છે કે, આપણે મોટા તો થઈ જઈએ છીએ પણ સમજદાર બહુ પાછળથી બનીએ છીએ.’ હું ઇચ્છું કે ભારતીય બુદ્ધિજીવી વર્ગ આગળ આવી ધર્મ અને જ્ઞાતિ વચ્ચેની ખાઈ પૂરીને, એક સશક્ત રાષ્ટ્રનું નિર્માણ થાય તેવા પ્રયત્નો કરશે, તેવી અપેક્ષાનો આગ્રહી...

કોઈ એક વ્યક્તિ કે સમુદાયને લક્ષ્યમાં લઈને, મેં ટીકાત્મક આલોચના નથી કરી, પણ કેટલાક સમુદાય દ્વારા, દેશને કેવી રીતે નુકસાન થાય છે તે સ્પષ્ટ કરવાની કોશિશ કરી છે. અંતે તો આ, દેશના એક પ્રતિબદ્ધ અદના નાગરિકની હૈયાધારણા છે.

આશા છે કે, મારી ભીતરની આ સંવેદનાઓમાં સહુ સૂર પુરાવીને પોતાની સંવેદનાઓ જાગૃત કરશે. મને લાગે છે કે, મારું આ ચિંતન વ્યર્થ નહિ જાય. એ પરિણામલક્ષી બનીને કોઈકના હૃદયને તો ટપારશે જ તેવી મને શ્રદ્ધા છે. ‘સંવેદનાની સફર’ પુસ્તક મારી અનુભૂતિનું સરનામું છે. મેં કલમના સથવારે, પીડાતા સમાજની વેદનાઓને આમ સમાજ સુધી પહોંચાડવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે.

**નાથુ સોસા ૨૫-૦૫-૨૦૨૩**

● ● ●

# સંવેદનાની સફર

# અનુક્રમણિકા


૧. મનોવ્યથાનાં વાદળો ........ ૧

૨. પુરુષાર્થની પરાકાષ્ઠા ........ ૪

૩. જગતની સાચી સચ્ચાઈ ........ ૭

૪. સમાજ-સમાજ વચ્ચેનો ભેદ ........ ૧૧

૫. માણસ બનવું પડશે ........ ૧૫

૬. મનોવૃત્તિ ........ ૧૭

૭. સુવર્ણ અક્ષરે લખવું ........ ૧૯

૮. બદલાવની સંભાવના ........ ૨૧

૯. સત્તામાં નીતિમત્તા ........ ૨૮

૧૦. મહિલા જાગૃતિ ........ ૩૩

૧૧. સમાનતા ........ ૩૮

૧૨. આચરણ ........ ૪૩

૧૩. સમભાવ ........ ૪૯

૧૪. સામાજિક પ્રતિબદ્ધતા ........ ૫૫

૧૫. શિક્ષણની આવશ્યકતા ........ ૬૦

૧૬. ભેદભાવ નાબૂદી ........ ૬૪

૧૭. રાષ્ટ્રપ્રેમ ........ ૭૧

# ૧. મનોવ્યથાનાં વાદળો

**"આ** સૃષ્ટિ ઉપર માનવજીવનનો ઈતિહાસ ૫૦૦૦ હજાર વર્ષ જૂનો છે. જેમાં જીવસૃષ્ટિ અનેક તબક્કામાંથી પસાર થઈને, માનવજીવન સુધી પહોંચી છે. માનવજીવનમાં અનેક પ્રકારનાં પરિવર્તનો જોવા મળે છે. આ પરિવર્તનમાં કાળક્રમે ફેરફાર થતાં વર્ણવ્યવસ્થાનું એક ભયંકર દૂષણ સમાજજીવનને પજવી રહ્યું છે. આ દૂષણને લીધે માનવને માનવતાનાં મૂલ્યોથી વંચિત કરવાની અનેક વૃત્તિ અને પ્રવૃત્તિઓ વેગવાન થતી જોઈ શકાય છે. આ પરિપ્રેક્ષ્યથી જોઈએ તો, માનવીને માનવમૂલ્યોની દૃષ્ટિથી જોવાનું સદંતર બંધ થઈ ગયું છે. આ ઘૃણાસ્પદ વહેવાર આજે પણ કોઈ ને કોઈ સ્વરૂપે આપણી સૌની સામે જોવા મળે છે. પરંતુ આ બાબતને રોકવાની કે મટાડવાની વૃત્તિ જોવા મળતી નથી ? શા માટે ? આ વાત આજે પણ સમજાતી નથી. અને તેમને સમજવાની તૈયારી પણ નથી ? હિન્દુધર્મમાં કૂતરાં-બિલાડાં જેવાં પ્રાણીને કોઈ અડચણ કે આભડછેટ નથી; પરંતુ મનુષ્ય-મનુષ્ય વચ્ચે આવી ઘૃણાસ્પદ પાપલીલા જોવા મળે છે. મંદિરમાં કૂતરાં-બિલાડાં માટે પ્રતિબંધ નથી. પરંતુ જે વ્યક્તિને ક્યાં અને કોના ઘરે જન્મવું, કયા વર્ગમાં જન્મવું તે તેના હાથમાં નથી, પરંતુ તેને શૂદ્રનું રૂપ આપી તેની સાથે અમાનવીય વહેવારો કરવામાં આવે છે. હા, તે વ્યક્તિના હાથમાં કેવા કર્મ કરવા, કેમ જીવન જીવવું તેની સંપૂર્ણ સત્તાઓ છે, પણ સામાજિક વિસંગતતાએ માનવ મૂલ્યોનું હનન કરવા સિવાય, બીજું કાંઈ જ કર્યું નથી." આપણાં દેશમાં ઊલટાનું ખોટી બડાશ મારીને જાતિગત ભેદભાવને પ્રોત્સાહન આપે છે. મનુષ્યમાત્રને ત્રણ પ્રકારની સમર્થતા પ્રાપ્ત હોય છે. તેમાં એક છે માનવબળ, બીજું છે દ્રવ્યબળ અને ત્રીજું છે મનોબળ. આ ત્રણેય બળને કારણે માણસને જીવનમાં નવી ઊર્જા મળે છે. આપણે માનવબળની દૃષ્ટિએ

અલ્પસંખ્યક છીએ. દ્રવ્ય/દ્રવ્યોમાં આપણે અન્ય સમાજની સ્થિતિએ સૌથી નીચે પાયદાન પર આવીએ છીએ. ત્રીજું છે માનસિક બળ, તેનો પણ આપણા સમાજમાં અભાવ જોવા મળે છે. હજારો વર્ષથી હડધૂત થયા હોય, જેમનામાં સંગઠનશક્તિનો અભાવ હોય, જેથી માનસિક બળનો અભાવ હોવો એ સ્વભાવિક છે.

ધર્મ દ્વારા ગુલામી પ્રસ્થાપિત કરવામાં આવી હોય તે ગુલામી દૂર કરવા માટે ધર્મના કહેવાતા ધર્માચાર્યો અને મઠાધિપતિઓએ પહેલ કરવી રહી, પણ ધર્મને માનનારા અનુયાયીઓ દ્વારા ભેદભાવ દૂર કરવા માટે કેટલી સદીઓ વીતી જશે એ વાત ભારતમાં વસતા ભારતીયો નક્કી ન કરે ત્યાં સુધી, જીવિત રહેવાની છે. એટલે આ કાર્ય દૂર કરવું જીવિત આત્માઓનું કામ નથી, એવું પાગલ લોકો વિચારતા રહે છે. ઉપરથી પરમાત્મા આવશે અને એક ચપટી વગાડશે એટલે જાતિ-પ્રથા અને જ્ઞાતિ-પ્રથા દૂર થઈ જશે. આ મૂર્ખામીભર્યા જ વિચાર છે. આવું આજે નહીં પણ ક્યારેય બનવાનું નથી, એ હું અને તમે સૌ જાણતાં હોવા છતાં, આવા અંધવિશ્વાસ, અંધશ્રદ્ધાભર્યા વાતાવરણમાં આપણા જીવનનો અમૂલ્ય સમય પસાર કરવા દઈશું તો, સરવાળે નુકસાન આપણા ભાગે આવવાનું છે. આ નુકસાન ભરપાઈ કરવા હવે જે પણ કંઈક કરવાનું છે તે તમે તમારા સ્થાન પરથી શું કરી શકો તે જ સાચું છે અને તે વિચાર તમને અને તમારી આવનારી પેઢીને આગળ લઈ જશે. હવે નક્કી આપણે કરવાનું છે. આ રીતે દલદલમાં રહેવું છે કે, આવનારી પેઢીને યોગ્ય દિશા આપવી છે ? આપણે-આ રાહ પર આગળ વધવા સિવાય આપણી પાસે બીજો કોઈ પણ વિકલ્પ જ નથી. આ વિકલ્પને અપનાવવામાં આપણે જેટલો સમય પસાર કરીશું એટલા આપણે જે જગ્યા પર પહોંચવા માંગીએ છીએ ત્યાં મોડું જ થવાનું છે, તે વાત સાચી છે. હવે પછીનો સમય યોગ્ય નિર્ણય કરવા માટેનો છે. યોગ્ય નિર્ણય, યોગ્ય સમયે લઈશું તો સમય આપણને સાથ આપશે.

'જગતમાં સમય બળવાન હોય છે. વ્યક્તિ કે વિચાર આપણને મદદ કરતા હોય છે.' જગતમાં જે પણ પરિવર્તન આવ્યાં છે તે પરિવર્તન સમયે-સમયે લેવાયેલા યોગ્ય નિર્ણયને આધારે આવ્યાં છે. આપણે આ વાત ભૂલવી જોઈએ નહીં. જેમનો

સૂર્ય ક્યારેય આથમતો નહોતો અને જેણે વિશ્વના અધિકતમ દેશ ઉપર સત્તા-શાસન કર્યું, આપણા દેશ પર પણ બસો વર્ષ કરતાં વધારે શાસન કર્યું તે દેશનું શાસન તેમની Country પૂરતું સીમિત થઈ ગયું છે. શું કામ ? કારણ હતું, જે દેશને જે સમયે જીત્યો હતો તે વખતની તત્કાલીન પરિસ્થિતિ મુજબ તે દેશની જાતિ, સંસ્કૃતિ, રીત-રિવાજો, ધાર્મિક અને ધર્માંધ ભાવના પ્રજામાં સ્વીકૃતિ કરી શક્યાં નહીં, જેથી તે પ્રજા સાથે પોતાને જોડી શકવામાં તેઓ અસમર્થ પૂરવાર થયા. જેથી સત્તાનો સૂરજ સીમિત થઈ ગયો. કોઈપણ દેશ કે રાજ્યમાં પણ આ ભાવ કામ કરતો હોય છે. જો તમે તમારા વિચારો સાથે વ્યક્તિ કે લોકસમૂહને જોડી શકશો નહીં તથા તમારે તેના વિચારોને (અનુમોદન) સમજવા, ઉતારવા અને તે અનુસાર કાર્ય કરી શકશો નહીં તો, તમે ઝાઝો સમય સત્તાધારી કે સાચી દિશા દેશને આપી શકશો નહીં.

વર્ષો સુધી શાસન કર્યું હોવા છતાં, ભારતવર્ષની પ્રજા દ્વારા તે શાસનનો પણ અંત આણવામાં આવ્યો હતો. કારણ સ્પષ્ટ છે. અફસરો દ્વારા પ્રજા પર અતિજુલમો ગુજારવામાં આવ્યા હતા, ઉચ્ચસ્થાનો પર યોગ્ય વ્યક્તિની પસંદગીનો અભાવ, તારા અને મારાની મેલી રમતના ખેલથી શાસનમાં સૂરજ ઊગતો હતો તે શાસનનો પણ કેવો અંત આવ્યો ! સમાજ ઉપયોગી સાધન-સગવડો પ્રત્યે દુર્લક્ષ્ય સેવવાથી આમ બનતું હોય છે. આવાં અનેક ઉદાહરણ વિશ્વમાં જોવા મળે છે. જે શાસનકર્તા સમાજ ઉપયોગી, રાષ્ટ્ર ઉપયોગી સેવાઓ ઉપલબ્ધ કરવામાં પારોઠનાં પગલાં ન ભરે, તે શાસક નિષ્ફળતાને વરે છે. આવા શાસકોની ફેરબદલ પ્રજા જ નક્કી કરે છે, માટે સમય સમભાવ કેળવવાનો છે, સમાનતા લાવવાનો છે. નહીં કે સમત્વ વેરવિખેર કરવાનો. આવો સાથે મળી માણસને માણસ ગણીએ. દૃષ્ટિ બદલીએ.

• • •

# ૨. પુરુષાર્થની પરાકાષ્ઠા

'**स**र सैयद अहमद खां' कहते थे कि लोक – खुदा की सरकार के भी शुक्रगुजार नही होते । मैं आपसे वह नहीं कहता कि सरकार से कभी कुछ न मांगे । आपकी वाजिब मांगो के लिए मैं खुद लडूंगा । मगर ऐसी चीजें मांगीए, जो वह आपको दे सके, या ऐसी चीजें जिन पर मुल्क के प्रशासन की जरूरतों को ध्यान में रखते हुअे आप अपना हक जता सकें। अगर आप ऐसी चीजें मांगते हैं, जिन्हे सरकार नहीं दे सकती तो यह सरकार की गलती नहीं, मांगने वाले की मूर्खता है । मगर आप जो कुछ मांगे, इस तरीके से न मांगे कि दमन की हर कारवाई के लिए आप सरकार को दोषी ठहरायें ।

આજના સમયમાં જોઈએ તો, આપણી સામે આવાં ઉદાહરણ જોવા મળે છે. અભ્યાસ અને પૈસાના મામલે આપણે અન્ય સમાજથી ખૂબ જ પાછળ છીએ. આજની સ્થિતિ એવી છે. ધંધા-વેપાર આપણી પાસે નથી. આપણા સમાજની પ્રગતિ કરવી છે તો ઉચ્ચ હોદ્દાઓ પર તેમજ વ્યાપાર પર આપણું પ્રભુત્વ સ્થાપવું પડશે. તેમનાથી ચડિયાતો વેપાર કરવો પડશે. તેના માટે આપણે પૂરેપૂરી તાલીમ પ્રાપ્ત કરવી પડશે. કુશળતા પ્રાપ્ત કરવી પડશે એ માટે પૂરું જ્ઞાન મેળવવું પડશે.

ભારત ડૉ. ભીમરાવનો ઋણી છે તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. તેના પ્રમાણની આપણને દરેક વખતે પ્રતીતિ થાય છે. ઉદા., ''આ દેશમાં જો કોઈ એક બાબતની ઊણપ હોય તો તે રાષ્ટ્રીય ભાવનાની છે.'' તેમ સ્પષ્ટ શબ્દો ભીમાબાઈના 'જાયા'ના હતા. ભારતવાસીઓ એમ કહે છે, ''હું હિન્દુ છું, મુસ્લિમ છું, ઈસાઈ છું;'' જ્યારે ડૉ. ભીમરાવ કહેતા કે, "We are firstly Indian and we are lastly Indian".

“मुजे ये नहीं समज आता कि हम धार्मिकता की बात बहोत बढा चढाके कहेते हैं । लेकिन वास्तविक जिवन में सचमुच हम धार्मिक है ? जो हम धार्मिक है और धर्म में मानने वालें है तो धर्म ना किसी को छोटा मानता है और ना किसी को बडा मानता है । तो क्या हमारे धर्म का ठेका रखनेवाले किसी ढोंगीने स्पष्ट रूप से नहीं कहा कि सभी मानव जाति एकसमान है, उसमें ना कोई बडा और ना कोई छोटा ।” आज की तारीख में भारत की जनसंख्या १३८ करोड की है, उसमें देखा जाये तो २३ करोड से ज्यादा SC कोम्युनिटी और १० करोड से ज्यादा ST समाज और पिछडी जाति के ६७ करोड से ज्यादा SEBC समाज के लोग भारत में हैं और देखा जाय तो तकरीबन ७६% या ७८% SC/ST/SEBC वर्ग की जनसंख्या है फिर भी, इतनी बडी तादात के बावजूद ना कोई चीफ जस्टीस है, ना कोई केन्द्र में चीफ सेक्रेटरी है । दस में होद्दे पर भी ७८% हिन्दुस्तानी की बस्ती का कोई दिखाई नहीं देता । क्या ये समाज में पढे लिखे नहीं है । ऐसी बात नहीं है । फिर भी आज के दौर में ये बात है । इसके लिए समाज को क्या करना होगा ? ये बडा प्रश्न है । इस देश के लिए अच्छी बात नहीं है । जो देश के लिए अच्छी बात नहीं है ये बात हमारे और आपके लिए भी अच्छी है ही नहीं । इतना सोचकर चलो । इस लिए हम सभीको बहुत बडा संघर्ष करना होगा । शिक्षा के विषय में, ज्ञान के विषय में, धर्म के विषय में, शारीरिक और मानसिक विषय में भी आगे बढना होगा । तभी हम कुछ कर पायेंगे। हम अभी भी डेवलप नहीं हो पाये तो कभी भी डेवलप नहीं हो पायेंगे । इस लिए हम सबको बहोत महेनत करनी पडेगी । बिना पुरुषार्थ ना किसीको कुछ मिला है और न मिल पायेगा। यही परम सत्य है।

ડૉ. બાબાસાહેબના જીવનમાંથી આપણને મુશ્કેલીઓ વચ્ચે આગળ વધવાની પ્રેરણા અને નૈતિક શક્તિ મળે છે. આપણે જીવનમાં પ્રગતિ કરવી હશે તો ડૉ. બાબાસાહેબે જે રસ્તો બતાવેલો છે તે રસ્તે ચાલવું પડશે. સમાજ જીવનની ગતિ-પ્રગતિ કરવી હશે તો સ્વયંપ્રકાશિત થયા સિવાય કોઈ બીજો માર્ગ જ નથી.

ડૉ. બાબાસાહેબ કહેતા હતા કે, હું તો મારા સમાજની સેવા માટે મારું જીવન ખપાવી દઈશ.

ગુણવંત શાહે કહ્યું છે કે, ''ડૉ. બાબાસાહેબમાં ઝનૂન હતું અને કટુતા પણ હતી.'' શું બાબાસાહેબમાં કટુતા હતી ખરી ? આ પ્રશ્ન પર મેં ઘણો વિચાર કર્યો છે. જે સવર્ણ લોકોને બાબાસાહેબની સમાનતાના વિચારો ખૂંચે છે તે લોકો એક કલાક માટે 'દલિત' બની જુએ. ડૉ. બાબાસાહેબના વિચારમાં આક્રોશ હતો, અવિવેક ન હતો. મહાડ કે કાલારામમંદિર સત્યાગ્રહ વખતે એમણે લોકતંત્રની મર્યાદા ક્યારેય ઓળંગી નહોતી, એટલે જ તેમના સત્યાગ્રહમાં પ્રભાવ હતો. દેશવાસીઓ સત્‌દીપો ભવ બની વિચારે તો તમામ સમસ્યાઓ હલ થઈ શકે.

• • •

# ૩. જગતની સાચી સચ્ચાઈ

**આ**પણે જ્યારે દેશનો અને દેશવાસીઓનો વિચાર કરતાં હોઈએ છીએ તે સમયે, આ દેશ રહેવો જોઈએ. દેશનું Constitution રહેવું જોઈએ. તેમજ ભારતમાં વસતા તમામ વર્ગ જે ધર્મ પાળે છે તે ધર્મનું સન્માન સૌએ કરવું જોઈએ. આજના સમયમાં પુણ્ય અને પાપની વ્યાખ્યા અલગ-અલગ સ્વરૂપે કરવામાં આવે છે. બીજા માટે કરવામાં આવેલા કાર્યને પાપ કહે છે, જ્યારે પોતાના માટે કરેલા એ જ કાર્યને પુણ્ય કહેવામાં આવે છે. આપણે લોકોને ધર્મ અને ઢોંગ દ્વારા ખોટા ખ્યાલો, ખોટા વિચારોથી તેમનામાં પડેલી શક્તિઓને ઉજાગર કરવા દેતા નથી. ઢોંગ, અંધશ્રદ્ધા, વહેમ જેવી નકામી બાબતોથી સમાજને અને રાષ્ટ્રને નબળું બનાવવાનું ઘોર પાપ કર્યું છે ! આપણે રાષ્ટ્રને મજબૂત બનાવવા કરતાં રાષ્ટ્રને નબળો બનાવી રહ્યા છીએ. માણસને કહેવું પડે છે, ‘માણસ બન.’ હું માનું છું માણસનો (સૌથી મોટો) ધર્મ હોય તો તે ધર્મ છે માનવતાનો. તેના આગળ કે તેની પહેલાં પછી કોઈ ધર્મ નથી.

જે સમાજ જીવતાને જાણે નહીં, મર્યા પછી હજારો જાતની વાતો કરવા કરતાં જીવતાને જાણો. જગતની આ જ સચ્ચાઈ છે. આપણે સૂકા ઘાસને લીલું ઘાસ દેખાડવા ઘોડાને લીલા ડાબલા પહેરવાની ફેક્ટરીઓ ખોલી છે. આ ફેક્ટરીઓ જ્યારે આપણી સાથે છે, પરંતુ જ્યારે આપણી સામે આવશે ત્યારે જગતને મોં બતાવવાને લાયક પણ નથી રહેવાના ! આ ચોખ્ખી અને સો ટકા સાચી વાત છે. મારા જીવનભરના પુરુષાર્થ અને પરિશ્રમને આધારે એટલું ચોક્કસ કહી શકીશ કે, થોડા સમય માટે પ્રજાને બેવકૂફ બનાવી શકાય. પરંતુ જેટલી આપણે ખોટી

રીતો અને રસમો શરૂ કરી છે, તે ગુણાકાર સાથે આપણને પાછી મળવાની છે. આપણે એવી પ્રથાઓ પ્રસ્થાપિત કરવાની કોશિશ કરી છે જેનું ન તો કોઈ ઠામ છે કે ના તેનું કોઈ ઠેકાણું. કહેવત છે, ''ઝાંઝવાના જળ જેવો ભ્રમ ઊભો કર્યો જે મૃગને થાકી-હારી મૃત્યુને નોંતરે છે. તેમ આપણા અવિચારી નિર્ણયોથી દેશને ન પૂરી શકાય તેવું ભયંકર નુકસાન થઈ રહ્યું છે. આજે આપણા ૧૩૮ કરોડ ભારતવાસીઓની સ્થિતિ કંઈક આવા પ્રકારની થઈ છે. આપણે ક્યાં સુધી અન્યને દોષ દઈશું ? ક્યાં સુધી સર્વોચ્ચ સ્થાન પર બેઠા પછી પણ આવા વિચાર આવે તે મને સમજાતું નથી. શું મેં મારી જિંદગીનાં અણમોલ ૩૫ વર્ષ ખર્ચ કર્યાં છે મારી યુવાનીનાં હું હિસાબ માંડવા બેસું છું ત્યારે મને થાય છે. 'જાગ્યા ત્યારથી સવાર' આ સમયને અને વિચારને પકડીને ચાલવું છે.

દેશને મજબૂત કરવાની આપણી પહેલી અને મુખ્ય ફરજ છે. જેમાં માનવતા પણ જીવતી રહેવી જોઈએ, એટલી જ આવશ્યકતા છે. આને પ્રથમ નંબર પર રાખીએ તેમાં મારું, તમારું અને આપણું બધાંનું ભલું સમાયેલું છે. જેણે ભલું કરવું હોય છે તેને ભલાનો જ વિચાર આવતો હોય છે. આ ભલાઈ થકી પરિબ્રહ્મ સુધી જવાય છે. પરંતુ તેમાં મોટી શરત એ છે કે, આપણે આપણને ઓળખીએ અને તેને અનુસરીએ તો કણથી મણ અને મણથી રણ સુધીની સફર સરળ અને સ્વીકૃતિથી ભરેલી બનશે. તેના માટેની પ્રથમ અને અંતિમ શરત એ છે કે, આપણે પહેલાં માનવતાને વરીએ. માનવી તું માનવ થા તો ઘણું - આ જ જીવનનું સત્ય છે. સત્ય ક્યાંય શોધવા ગયે મળવાનું નથી. તેને તો તમારે જાતે પકડવું પડશે અને જે સત્યને પકડશે તેને ના તો અગ્નિ બાળી શકશે, ના તેને પાણી પલાળી શકશે, વાયુ તેને વિચલિત કરી શકશે નહીં. સત્યને ના આકાશ ઓગાળી શકશે, ના પૃથ્વી તેને ધરબી (દાટી) શકશે. સત્ય હંમેશા સત્ય જ રહે છે. સત્યને ક્યારેય સમાપ્ત કરી શકાતું નથી. સત્ય તે સત્ય જ હોય છે. આપણે સૌ સત્યની રાહ પર ચાલવાની

કોશિશ કરતાં રહીશું તો, આપણને આપણી મંજિલ ચોક્કસ પ્રાપ્ત થશે. સત્ય સર્વોપરી છે. સત્યની સાથે રહેનાર હંમેશાં પૂજનીય હોય છે. જે પૂજનીય હોય છે, પર-આત્માની ચિંતા કરનારને પરમાત્મા પોતાનો ગણતો હોય છે : આપણી પાસે એક આત્મા છે. તેને હું જગાડવા માગું છું. જે સૌનો છે તે સ્વર્ગનો છે. સ્વર્ગનો છે તે સહુનો છે. આપણે પણ સહુના બનીએ. તો જ સ્વર્ગ-સત્ત્વ અને સાતત્યને પામી શકીશું. આના માટે 'સ્વ'ને બાજુ પર મૂકી સમગ્ર 'સંસાર'ના બનવાની જરૂર છે. આનો પ્રયાસ આપણે અત્યારથી શરૂ કરીશું તો જ ઢળતી જિંદગી સુધી તેની નજીક પહોંચી શકીશું. એ તરફ ડગલાં ભરવાં પડશે. 'ડગલું ભર્યું તે ના હઠવું,' તેમ ડગલાં ભરવાની શક્તિ અને સામર્થ્ય કેળવવાં પડશે. આવું સામર્થ્ય કેળવશું તો કોઈ પણ સંજોગોમાં પાર ઊતરશું.

દુનિયામાં જીતનાર જ પૂછાતા હોય છે અને પૂજાતા હોય છે. તેમના સ્પર્શની અસર દુનિયાને થતી હોય છે. દુનિયામાં જીતનાર જીવતા હોય છે, તેને જગત યાદ કરતું હોય છે. તેવા સિમ્બોલ ઓફ નોલેજના ધણી એટલે ડૉ. બી. આર. આંબેડકર. રાખમાંથી 'રતન' સુધીની સફર આપણને ઘણું કહી જાય છે. આ રતને માનવીને માનવીય હકો અપાવવા માટે પૂરી જિંદગી ખર્ચી નાખી. જ્યાં સુધી માનવીય હકો અપાવ્યા નહીં ત્યાં સુધી, એક પણ પળ શાન્તિથી બેઠા નહીં કે સૂતા નહીં, સતત સમાજને હથોડા મારતા રહ્યા. કોઈ અલૌકિક લાભ માટે નહીં પણ સર્વેની સુખાકારી માટે સતત ને સતત સમગ્ર ભારતીયોને જગાડતા રહ્યા. તેમની વાત ગમે કે ન ગમે, પણ સાચી દિશામાં અને સત્યના પ્રવાહને પકડી તે રસ્તે આગળ વધતા રહ્યા. ઘણી વિટંબણાઓ વચ્ચે, ઘણા અવરોધો અને આંધી વચ્ચે પણ તેમણે તેમનો માર્ગ પકડી મંજિલ પહોંચ્યા નહીં ત્યાં સુધી વિશ્રામને નજીક પણ આવવા દીધો નહોતો. આવા 'મહામાનવ' ડૉ. ભીમરાવ આંબેડકર વિશ્વના પટલ પર પ્રસ્થાપિત થયા છે. તે મહામાનવના આપણે સૌ અનુયાયી છીએ. આપણી

કેટલી મોટી જવાબદારી બની જાય છે. તેના માટે હું હંમેશા કહું છું સમાજમાં પ્રવર્તતા ખોટનું સ્થાન અંતે ખોટ જ રહેવાનું પણ નાના સમાજના માણસની એક નાની અમથી ભૂલ તેને માફ કરશે નહીં, એટલે આપણું એક એક ડગલું વિચારીને મૂકવું પડશે. જ્યારે વરસોથી સ્થાપિત સમાજ માટે નિંદનીય બાબત થવા છતાં, સહજતા બની રહે છે તેના હજારો પ્રમાણ છે. એટલે ઊંચનીચના ખાનામાં વહેંચાયેલ સામાજિક સ્થિતિમાં નાના માણસની સોયના નાકા જેટલી પણ ચૂક માફ કરવામાં નહીં આવે, માટે સત્યની નજીક રહેવાથી ખુદને બળ મળે છે, જેની આભા પ્રગટ થયા વિના રહેતી નથી. એક દિવસ તેનો પ્રકાશ અંધારાને ઓગાળી નવી દિશા, નવો માર્ગ કંડારશે તેવી મને શ્રદ્ધા છે.

• • •

# ૪. સમાજ-સમાજ વચ્ચેનો ભેદ

**આ** દેશમાં સૌ પ્રથમ Jeep જે મિલિટરી ફોર્સ માટે ખરીદીમાં ગોટાળો થયો હતો, ત્યારે કૃષ્ણ મેનન રક્ષાને લગતો વિભાગ સંભાળી રહ્યા હતા. ત્યાર પછી અનેક કૌભાંડો આપણી સામે આવ્યાં છે. આવાં કૌભાંડોમાં એક વાત કોમન જોવા મળે છે. જેટલાં કૌભાંડો થયાં છે, તેને નથી દેશ પ્રત્યે કે દેશવાસીઓ પ્રત્યે લાગણી. કહેવત છે કે વર મરો, કન્યા મરો પણ ગોર મા'રાજનું તરભાણું ભરો ! આવી બાબતો હવે ન બને તેના માટે આપણા શાસનકર્તાઓ ખૂબ જ કાળજીપૂર્વકનું કાર્ય કરશે તો જ કંઈક અંશે સુધારો થશે. ઘણા બુદ્ધિજીવી વર્ગને એક સામાન્ય અસર થશે કે, આ તો કઈ બાબતો લઈને આવી રહ્યા છે. અને તે પણ આજના સમયે તેની કોઈ પણ પ્રકારની અસર નથી તો શા માટે આવા શબ્દોની સરવાણીઓ વહેવડાવવામાં આવી રહી છે ? આવી બાબતો આપણે નહીં પકડીએ તો સમય અને શરીર બન્ને જતાં રહેશે. પણ સાચી બાબતો સમયસર મૂકવામાં ઊણા ઊતરશું તો આવનારી પેઢી આપણને માફ નહીં કરે. આપણે આવનારી પેઢીને શું આપવા માંગીએ છીએ એ પણ આપણે નક્કી કરવું જ રહ્યું.

આવનારો યુગ ડિજિટલ યુગ છે. જેનો ખૂબ જ પોઝિટિવ ઉપયોગ કરી સમાજની અને રાષ્ટ્રની પ્રગતિ, વિકાસ અને વૈભવમાં વધારો થાય તેમ છે. તેમાં પણ મારા સમાજનો વિકાસ અને વિસ્તાર મારા અને મારા જેવું વિચારવાવાળાઓ માટે પ્રથમ ક્રમે છે અને રહેશે. જેમાં કોઈ પણ પ્રકારનો બાધ ક્યારેય અને કોઈ પણ સંજોગે સ્વીકારવામાં આવશે તો આપણે આપણા સમાજનું ખૂબ જ પાપ કર્યું ગણાશે. પાપ અને પુણ્યના વિચારોથી ઉપર ઊઠી સમાજહિત અને રાષ્ટ્રહિતના

વિચારોને આપણે હવા અને હવનના મારાથી આગળ લઈ જવું પડશે. હવા સૌના માટે સરખો વહેવાર કરે છે તેમ, આ સમાજ પણ સંપૂર્ણ સમાજ પાસે સારા અને સરખા વહેવારની અપેક્ષા રાખી રહ્યો છે. તેની ઉત્કંઠાનો અંત ક્યારે અને કેમ આવશે તે ના સાધુ કહી શકે, ના સંત કહી શકે, ના ફકીર કહી શકે, ના પૉપ કે પયગમ્બર કહી શકે, ના તો આ દેશના કાયદા ઘડનાર સંસદના સર્વોત્તમ સ્થાન ઉપર બેઠેલ વ્યક્તિ કહી શકે.

આ પ્રકારનો ઉચાટ મનમાં આવે છે તો તે સમજાતું નથી કે, કયા પ્રકારના સમાજ-સમાજ વચ્ચેના ભેદ ઘર કરી ગયો છે. જે દૂર કરવા માટે કેટલા યુગની તપસ્યા કરવી પડશે, તે ૧૩૮ કરોડમાંથી એક પણ વ્યક્તિ કહી શકે તેમ નથી. છતાં અનેક પ્રકારનાં બુદ્ધિપૂર્વકનાં ષડયંત્રો, નવા-નવા સ્વરૂપે સામે આવી રહ્યાં છે. હજુ આઝાદીનાં ફળ છેવાડેના સમાજ સુધી પહોંચ્યાં નથી અને તે કેમ અને કેવી રીતે અટકે તેના માટેની યોજના થઈ રહી છે. કહેવત છે હાથીના દાંત ચાવવાના અને બતાવવાના જુદા, તેમ સાથે રહી સારી વાત કરી સમાજને અઢારમી સદીમાં કેમ પાછો જતો રહે તેવા પ્લાનિંગ મુજબના પ્રયાસો અનેક સ્વરૂપે થતા જોવા મળી રહ્યા છે. ઘણાં સંગઠનો તો ફક્ત અને ફક્ત એક વર્ગ એક સમાજ માટે કાર્ય કરી રહ્યાં હોય તેવું સ્પષ્ટ ચિત્ર જોવા મળે છે. આ વૃત્તિના કારણે તે દેશનું ભલું કરી રહ્યા નથી પણ દેશને ભયંકર નુકસાન કરી રહ્યા છે. આ બાબતની તેમને જાણ છે, જેમાં મને જરા પણ શંકા નથી. કારણ કે, જે સમાજની જઠરાગ્નિ ઠંડી કરવા માટે મુઠ્ઠી દાણા ન મળે અને એક તરફ ધનને કેમ ક્યાં સંઘરી શકે તેવી વ્યવસ્થા થતી રહે તેવી તસવીરો સામે આવે છે. શું આને આઝાદી કહીશું ? શું આના માટે ક્રાંતિકારી વીરોએ શહાદત વહોરી હતી ? શું આના માટે નવયુવાનોએ બલિદાનો આપ્યાં હતાં ? શું આના માટે ઉધમસિંહ ધિંગરા, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુખદેવ, રાજ્યગુરુ તેમજ અસફાક ઉલ્લાખાન જેવા વીરપુરુષો ફાંસીને માંચડે ચડ્યા હતા ? આ ગંભીર નહીં પણ અતિગંભીર બની રહ્યું છે. તેને રોકવામાં

જો આપણે ઊણા ઊતર્યા તો સમય સાથ નહીં આપે. માટે સમય સાથે અને સમયસર કાર્ય કરવાની ખૂબ જ આવશ્યકતા છે.

પરિશ્રમ, પુરુષાર્થ અને પ્રારબ્ધ સાથે સરવાળો કરો ત્યારે, પરિણામ મળતું હોય છે. પરિણામની મૂલવણી એક કાર્યને આધારે થતી નથી પરંતુ તેના માટે તમારે સતત પરિશ્રમની પરાકાષ્ઠાએ પહોંચવું પડતું હોય છે. જે વ્યક્તિ કે સમાજ પરાકાષ્ઠાએ પહોંચે છે તેને પરિણામ પ્રાપ્ત થાય છે. પરિણામ લાવનાર વ્યક્તિ હોય કે સમાજ, તેને લોકો યાદ કરતા હોય છે. પૂરી જિંદગી અર્પણ કરનાર કર્મયોગી પુરુષને સમાજ કે રાષ્ટ્ર યાદ રાખતો હોય છે. આવી વિરલ વ્યક્તિ પ્રથમ પંક્તિમાં આગળ હોય તેવું આવનારા સમયમાં નજરે ચડશે કે કેમ તે પ્રશ્નાર્થ છે.

વિશ્વમાં અનેક મહાનુભાવો, મહાપુરુષ અલગ-અલગ પ્રકારનાં કાર્ય અને કર્મના પરિણામ સ્વરૂપે પહેલી પંક્તિઓ સુધી પહોંચ્યા છે અને પૂજનીય બન્યા છે, એકવીસમી સદીમાં જેના સૌથી વધુ followers છે, જેને જ્ઞાનના ધનપતિ કહ્યા છે, જે સર્વાંગી વિકાસની દૃષ્ટિના પ્રેરક પ્રણેતા હતા, જેણે સ્વ કરતાં સમષ્ટિને કેન્દ્રમાં રાખી, કર્મ અને કાર્ય કર્યું તેવા મહામાનવ ડૉ. ભીમરાવ આંબેડકરની વિશ્વની મહાન વિભૂતિ તરીકે ગણના થાય છે. એમની મહાનતાનાં વખાણ આપણા કરતાં વિદેશીઓ કરતાં થાકતા નથી ! એટલે એમની વિદ્વતાનો અભ્યાસ ઠેર ઠેર કરવામાં આવી રહ્યો છે. તો આ ભીમાબાઈનો જાયો. જગવિખ્યાત જનનીનો જાયો બન્યો છે. આ જનનીના જાયાએ તમામ વર્ગની મહિલાના મુક્તિદાતા, મજૂરવર્ગના મુક્તિદાતા, ગરીબવર્ગના મુક્તિદાતા, અનુસૂચિત જાતિવર્ગના મુક્તિદાતા, અનુસૂચિત જનજાતિવર્ગના મુક્તિદાતા, જેને માનવતાનાં મૂલ્યો અપાવવા કલમમાં કંડાર્યાં, સંવિધાનમાં સમાવ્યાં અને સરકારમાં સુચારુ પદ્ધતિથી અમલ કરાવવા બે વર્ષ અગિયાર મહિના અને ૧૮ દિવસમાં ભારતની વર્તમાન અને ભાવિ પેઢીના ભલા માટે કાર્યપદ્ધતિઓ સુનિશ્ચિત કરી હતી. નરસિંહ જેવા કોઈક નાગર હોઈ શકે, મોહનચંદ કરમચંદ ગાંધી જેવા કોઈક વણિક હોય શકે, સર સયાજીરાવ

ગાયકવાડ તેમજ શાહુજી મહારાજ જેવા મહારાજ હોઈ શકે, તો આંબેડકર જેવા દેશપ્રેમી કોઈ ભાગ્યે જ હોઈ શકે ! પ્રથમ પંક્તિના મહાપુરુષ બનવા માટે એમણે જે શ્રમ કર્યો તે નજર સમક્ષ રાખશો તોય તમારા જીવનનો બેડો પાર થઈ જશે. રાષ્ટ્રના ઘડતરમાં જેમણે મહત્તમ યોગદાન આપી જીવન અર્પણ કર્યું છે તેવા મહાનુભાવોને દેશના કલ્યાણ માટે સમાજ-સમાજ વચ્ચેનો ભેદ દૂર કરી દેશની સંપ્રભુતા અખંડ રાખવા તાતી જરૂર છે.

• • •

# ૫. માણસ બનવું પડશે

**ક**હેવા માગું છું કે, હું જ્યારે-જ્યારે મારા ઘરે હોઉં તે સમયે, મને ખબર છે તે પ્રકારે અને પ્રમાણે પૂજા-અર્ચના કરું છું. શંકર ભોળાનાથ ભગવાનનું ડમરુ વગાડી મારી ઈન્દ્રિયોને સતેજ કરું છું. મને મળેલ જ્ઞાન પ્રમાણે શ્લોક બોલી શક્તિનો સંચાર કરવાની કોશિશ કરતો હોઉં છું. મારું ઘર જ મારું મંદિર છે. છતાં હું મંદિરે પણ જાઉં છું. લગભગ ભારતનાં સુપ્રસિદ્ધ મંદિરોનાં દર્શન કર્યાં છે. હું મંદિરમાં જાઉં છું. જે મંદિરમાં આપણને શાંતિનું વાતાવરણ મળે, જેની આપણે સૌ પૂજા કરીએ છીએ, તેમણે શું-શું સારાં કર્મો કર્યાં અને કાર્ય કર્યાં, જેથી તેમને મંદિરમાં સ્થાન મળ્યું ? આ કુતૂહલને કારણે હું મંદિરમાં જાઉં છું. આ વિશ્વને ચલાવનાર સત્તાનો હું સ્વીકાર કરું છું. દંતકથાઓ મુજબ ભગવાનોએ કરેલાં કાર્યો કરવા આપણે પણ સક્ષમ છીએ, તેવી ભાવનાથી હું મંદિરમાં જાઉં છું. હું સારા કર્મ કરી શકું કારણ કે, સમગ્ર સૃષ્ટિમાં હું પણ એક જીવ છું. જીવનની સાર્થકતા સુધી પહોંચવાનો પ્રયત્ન કરું છું.

મંદિરમાં જે ભગવાન કે પૂર્ણપુરુષોત્તમને નવા-નવા વાઘા, પુષ્પ અને શૃંગાર સજાવતાં આપણે જોઈએ છીએ એ મંદિરમાં બિરાજમાન મૂર્તિ આપણને એક સુંદર સંદેશ આપે છે : ‘‘અમે અહીં અમારાં કર્મોને આધારે પહોંચ્યા છીએ. આ કર્મ તમે પણ કરી શકો. પણ પૂર્વશરત એટલી છે કે પહેલાં તમારે માણસ બનવું પડશે. તમારામાં માનવતા લાવવી અને તેને સૌ પ્રથમ સ્થાને મૂકવી પડશે, નહીં ત્યાં લોભ હોય કે લાલચ હોય, નહીં ત્યાં દ્વેષ હોય, દુરાચાર હોય, નહીં ત્યાં ક્રૂરતા હોય, નહીં ત્યાં કટ્ટરતા હોય, નહીં ત્યાં અહમ્ હોય, નહીં ત્યાં અત્યાચાર હોય, નહીં ત્યાં દૃષ્ટિમાં વાસનાભાવ હોય, ફક્ત ને ફક્ત તમારામાં સમભાવ હોવો, પરંતુ કેટલાંક પુરુષો પોતાનો કક્કો સાચો રાખવા માટે જે તેમની સાથે વહેવારમાં

તેમને ન ગમતા વિચારો જ્યારે અન્ય માટે વાપરવામાં તેમને કોઈ પણ પ્રકારની મર્યાદા નડતી નથી. શું કામ તે પરમ તત્ત્વ તેમના પૂરતું સીમિત છે. તે જ આ વિશ્વમાં પરમ જ્ઞાની પુરુષ છે. પરંતુ તેને દરિદ્ર વ્યક્તિમાં નારાયણનાં દર્શનની વાત મૂકીશું ત્યારે તે લગભગ અનુત્તર બની જશે.

દરિદ્ર વ્યક્તિ, દરિદ્ર સમાજ કે દરિદ્રતામાં પરમતત્ત્વને અલગ-અલગ કરીને આપણને પીરસવાની કોશિશ કરવામાં આવશે ત્યાં, સવાલ ઉપસ્થિત થવો સ્વાભાવિક છે. મનુષ્યમાત્રમાં ઈશ્વરનો વાસ છે. તો પણ આપણે આપણી અનુકૂળતાના હિસાબે ચોકઠાં સેટ કરવામાં માહિર બની ગયા છીએ. મેં તો ઘણાં મંદિરની બહાર ગરીબ - Beggarsને જોયાં છે અને ઘણાં મંદિરની આગળ Beggarsને ભગાડી મૂકવામાં આવે છે તેવાં દૃશ્યો પણ જોયાં છે. તે વાત આપણે સ્વીકારવી જ રહી. નહીં સ્વીકારવાની સંખ્યા સિંગલ ડિઝિટમાં પણ નહીં હોય. તેની સંખ્યા આપણા દેશના મહાન વ્યક્તિએ વિશ્વને શૂન્યની ભેટ આપનાર આર્ય ભટ્ટના સંશોધન જેટલી જ હશે. તેમ કહેવામાં જરા પણ ખોટું નથી. આપણે એક વિદ્યાલય બનાવવું અઘરું પડે છે. એક મંદિર બનાવવું આ દેશમાં સરળ અને સ્વાભાવિક બની ગયું છે. વિદ્યાલય બનાવવાં ખૂબ જ મુશ્કેલ છે પણ મંદિર બનાવવું સસ્તું બની ગયું છે. જો તમે આવા મંદિરના મઠાધિપતિઓને એરણ પર મૂકશો તો પિત્તળ જ દેખાશે. આ બહુજ્ઞાનીઓને હજમ થશે નહીં, પરંતુ આ દેશને અંધશ્રદ્ધા-અવિશ્વાસ, અરાજકતાનો દેશ નથી બનાવવો. આપણે દેશને વિજ્ઞાનનો, વિચારોનો અને વિશ્વને જ્ઞાન આપી શકે તેવી શક્તિઓનો દેશ બનાવવો છે. છતાં અજ્ઞાનતા અને અજ્ઞાનતા પ્રસારવાનું જે કાર્ય ચાલે છે તે સમાજ માટે, કે રાષ્ટ્ર માટે સાચું અને સારું નથી. સરવાળે આવી વસ્તુ સમાજ માટે અને દેશ માટે ઘાતક સાબિત થશે; માટે સૌ - સૌપ્રથમ માણસ બનીએ. સોના જેવી વાત અસંભવ લાગશે.

• • •

# ૬. મનોવૃત્તિ

**મ**હાભારતમાં શ્રીકૃષ્ણ ભગવાનની વાતને આપણે સૌ અલગ-અલગ સ્વરૂપે વર્ણન કરતાં રહ્યાં છીએ. શ્રીકૃષ્ણ એટલે કર્મવીર. ધર્મવીરના દાખલાઓ જોઈએ તો મહાભારતમાં કુંતીમાતાના ભત્રીજાના સ્વરૂપે તે પ્રગટયા છે. તેમણે તેની ફોઈના પરિવાર ઉપર થયેલા અન્યાય નિવારણ માટે અઢાર દિવસના કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધના (અર્જુન) સારથિ બની, કાવા-દાવા, દંડ-ભેદના અલગ-અલગ સ્વરૂપે કાર્યને પાર પાડનારના દર્શન કરાવ્યું છે. તેના ઉપરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે કે જે પક્ષે-શ્રીકૃષ્ણ તે પક્ષે વિજય નિશ્ચિત છે, પરંતુ આ બધી બાબતો ઉપર શું માત્ર ભગવાને એક પરિવારના ઉદ્ધાર માટે જ જન્મ લીધો હતો જેમાં કૌરવ અને પાંડવો બન્ને પરિવારની ગાથાના અધારે આખુંય મહાભારત ખેલાયું અને બે પરિવાર માટે લાખો પરિવાર, લાખો લોકોનો સંહાર કરવામાં આવ્યો. આ ગાથાને આપણે અલગ સ્વરૂપે પ્રમાણવી ઘટે.

ખરું સત્ય શું હોઈ શકે? ખરી વાત શું હતી ? ખરા અર્થમાં આપણે આવા ગ્રંથોને  જીવનમાં ઉતારવાનું કાર્ય કયું છે કે ફક્ત વાર્તા તરીકે સ્વીકારી વાગોળીએ છીએ. શું આમ કરવાથી રાષ્ટ્રનું ભલું થશે ? કે ભલું થવાનું છે ? જવાબ આપણી સૌની સામે છે. અનીતિ, અત્યાચાર, આડમ્બર, અહંકાર, અતિવાદ જ જોવા મળે છે. ધર્મગ્રંથના પાયામાં સત્ય હોવું જોઈએ. આ મહાન ભારતના મહાન રાષ્ટ્રને સૌથી ખરાબ સ્થિતિમાંથી પસાર થવાનો વારો આવ્યો ન હોત ? શું આના માટે આ રીતે મહાન રાષ્ટ્રની ભૂમિકા ભજવી શકવા આપણે શક્તિમાન થઈશું ? તો જવાબ ના-માં જ આવશે. ભારતીય તરીકે ક્યારેય આપણને મંજૂર હોઈ શકે નહીં ? તો પછી આપણે સૌ કર્મકાંડ, ધર્મકાંડ અને ધર્મગ્રંથો વેદ, ઉપનિષદની ફક્ત વાતો

જ કરી રહ્યા છીએ. હાલનો જે સર્વે આવ્યો તેમાં ભારત ભ્રષ્ટ રાષ્ટ્રોમાં-ભ્રષ્ટાચારમાં બીજા દેશો કરતાં ઘણો આગળ છે. નીતિમત્તાનાં ધોરણો આપણે ગુમાવી બેઠાં છીએ છતાં આપણે ‘ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન’ જેવી મનોવૃત્તિ ધરાવીએ છીએ. આવી સ્થિતિમાં ધર્મ ક્યાં ? ધર્મના પાયાના સિદ્ધાંતો ક્યાં ? જે મનોવૃત્તિનું નિર્માણ જોવા મળે છે તે એક દિવસનું કાર્ય નથી. ખોખલી માન્યતા ધરાવતી મનોવૃત્તિ શા કામની !!! આવી મનોવૃત્તિ સરવાળે સમાજને છિન્નભિન્ન કરી નાખે છે.

• • •

*સમાજની મનોવૃત્તિ દેશની વાસ્તવિકતા પ્રગટાવતી હોય છે. જે સરવાળે દેશની કહેવાતી મહાનતાને ખુલ્લી પાડતી રહે છે.*

# ૭. સુવર્ણ અક્ષરે લખવું

**આ**પણે આઝાદીના શહીદ વીરોને યાદ કરીએ છીએ. પરંતુ તેમાં પણ આપણી મનોવૃત્તિ કયા પ્રકારની છે ? જે વીરે શહાદત વહોરી તેવા વીરપુરુષ પ્રત્યે સમભાવ, સમદૃષ્ટિ જ હોવી જોઈએ. एसे वीर पुरुषो जीसने आजादी की लडाई लडी और दोसो अंग्रेजो को मौत के घाट उतार दिया था और १८-०९-१८५७ के दिन उसको कानपुर के चौराहे पर फांसी दी गई थी। उस वीर क्रांतिकारी योद्धा का दुर्भाग्यवश कहीं भी नाम नहीं है। उन्होंने अपने हाथ से इतिहास को लिख डाला अपने लहु से ऐसे वीरनर योद्धा 'गंगू भंगी' को इस लिये अन्य क्रांतिवीरो से आगे पहली पंक्ति देने की जरूरत है जो सबसे लास्ट पंक्ति में आने वाला समाज में से है।

બસો કરતાં વધારે અંગ્રેજોનો ખાત્મો બોલાવનારા હિન્દુસ્તાનમાં કેટલા યોદ્ધા હશે ? એક પણ નહીં. પરંતુ આ નર-વીર 'ગંગુ વાલ્મીકિ'એ અંગ્રજોનો ખુરદો બોલાવી દીધો હતો. જેથી તેને જાહેર ચોરા પર ફાંસીના માંચડે ચડાવી દેવામાં આવ્યો હતો. છતાં ઈતિહાસના પૃષ્ઠો પર તેનું નામ અંકિત કરવામાં આપણો દેશ ઊણો ઊતર્યો છે. આવી મનોવૃત્તિથી જ ભારત તાકાતહીન બની ગયું છે. અશફાકઉલ્લા-ખાન, બિરસામુંડા, ઉધમસિંહ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદને યાદ કરીએ પણ સાથે આવા વીર યોદ્ધાને પણ યાદ કરવાની જરૂર છે. આ મહાન વીર ક્રાંતિકારી ગંગુ વાલ્મીકિને, સૌ હિન્દુસ્તાનીને ગૌરવ અપાવનારને યાદ કરીએ. આવા વીર ક્રાંતિકારીઓને શત્ શત્ નમન કરીએ. આ દેશ આઝાદ થયો છે તેમાં તમામ વર્ગે બલિદાન આપ્યું છે, તમામ કોમે બલિદાન આપ્યું છે, હર હિન્દુસ્તાનીએ આ ભારતમાતાને તેના લોહીની અંજલી આપી છે, ત્યારે આ દેશ આઝાદ થયો

છે. આપણે સૌ આઝાદ ભારતમાં શ્વાસ લઈ રહ્યાં છીએ. આ આઝાદી આપનાર વીર ક્રાંતિકારીઓના વર્ગને આપણે ઈતિહાસના પૃષ્ઠો પર લઈ જવાની જવાબદારી, સાથે મળીને ઉપાડવી જોઈએ. આ માટે કોઈ સંશોધન કરશે, વ્યક્તિ કે વર્ગના લોકો દ્વારા આગળ આવી રાષ્ટ્ર સામે મૂકવી એ આપણી નૈતિક જવાબદારીઓ છે. આ વીર પુરુષોના જીવનને આપણે સ્પર્શ કરવો પડશે. ગંગુ વાલ્મીકિ એવા વર્ગમાંથી આવે છે, જે વર્ગના આવા પરાક્રમી પુરુષનું નામ ભારતવર્ષમાં સુર્વણ અક્ષરે લખવું એ નૈતિક ફરજ છે. પણ સવાલ એ ઉપસી આવે છે કે સ્વતંત્રતાના સેનાની ગંગુ વાલ્મીકિને કેમ ભૂલાવી દેવામાં આવ્યો છે. આપણી માનસિકતાના કયા ખાનામાં કયું કેમિકલ કામ કરે છે કે, દેશ માટે બલિદાન આપનાર નીચેના વર્ગના માણસને મહત્વ આપવામાં કેમ ઊણા ઉતરે છે ? દરેક જગાએ આ જ સ્થિતિ જોવા મળે છે. આવા વીર-શહીદોનું નામ આપણે જ સુવર્ણ અક્ષરે લખવું પડશે તે સમયની માંગ છે.

• • •

# ૮. બદલાવની સંભાવના

**य**ह कोई नहीं कह सकता के भविष्य क्या लेकर आयेगा ? कुछ विश्वास के साथ हम इतना कह सकते हैं कि विश्व की भावि नीतिओं में भारत की एक निर्णायक भूमिका (रोल) होगी । यही विश्वास के साथ हमें आगे बढना होगा। विश्वगुरु बनने की हमारे मन में और भारतवर्ष-भारतियो के मन में ईच्छा है, यह तभी संभव हो पायेगा जब हम सब एक हो । हम सब माला में बने हुए १०८ पारा सरीखे हो, तभी संभव है । यही विचार निःसंदेह भारत को गौरवपूर्ण बना शकता है । आज भारत की जो स्थिति है और बहुत नाजुक दौर से गुजर रही है । हमारी अपनी बहोत सी समस्याए है लेकिन उनके बावजूद हमें आगे बढना है । जब विश्व में सबकुछ बदल रहा है तो भारत में भी बदलाव की संभावना है यह सोचकर हमें आगे बढना होगा । भारत में सामाजिक असमानता की समस्या का कोई हल न निकला और जानबुझकर सामाजिक ढांचा खडा कर दिया है । जो अभी तक दबे हुए थे और जिनके पास विकास के अवसर लगभग शून्य थे, हम को भी इस समस्या का हल ढूंढना होगा । वर्ना आज तक पूरे समाज में (ज्ञाति) जाति जाति के बिच जहर उबाला जा रहा है । ना ये देश के लिए अच्छा है ना देशवासीओं के लिए अच्छा है । फिर भी यह खेल हम खेल रहे हैं।

દેશમાં હાલ સર્વે આવ્યો છે. જેમાં, एशियन देश बांग्लादेश, नेपाल, श्रीलंका और म्यांमार में जो गरीबी-भूखमरा है, उससे ज्यादा हमारे देश में गरीबी और भूखमरी है । पहले भारत विश्व के अन्य देशो में ५५ पाइदान पर था, पर अब उसकी गीनती विश्व के गरीब देशों में १०३ नंबर पर है। और, देश की आर्थिक स्थिति और Deliver to poor people, और कहीं न कहीं हमारी गलत नीतिओ के कारण ऐसा हुआ होगा ऐसा प्रतीत है । जो देश अपनी आर्थिक और सामाजिक

नीतिओं को सही तरह से लागु नहीं कर पाते तभी ऐसी स्थिति का निर्माण हुआ करता है ।

'ડૉ. બાબાસાહેબ કહતે થે કી યદી આપ રાષ્ટ્ર કી પ્રગતિ ઔર ઉનકે વિકાસ કે બારે મેં સોચ રહે હૈ, તો પહલે અપને આપકો ઉન બાતોં પર ગૌર કરના હોગા અતિ આવશ્યક હૈ.'

શિક્ષણ વિશે મહારાષ્ટ્ર વિધાનસભાના પ્રથમ ભાષણ માર્ચ ૧૯૨૭માં તેમણે કહ્યું ''સામાન્ય માણસ માટે શિક્ષણ સુલભ બને તેવી વ્યવસ્થા કરવી જોઈએ. નીચલા વર્ગ માટે શિક્ષણ ખર્ચાળ હોવું જોઈએ નહીં. નીચલા વર્ગોને ઉપલા વર્ગોની સમકક્ષ લાવવા માટે તેમને સવલત આપવી જોઈએ. પાંચ અને દસની સંખ્યાને બેના આંકડાથી ગુણવામાં આવે તો ગુણાકાર ૧૦ અને ૨૦ આવશે, માટે પાંચને બેથી અને (૧૦) દશને એકથી ગુણવા જોઈએ, એટલે નીચેના વર્ગને પૂરેપૂરી સવલતો આપી, તેમને ઉપલા વર્ગોની સમકક્ષ લાવવા જોઈએ. એમ કરવું એટલે જ સમાનતા.''

ભારત દેશ આઝાદ થયો હતો, તે સમયે રાષ્ટ્રમાં ચાર વર્ણ જોવા મળતા હતા પરંતુ આઝાદ ભારતના ૭૫ વર્ષના પ્રવેશ સમયે ભારતમાં ચાર શ્રેણીમાં વિભાજિત વર્ગ આજે નાના-નાના કસબામાં લગભગ ત્રણ હજારથી અધિક વર્ગમાં વિભાજિત જોવા મળે છે. આપણે આપણા દેશની રાષ્ટ્રીય ભાવનાઓ ઉજાગર કરવામાં અન્ય રાષ્ટ્ર કરતાં ખૂબ જ પાછળ રહ્યાં છીએ, તે સત્ય અને સાચી વાત સામે આવી રહી છે. આવી ગતિવિધિ કોઈ પણ રાષ્ટ્ર માટે સારી ક્યારેય બની શકે નહીં. આ પ્રકારના વિભાજિત વર્ગો સમાજ તેમજ રાજ્ય અને રાષ્ટ્ર માટે હાનિકારક અને ઘાતક બની શકે છે તે સૌએ સ્વીકારવું રહ્યું. પરંતુ રાષ્ટ્રપૂજા કે રાષ્ટ્રભક્તિ કરતાં વ્યક્તિ પૂજાની બોલબાલા આ રાષ્ટ્રને ભયંકર નુકસાન કરી રહી છે. જો આવી બાબતો પરથી બોધપાઠ નહીં લઈએ તો, રાષ્ટ્રને ભયંકર નુકસાન થશે, જેની ભરપાઈ કરવી ખૂબ જ મુશ્કેલ નહીં પણ, નામુમકીન થઈ શકે. છતાં આપણે કોની રાહ જોઈ આવી બાબતો પર વિચારવાનું જ માંડી વાળ્યું હોય તેવું

લાગે છે ! છતાં જો આવી દિશામાં આ દેશ આગળ વધતો રહ્યો તો વર્ગ-વર્ગ, સમાજ-સમાજ વચ્ચેની ખાઈ પહોળી થતી જશે અને તે ખાઈ પૂરી શકે તેવા મહાપુરુષ હવે જન્મ લેશે કે કેમ, તે એક મોટો પ્રશ્ન ઊભો થાય છે.

અંગ્રેજો ભારતમાં આવ્યા તે સમયને યાદ કરવો રહ્યો. તે સમયે નાનાં-નાનાં રજવાડાંઓનો તેઓ કબજો કરતા ગયા અને રાજાઓને ખંડિયા રાજા બનાવતા ગયા. તે સમયે તો ૫૬૫ રજવાડાં હતાં. તેની સામે આજે ભારતની ભૌગોલિક સ્થિતિ અને સમાજ-સમાજ વચ્ચેની ખાઈ ૩૦૦૦ હજાર જ્ઞાતિસમૂહમાં વહેંચાયેલા સમાજ વચ્ચેની (ખાઈ) ફૂટને તમે તમારા લાભ માટે ઉપયોગ કરશો તો, આ દેશમાં ડૉ. બાબાસાહેબે કહ્યું હતું કે, 'જે સમાજને રાજકીય અનામત મળી છે પણ આર્થિક સમાનતા પ્રાપ્ત થઈ નથી.' આ આર્થિક અસમાનતાને કારણે ''સમાજના ભિન્ન-ભિન્ન વર્ગો વચ્ચેની ખાઈ લોકશાહીના માર્ગનો મોટો અવરોધ બનવાની સંભાવના રહેલી છે !'' આ દેશની રાજકીય સત્તા પ્રસિદ્ધકાળથી કેટલાક લોકોનો એકાધિકાર બની રહી છે. બહુસંખ્ય લોકો કેવળ બોજો ઊંચકનારા પશુ છે. ''આ માનસિકતા દેશ માટે ઘાતક ન બનવા દેવી જોઈએ.'' એક વ્યક્તિ એક મૂલ્યના લોકશાહી તત્ત્વને જીવિત રાખવું હોય તો, સમાજની આર્થિક વ્યવસ્થાની રચનાને વિચારોનો આધાર આપવો પણ એટલો જ આવશ્યક છે. તે તો સામાજિક અને નૈતિક સદ્‌બુદ્ધિથી સંરક્ષિત હોય છે. આવી સદ્‌બુદ્ધિનું સંવર્ધન કરવાનું ખૂબ જ મોટું કાર્ય કરવું રહ્યું.

ડૉ. બાબાસાહેબનું માનવું હતું કે, કેવળ સખ્તાઈથી નહીં પણ લોકશિક્ષણથી, લોકોના મન અને સમાજની ચેતનાનું આહ્‌વાન કરીને કાયદાને વ્યવહારમાં લાવવો જોઈએ. તો જ યોગ્ય નાગરિકનું નિર્માણ થશે. જે યોગ્ય નાગરિક હશે તે દેશને સંકટ સમયે સહાય કરનાર નાગરિક બનતો હોય છે. સારા નાગરિક નિર્માણ કાર્યની ગતિ આપમેળે વધશે. પરંતુ તેના માટેની પૂર્વ શરત એ છે કે આના માટે યોગ્ય માહોલનું નિર્માણ કરીશું. યોગ્ય માહોલ નિર્માણ કરવા માટે નૈતિકતા, પ્રામાણિકતા સર્વ ધર્મ સમભાવના ગુણોનો સરવાળો કરવો પડશે. જે સરવાળો કરી શકશે તે

સમયને સાથે લઈ શકશે, જે સમયને પોતાનો બનાવી શકે તેને કોઈ પણ દિવસ પરાજિત કરી શકાતો નથી. પરંતુ આ બહુ જ આવશ્યક છે કે, તમે અપરાજિત થવા માંગતા હોવ તો, સદ્‌કર્મ-વિના સમય સાથ નહીં આપે. જેને સમય સાથ આપતો નથી, તે સરવાળે પાછળ રહી જાય છે. એક વખત પાછળ રહી ગયા પછી આગળ વધવું ઘણું કઠિન છે. જે સમય મળ્યો છે તે સમયનો સદઉપયોગ કર્યો નહીં, તો સમય તેનું કાર્ય કરતો હોય છે.

‘‘સ્વતંત્રતાની ઉપેક્ષા કરવી તે એને ફરી સંકટમાં મૂકવા અને તે હંમેશા ગુમાવી બેસવા બરોબર છે.’’ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરે એ પણ સ્પષ્ટ કહ્યું કે, જો આ બંધારણ પદદલિતોના અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળ જશે, તો તેઓ પોતે જ પોતાના જ દ્વારા શબ્દાંકિત આ ભારતીય બંધારણને બધાની સામે સળગાવી દેશે. ડૉ. બાબાસાહેબના મનમાં આવા પ્રકારની ભીતિ શું કામ અને શા માટે ઉપસ્થિત થઈ હશે ? એ આજની સ્થિતિઓ જે પ્રમાણે આકાર લઈ રહી છે. ‘મારે તેની લાઠી’, ‘બળિયાના બે ભાગ’ જેવી છે. તેમણે કહ્યું કે, ‘‘આપણે શરૂઆતથી અંત સુધી અને અંતિમતઃ ભારતીય છીએ.’’ સમય આવતાં અને પરિસ્થિત ઊભી થતાં, આ દેશને એક મહાશક્તિ બનાવવાથી માંડીને જગતમાં બનનારી કોઈ પણ ઘટના તેને રોકી નહીં શકે. પરંતુ એ નક્કી છે કે જો રાજકીય પક્ષો સંપ્રદાયોને દેશ કરતાં વધારે મહત્ત્વના માનશે, તો આપણી સ્વતંત્રતા ફરી વખત મુશ્કેલીમાં આવી જશે અને સંભવ છે કે આપણે હમેશ માટે તેને ગુમાવી પણ બેસીએ ! આ સંભવિત ઘટના ન બને તે માટે, આપણે દૃઢતાપૂર્વક જાગ્રત રહેવું પડશે. આપણા લોહીનું અંતિમ ટીપું આપીને પણ આપણી સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો નિશ્ચય કરવો પડશે.

ડૉ. બાબાસાહેબના એક-એક શબ્દનું મૂલ્ય આંકવું-માપવું કે તોલવું એ ભારતીય સમાજ માટે મૂલ્યવાન છે. તેમણે કહ્યું કે, ‘‘મને લાગે છે કે બંધારણ વ્યવહારુ છે. પરંતુ લચીલું છે અને દેશને શાંતિકાળ અથવા યુદ્ધકાળમાં એકતાના સૂત્રમાં બાંધી રાખવામાં સમર્થ છે. હું તો કહીશ કે, જો કંઈક અઘટિત બને તો

તેનું કારણ ખરાબ બંધારણ નહીં હોય. આપણે કહેવું પડશે કે, બંધારણ અમલ કરાવવાવાળા વ્યક્તિઓ ખરાબ હશે. ''બંધારણ ગમે તેટલું સારું હોય, પરંતુ તેને અમલમાં લાવનારા લોકો સારા નહીં હોય તો, સારું બંધારણ પણ ઇષ્ટ ફળ નહીં આપી શકે. એનો અર્થ એ થયો કે, બંધારણની યશસ્વિતા માત્ર બંધારણના નિર્દેશ તત્ત્વો પર નિર્ભર નથી. એની સફળતા, એને ક્રિયાન્વયન કરનારી વ્યક્તિઓના ગુણદોષ પર આધાર રાખે છે.'' એનું વિસ્મરણ થવાથી જે પરિસ્થિતિ ઉત્પન્ન થઈ, એથી એમને નિરાશા થઈ હતી.

''સત્તા કદી પોતાની મેળે આત્મહત્યા કરતી નથી.''

''એકતામાં જય, અનેકતામાં પરાજયનાં બીજ રોપાયેલાં હોય છે.'' તેને રોકવાની તાકાત કોઈ પણ શાસક કે સત્તાધારીઓમાં હોતી નથી. તેમને અને તે દેશને પરાજયથી જ નવાજવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે ''તમારા લાચાર ચહેરા જોઈને અને કરુણાજનક વાણી સાંભળીને, મારું હૃદય કરુણાથી ભરાઈ જાય છે.

જુગ જુગથી તમે ગુલામગીરીના ખાડામાં પડી રહ્યાં છો. તેમ છતાં તમારી દુર્દશા ભાગ્યનિર્મિત છે, ઈશ્વરીય સંકેત અનુસાર છે તેમ કહેતાં તમને શરમ નથી આવતી. તમે ગર્ભમાં હતા ત્યારે જ કેમ મરી ગયા નહીં ? શા માટે જન્મ લઈને તમે જગતનાં દુ:ખ, દરિદ્ર અને ગુલામીના ભયાનક ચિત્રને તમારા અપમાનભર્યા અને દુ:ખી જીવનથી વધુ ઘેરું બનાવો છો ? તમારા જીવનમાં તમે નવેસરથી પ્રાણ ફૂંકી શકતા ન હો તો, આ જગતમાંથી તમે વિદાય થઈને શા માટે દુ:ખનો બોજો ઓછો કરતા નથી ? તમે માણસ જેવા માણસ છો, પોતાની કામગીરી વડે દુનિયામાં ઉન્નતિ કરવાનો સર્વને અધિકાર છે. તમે આ દેશના રહેવાસી છો. તમને અન્ન, વસ્ત્ર, આવાસ અન્ય ભારતીયોની જેમ મેળવવાનો અધિકાર છે. એટલે તમારે સ્વાભિમાનપૂર્ણ જિંદગી જીવવી હોય તો, સ્વાવલંબન એ જ આત્મોન્નતિનો માર્ગ છે. એ ધ્યાન રાખો.''

ક્રિયાશીલતાથી વૃદ્ધિ થાય છે, જ્યારે નિશ્ચલતાથી નાશ થાય છે. શક્તિ એટલે ઉત્સાહ અને તે ઉત્સાહ રચનાત્મક કાર્ય સાધવા લગાવવો જોઈએ. તેનો ઉપયોગ સંહાર માટે કરવો જોઈએ નહીં. આજના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, સત્તાનો ઉપયોગ રચનાત્મક કાર્યની જગ્યાએ વિઘટનાત્મક કાર્યમાં વધારે જોવા મળે છે. સત્તા થકી સંહાર કરવાની વૃત્તિનો વધારે પડતો ફેલાવો થયો હોય તેવું પ્રતીત થાય છે. ક્યાંય આવાં વાસ્તવિક ચિત્રો ખડાં થયેલાં પણ જોવા મળે છે. સુપ્રીમ કોર્ટના જજો સલામત નથી. તેમણે પ્રજાના દરબારમાં આવી, પ્રેસ કોન્ફરન્સ કરવી પડે છે. સુપ્રીમ કોર્ટમાં બધું સરખું ચાલતું નથી. તો પછી સામાન્ય મનુષ્યની શું સ્થિતિ હશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ જ નહીં, અતિ ગંભીર છે તેમ માનવામાં ખોટું નથી. આવી સ્થિતિ થવાનાં કારણો કયાં કયાં અને કેવા પ્રકારનાં ઉદ્ભવ્યાં હશે જેથી આવી સ્થિતિ નિર્માણ થઈ ? આ ઈતિહાસમાં ન ભૂલી શકાય તેવી ઘટનાઓ છે. જે તમને અને મને કંઈક સંદેશો આપતી જાય છે. દેશ જ્યારે કોઈ નવી દિશામાં વળાંક લઈ રહ્યો હોય, ત્યારે આવી ઘટનાઓ ઘટતી હોય છે. ચાર જજોની કોન્ફરન્સ યોજાઈ હતી, તેમાંથી એક જસ્ટિસ દેશની સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટિસ બને છે. આ ઘટનામાં દેશ અને દેશના બંધારણની તાકાતનાં દર્શન થાય છે.

ઘણા મૂર્ખ અને માનસિક બીમાર લોકો જ્યારે જાહેરમાં બંધારણની અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની ટીકા ફક્ત પોતાની પ્રસિદ્ધિ માટે કરતા હોય છે. બંધારણને જાહેરમાં સળગાવનારને સજા કે, તેમની સામે પગલાં નથી ભરાતાં કે નથી કાર્યવાહી થતી આ શું સુચવે છે ? આવી રેઢિયાળ સત્તાને કારણે, સ્વાભાવિક છે કે દેશદાઝ ધરાવનાર નાગરિકને પીડા થાય, આવાં તત્ત્વો શું ભારતની લોકશાહીનો દુરુપયોગ કરી રહ્યાં છે તેને રોકવા જરૂરી છે. અઘટિત ઘટનાઓને રોકવામાં કે કાર્યવાહી કરવામાં અસમર્થતા બતાવશે, તે ચોક્કસ છે ? આવાં તત્ત્વોને તડીપાર કે કાળા પાણીની સજાથી ઓછું કંઈ ન થવું જોઈએ. હાલ આપણા પડોશી દેશ ચીનમાં રાષ્ટ્રગાનને ગાયક દ્વારા સરખું ગાવામાં ન આવ્યું તો, પ્રસારણ કરતી

ચૅનલને તરત બંધ કરી દેવામાં આવી હતી અને જે ગાયક દ્વારા રાષ્ટ્રગીતનું અપમાન કરવામાં આવ્યું તેમને પાંચ દિવસની સજા ફટકારવામાં આવી હતી. આપણે આપણા બંધારણને જાહેરમાં સળગાવવામાં આવે તે સમયે હાથમાં હાથ નાખીને બેઠા રહીએ તે ન તો સત્તામાં બેઠેલા સત્તાધારીઓને કે વિપક્ષમાં બેઠેલાને શોભે છે. રાનડેના યુગમાં નેતાઓ તેમના વિચારો અને આચારોને સુધારવાની સાચી રીત તરીકે તેમના અનુભવોનો આધાર લેતા. આજના યુગના નેતાઓ પોતાના અંતરાત્માના અવાજને પણ પથદર્શક માનતા નથી. તેમના બાહ્ય દેખાવ અંગેના અભિપ્રાયોમાં પણ ભેદ દેખાય છે. શું આવી મનોવૃત્તિ ધરાવનારા નેતાઓ ભારતનું ભલું કરવાના છે ? આ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. હાલના વાતાવરણમાં દેશ, બંધારણ અને સમાજ નવા મોડ પર આવી ઊભો છે ત્યારે, નફરત ત્યાગી દેશના હૃદયના ધબકારાને સાંભળીએ...

• • •

# ૯. સત્તામાં નીતિમત્તા

**ડૉ.** બાબાસાહેબે કહ્યું હતું કે ‘‘રાજનીતિમાં ઝઘડા થતા હોય છે. એને ભૂલવાની આદત રાજકારણમાં રહેલી વ્યક્તિઓએ કેળવવી જોઈએ. ઝઘડાને ભૂલી જઈ, ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ. એને મનમાં રાખીને વધારતા રહેવું, એ યોગ્ય નથી. મારું મન નિર્મળ છે, મારે પણ બીજા સાથે મતભેદ થાય છે. પરંતુ હું એને તરત જ ભૂલી જાઉં છું. માણસનું મન ફૂલ જેવું સ્વચ્છ હોવું જોઈએ.’’ આજના પરિપ્રેક્ષ્યમાં આવું વિચારવું એટલે તદ્દન વિરુદ્ધ દિશાની વાત થતી જોવા મળે છે. આજે ના તો ડૉ. બાબાસાહેબ જેવા રાજકીય નેતા છે કે, ના તો તેવી સોચ છે, નીતિમત્તા નામની વાત હવે ક્યાંય દેખાતી નથી. અહીંથી આપણે અટક્યા નથી. માનવતાને પણ આપણે કોરાણે મૂકી દીધી છે. માણસે માણસાઈનાં મૂલ્યો નેવે મૂકી દીધાં છે. અરાજકતા-અત્યાચાર-વ્યભિચાર ચરમસીમાએ પહોંચ્યાં છે. જાણે ધર્મના ઠેકેદારો, જમીનમાંથી બી ઊગે તેમ ફૂટી નીકળ્યા છે. ના તો તેની પાસે સાચી અને સરખી સમજણ છે. ચારેબાજુ વિનાશની વાવણી કરી રહ્યા છે. તેની અસર આવનારી પેઢીઓએ ભોગવવી પડશે.

આજકાલ ધર્મ અને ધાર્મિકતાની બાબતોનું જાણે ઘોડાપૂર આવ્યું હોય તેવું લાગી રહ્યું છે. તેવા સમયે ડૉ. બાબાસાહેબે સ્પષ્ટપણે કહ્યું હતું કે, ‘‘ધર્મનિરપેક્ષતા એટલે બિનધાર્મિકતા નહીં. ધર્મનિરપેક્ષતાનો અર્થ એટલો જ છે કે, જે તે સરકાર ધર્મના વિષયમાં કોઈ ધર્માવલંબીઓ ઉપર મહેરબાની પણ નહીં કરે અને સત્તાના જોર પર કોઈ ધર્માવલંબીઓને દબાવશે પણ નહીં. પરંતુ જે તે સરકાર ધર્મના

વિષયમાં સંપૂર્ણપણે નિષ્પક્ષ રહેશે.'' આવા ઉમદા ગુણોવાળું, વિશ્વનાં શ્રેષ્ઠ બંધારણોમાંથી એક ઉત્તમ બંધારણ આપણને ભેટ મળ્યું છે. જેમાં કોઈ પણ બાબતોનું નિરાકરણ અને ઉકેલ જોવા મળશે. ડૉ. બાબાસાહેબના વિચાર પ્રમાણે સામાજિક અને આર્થિક વ્યવહારમાં સમાન તક, ભ્રાતૃભાવ પર આધારિત સમાજવ્યવસ્થા, ન્યાય મળવાનો વિશ્વાસ અને સાર્વજનિક સદ્‌વિવેકબુદ્ધિ, સામાજિક અને આર્થિક લોકશાહીની પૂર્વશરત છે. આપણે કોઈ પણ રસ્તે જઈશું તેનું નિવારણ અને નિરાકરણ મળવાનો ગ્રંથ એટલે દેશનું બંધારણ, બંધારણ અને બંધારણ.

ભારતમાં વસતા ભારતવાસીઓમાં જો કોઈ એક બાબતની ઊણપ હોય તો તે છે, રાષ્ટ્રીય ભાવનાની. રાષ્ટ્રીય ભાવના માટે તોલ અને ત્રાજવાં સરખાં રાખવાં પડશે. તોલ અને ત્રાજવાં વ્યક્તિ-વ્યક્તિ અને વર્ગ-વર્ગદીઠ અલગ-અલગ તોલવાથી ભ્રાતૃભાવને ઉજાગર કરી શકાતો નથી. આજના સમયમાં આપણે ઇતિહાસમાંથી કંઈ પણ શીખ્યા હોય તેવું લાગતું નથી. કોઈ આવીને કહે કે આનો ઉપાય શું ? તો ચોખ્ખી અને ચટ વાત છે. જ્યાં સુધી જાતિ-ભેદ છે ત્યાં સુધી રાષ્ટ્રીયતા પ્રબળ બનાવી શકીશું નહીં. નામ છે તેનો નાશ છે. પરંતુ નામનો નાશ થતો જોયો છે પરંતુ જ્ઞાતિ, ઊંચ-નીચનો નાશ ક્યારે થશે તે કોઈ પણ વ્યક્તિ કહી શકે તેમ નથી ! હવે જ્ઞાતિ સ્વરૂપો અલગ અલગ રીતે આપણી સૌ સમક્ષ આવી રહ્યાં છે. જે એક વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યાં છે. આખી સરકારી મિશનરીઓ ફક્ત એક વર્ગ માટે કામ કરી રહી હોય તેવું દૃશ્ય જોવા મળી રહ્યું છે. શું રાષ્ટ્ર એક વર્ગવિશેષ માટે બન્યું છે ? શું એક વર્ગ માટે એમને અનુકૂળ આવે તેમ ભંડારો ભરાય તેવા પ્રકારની પદ્ધતિઓ અથવા નિયમો બની રહ્યા છે. આ શું સૂચવે છે ? આ રાષ્ટ્રીય ભાવનાને બહેતર બનાવવાની કોઈ નિશાની નથી. રાષ્ટ્રને અખંડિત રાખવું હશે તો ભૂખ્યા જનોનો જઠરાગ્નિ તૃપ્ત થાય તેવા પ્રકારના નિર્ણયો કર્યા વિના છૂટકો નથી. હાલમાં એક વિષય આવ્યો છે કે, જે વ્યક્તિ

સમયસર ઈન્કમટેક્ષ ભરતો હશે તેને અલગ-અલગ જગ્યાઓ પર પ્રાયોરિટી આપવામાં આવશે. આ કોનાથી અને કેવી રીતે નક્કી કરી શકાય? શું આપણે એક ભારતમાં બે ભારત વસી રહ્યાં છે ? તેને આપણે ત્રીજું રૂપ આપી શું કરવા માગીએ છીએ ? આ દેશ માટે ઘાતક પુરવાર થશે. આને અને આવાં સ્વરૂપોને આપણે ડામવાં જ રહ્યાં.

આપણે લોકશાહી શાસનપદ્ધતિ માટે જાગૃત છીએ, તો તેનો ઉત્તર ‘ના’માં જ આવશે. તેનાં ઉદાહરણ જોવા જઈએ તો, લોકશાહીમાં જે પ્રજાલક્ષી કાર્યક્રમો-યોજનાઓમાં છે. તેમાં એવા લોકોનું આધિપત્ય છે, જેના થકી લોકોના કાર્યમાં પ્રગતિના અંશો જોવા મળતા નથી. એવાં તત્ત્વોએ જે-જે ખાલી જગ્યાઓ ઉપર પોતાને અનુકૂળ થાય તેવા પ્રકારની યોજનાઓ અને પ્રોજેક્ટોની અમલવારી કરે છે. આ પદ્ધતિ અયોગ્ય છે, નુકસાનકર્તા છે. આ આપણી સૌથી મોટી નબળી કડી છે. કોઈ પણ સાંકળ મજબૂત કેટલી છે, તે તેની સૌથી નબળી કડી નક્કી કરતી હોય છે. આજના સમયમાં કોઈ પણ કાર્યમાં Accountabilityનો અભાવ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તમામ વિભાગમાં સ્પષ્ટપણે જોવા મળે છે. પ્રજાનો કોઈ ધણી કે ધોરી નથી, પ્રજા અનેક પ્રકારની અવ્યવસ્થામાં અટવાયા કરે છે. સરવાળે લોકો દેશ છોડી રહ્યા છે, જેની જનસંખ્યા ૧૬ લાખ કરતાં પણ વધારે છે. છતાં તેની કોઈ દરકાર કે પૃચ્છા કરતું નથી. આ બુદ્ધિધન દેશમાંથી શું કામ પલાયન થઈ રહ્યું છે. તેનો ઉત્તર ખૂબ સરળતાથી સમજાઈ જાય તેવો છે. જે પદો પર બેઠેલા Bureaucracyઓ તેમને અનુકૂળ થાય તેવું અર્થઘટન કરતા હોય છે. એક વત્તા એક બરાબર બે થાય પરંતુ તેને ૧ + ૧ = ૨ ની જગ્યાએ ૧ × ૧ = ૨ કરે પણ તેને હાંકનાર ન હોવાથી આવી પદ્ધતિ ખૂબ જ ફૂલીફાલી છે. તેની કોઈ ના નહીં કહી શકે. જ્યારે એક કલેક્ટર દ્વારા એક ઓર્ડર કરવામાં આવે, તે પછીનો કલેક્ટર એ વાતને ઉથલાવી નાખે તેના માટે જે લોકો તેનો ભોગ બને છે તેના

માટે નથી આગળના કલેક્ટરને જવાબદાર ઠેરવતા નથી કે તેની નીચે બેઠેલા અધિકારીઓને જવાબદાર ઠેરવતા. આવી અનેક બાબતો જોયા પછી એમ થાય છે કે, પ્રાથમિક શાળામાં કવિતા આવતી ''અંધેરી નગરી ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં'' આ કવિતા આજના સમયમાં ઘણું બધું કહી જાય છે.

'એક વ્યક્તિ એક મૂલ્ય'ના લોકશાહી તત્ત્વને જીવિત રાખવું હોય તો સમાજની આર્થિક વ્યવસ્થાની રચનાને વિચારોનો આધાર આપવો આવશ્યક છે. સવાલ માત્ર એટલો છે કે એને કઈ રીતે પરિણામકારક બનાવવામાં આવે. તે તો સામાજિક અને નૈતિક સદ્‌બુદ્ધિથી સંરક્ષિત થાય છે. માટે જો વિવેકબુદ્ધિ હશે, તો જ કાયદાના અધિકારોને અમલી બનાવવા શક્ય બનશે. કેવળ સખ્તાઈથી નહીં પણ લોકશિક્ષણથી, લોકોનાં મન અને સમાજની ચેતનાનું આહ્‌વાન કરીને, કાયદાને વ્યવહારમાં લાવવો જોઈએ. પણ જ્યાં સુધી આપણને પ્રાપ્ત થયેલા કાયદાની અમલવારી સાથે એકાઉન્ટિબિલિટીને વ્યવહારમાં લાવીશું નહીં, ત્યાં સુધી પરિણામ ખૂબ જ નહિવત્ પ્રાપ્ત થશે, તેમાં કોઈ શંકા નથી. કોઈ પણ દેશના બંધારણની સફળતાની બાંયધરી સંસ્થાત્મક રચનામાં હોતી નથી અને ન તો કાયદામાં હોય છે. તે તો સામાન્ય વ્યક્તિની સમાજાભિમુખતાના સ્તર ઉપર જ નિર્ભર રહે છે. જે બંધારણને કાર્યાન્વિત કરવા માટે તમામ શક્તિઓને ખર્ચી હતી, છતાં આવા ઉદ્‌ગાર કાઢવા પાછળ કેટકેટલી પીડાઓ તેમણે જોઈ હશે અને તેમની અમલવારી કરાવવામાં અડચણો સામે આવી હશે તેવા પરિણામરૂપે આવી ઘટનાઓનું રૂપ ધારણ કરવા પ્રેરાયા હશે, તેમ કહેવું ઉચિત છે.

આપણે આચરણમાં બંધુભાવ રાખતાં નથી, જે આપણી ખામી છે. ભારતીયો એકબીજાના ભાઈઓ છીએ. સામાજિક જીવનમાં એકતાનું અમૃતસિંચન કરનારું જો કોઈ તત્ત્વ હોય તો તે બંધુભાવના જ છે. ભારતમાં અનેક જાતિઓ અસ્તિત્વમાં છે. જાતિઓનું હોવું એ દેશ માટે ઘાતક છે. એનું પહેલું કારણ એ

છે કે જાતિ સામાજિક જીવનમાં અલગાવ ઉત્પન્ન કરે છે. બીજું કારણ એ છે કે તે પરસ્પર દ્વેષ-તિરસ્કાર ઉત્પન્ન કરે છે. એક રાષ્ટ્રના રૂપમાં ઊભા થવાની ઇચ્છા હોય તો આપણે બધી અડચણોને આપણા માર્ગમાંથી દૂર કરવી પડશે. કેમ કે જ્યાં રાષ્ટ્ર-અસ્તિત્વમાં હોય છે ત્યાં જ બંધુભાવ ઉત્પન્ન થઈ શકે છે. બંધુભાવ ન હોય તો સમતા અને સ્વતંત્રતા કેવી રીતે રહી શકે ?'' સત્તામાં બેઠેલા સત્તાધારીઓમાં નીતિમત્તા હોવી અત્યંત જરૂરી છે. એટલે નૈતિકતા-નીતિમત્તાનું પ્રથમ ચરણ છે.

• • •

# ૧૦. મહિલા જાગૃતિ

**૨**૫ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સમિતિમાં થયેલી ચર્ચાનો જવાબ આપતાં બાબાસાહેબે કહ્યું કે, ‘‘મારા મનમાં એ વાતનું ઘણું દુઃખ છે કે, આ પહેલાં પણ ભારતને અનેક વાર પોતાની સ્વતંત્રતા ગુમાવવી પડી છે અને તે પણ ભારતીય લોકોના પોતાના જ વિશ્વાસઘાત તેમજ દેશદ્રોહને કારણે ગુમાવવી પડી છે જ્યારે મહંમદ બિનકાસિમે સિંધ પર આક્રમણ કર્યું ત્યારે, રાજા દાહિરના સેનાપતિએ મહંમદ બિનકાસિમના સેનાપતિ પાસેથી લાંચ લીધી હતી અને પોતાના રાજા તરફથી લડવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. મહંમદ ઘોરીને હિન્દુસ્તાન પર આક્રમણ કરવા માટે નિમંત્રણ આપીને પૃથ્વીરાજ સામે લડવા માટે તૈયાર કરનારો જયચંદ જ હતો. તેણે મહંમદ ઘોરીને સોલંકી રાજ્યની અને પોતાની મદદ આપવાનું વચન આપ્યું હતું. જ્યારે શિવાજી મહારાજ હિંદુઓની સ્વતંત્રતા માટે સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે, બાકીના મરાઠા સરદારો તેમજ રાજપૂતો મોગલ બાદશાહ તરફથી લડતા હતા, જ્યારે શીખો સાથે અંગ્રેજો લડી રહ્યા હતા ત્યારે, શીખ સેનાપતિઓ ચૂપચાપ બેસી રહ્યા. શીખોની સ્વતંત્રતા બચાવવા માટે એમણે કોઈ પ્રયાસ કર્યા નહોતા.

ડૉ. આંબેડકરે કહ્યું કે લોકો પોતે જ પોતાના માટે ૨૬મી નવેમ્બર, ૧૯૪૯માં બનાવેલા બંધારણને સમાધાનકારક રીતે લાગુ નહીં કરે તો, ભવિષ્યમાં આપણે ક્યારેક કહેવું પડશે કે બંધારણ ખોટું નથી, મનુષ્ય જ અધમ છે. એક-એક શબ્દોની તાકાત કોઈ મંત્રથી ઓછી જોવા મળતી નથી. જે વ્યક્તિ પાક હોય, પૂર્ણ હોય, તે પુરુષના શબ્દોની તાકાત આપોઆપ શક્તિસભર બનતી હોય છે. તેમણે ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ દિવસે આપણે વિરોધાભાસો ભરેલી જિંદગીમાં પ્રવેશી રહ્યા છીએ. રાજકીય જીવનમાં તો આપણે સમાનતા ભોગવીશું, જ્યારે

સામાજિક અને આર્થિક જીવનમાં અસમાનતાની બોલબાલા જેમનીતેમ હશે. રાજનીતિમાં આપણે એક વ્યક્તિ, એક જાતના સિદ્ધાંતને માનીશું. જ્યારે આપણી સામાજિક અને આર્થિક વ્યવસ્થાના કારણે એક વ્યક્તિ, એક મૂલ્યના સિદ્ધાંતનું આપણે ખંડન કરતાં હોઈશું. વિરોધાભાસપૂર્ણ જીવન લાંબા સમય સુધી મૂકી જઈશું. આપણે તાત્કાલિક ધોરણે આ વિરોધાભાસને ખતમ કરવા પ્રવૃત્ત થવું પડશે. નહીં તો જે લોકો અસમાનતાથી પીડાય છે, શોષાય છે તેઓ આ રાજનૈતિક લોકતંત્રને જેની આપણી બંધારણસભાએ પરિશ્રમપૂર્વક સ્થાપના કરી છે એને જ ખતમ કરી દેશે. આ દૂરંદેશી મહામાનવે ભારતને અને ભારતીય પ્રજાને બંધારણમાં અનેક પ્રસંગોએ દેશે અને દેશવાસીઓએ કઈ કઈ બાબતોનું વિશેષ ધ્યાન રાખવું જોઈશે, તે બાબત તેમણે તેમના વ્યક્ત કરેલા વિચારોમાં જોવા મળે છે.

હું કહું છું કે, ડૉ. ભીમરાવ આંબેડકર ભવિષ્ય ભાખનારા ભવિષ્યવેત્તા મહામાનવ હતા. એટલે જ તેમણે સમયે-સમયે ભારતે શું કરવું જોઈએ ? ભારતે જો સામાજિક પ્રગતિ કરવી હશે તો, યુવાન સ્ત્રીઓને શિક્ષણ આપવું પડશે. વિકાસશીલ રાષ્ટ્રમાં આપણે ત્યારે જ આવી શકીશું, જ્યારે ૬૦ કરોડ સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ અપાવવા માટે પુરુષ વર્ગ કરતાં વિશેષ કાળજી લેશું. ભારતની વસ્તીના ૪૭ ટકાથી ૪૮ ટકા સ્ત્રીશક્તિ પૂરતું જ્ઞાન મેળવી, જો આપણા પુરુષ સમોવડી બનશે તો સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિની ગતિમાં ખૂબ જ વધારો થશે. આ શક્તિને સાથે લઈને ચાલવા માટેની યોજનાપૂર્વકની તૈયારીથી રાષ્ટ્રનું અને મહિલાઓનું ભલું થઈ શકે. ડૉ. બાબાસાહેબ આ બાબતે સ્પષ્ટ હતા કે, મહિલાઓની શક્તિને આપણે ન્યાય આપવો પડશે. મહિલા સશક્તિકરણ માટે જ હિન્દુ કોડ બીલના હિમાયતી રહ્યા છે. જે આજે મહિલાઓને પુરુષ સમોવડી તેમજ મિલકત-જાયદાદમાં પણ સરખો હિસ્સો આપવા માટે કાયદા લાવી રહ્યા છીએ તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભારત દેશ સ્વતંત્રતા સાથે જ આ પ્રકારના અને આના કરતાં વધારે મહિલાઓના હકમાં કાયદા લાવવા માગતા હતા. ડૉ. બાબાસાહેબ મહિલાઓ માટેનું જે પ્રાવધાન લાવવા માગતા હતા તે આજે થઈ રહ્યું છે.

ડૉ. બાબાસાહેબે જે સપનાં જોયાં હતાં, તેને કાર્યાન્વિત મોડે-મોડે પણ કરવાં પડ્યાં. તે રાષ્ટ્ર માટે અને મહિલાઓના વિકાસની યોગ્ય નિશાની છે. ડૉ. બાબાસાહેબે કહ્યું કે, આ દેશમાં ચારિત્ર્યનો અભાવ છે અને જે દેશમાં નીતિમત્તા નથી રહેતી એ દેશનું ભવિષ્ય અંધકારમય હોય છે. આજે આપણા દેશમાં ત્રણ વર્ષની બાળકી સાથે જઘન્ય કૃત્યના સમાચાર સાંભળવા મળે છે. આ સમાચાર સાંભળી માથું શરમથી ઝૂકી જાય છે. ત્રણ વર્ષની બાળકીથી માંડી ૬૦ વર્ષ સુધીની સ્ત્રી સાથે નરાધમો દ્વારા બળાત્કારના કિસ્સા સાંભળીએ છીએ, પરંતુ તેના નિરાકરણ માટે શું થઈ શકે ? તેના નિરાકરણ માટેની આપણી તૈયારી શું ? આવા અપરાધ ભવિષ્યમાં ના બને તેના માટે યોગ્ય કાર્યપદ્ધતિ કરવી જોઈએ. તે સત્ય અને સાચી તમામ સમાજને સુખ આપનારી બાબત બની શકે છે. સુરત શહેરમાં ચોક બજારથી વરિયાળી બજારના મેઇન રોડ પર આ પ્રકારની સિસ્ટમ હતી. જેને પોતાના (વાસના) શરીરની ભૂખ સંતોષવી હોય તેના માટે તેમને યોગ્ય બજાર મળી રહેતું હતું. આપણે સુરતનો અભ્યાસ કરીશું તો ખ્યાલ આવશે. જ્યારે આ વરિયાળી બજાર ચાલુ હતું તે સમયે બળાત્કારના કેસોની સંખ્યા નહિવત્ હતી એ બંધ થયા પછીનો જો અભ્યાસ કરવામાં આવશે તો બળાત્કારની સંખ્યા વધી છે. તેટલું જ નહીં પણ, આવી વરિયાળી બજાર જેવા દેહ-વેપાર સુરતમાં અન્ય વિસ્તારમાં ફેલાયા છે. જે શરીરમાં એક ભાગમાં સડો હતો તે સડાને શરીરના અલગ-અલગ ભાગમાં પ્રસરાવવાનું કામ અજાણતાં કે જાણતાં થયું છે !

આપણા દેશમાં સુરત-મુંબઈ કે અન્ય શહેરોમાં આ પ્રકારની પદ્ધતિઓ હતી. તેનું કાર્ય તેના વિસ્તાર અને તેના દાયરામાં ચાલતું હતું. શું આપણા પૂર્વજોમાં સંસ્કારની કમી હતી ? ના ? તેઓ આપણાં કરતા વધુ પ્રામાણિક અને વધુ સંસ્કારી હતાં. પરંતુ તેઓને ખબર હતી કે શહેરમાં આવનાર વર્ષો સુધી ધંધો-વેપાર કે મજૂરી કરતો હોય છે. તેવી કોઈ પણ વ્યક્તિને જીવવા માટે શ્વાસની આવશ્યકતા હોય છે. તેમ જીવવા માટે અન્નની અને પાણીની તેમજ શરીર સુખની જરૂર હોય છે ? તેને કોઈ વ્યક્તિ રોકી શકતો નથી. શરીરમાં જે નવ દ્વાર છે તેની પોતાની

કામ કરવાની સિસ્ટમ અને પદ્ધતિ છે. તેનું કાર્ય તેના સમયે થતું રહે છે. પછી આપણે શેળાની માફક રેતીમાં મોઢું નાખી શેળો એવું સમજતો હોય છે કે મને કોઈ જોઈ રહ્યું નથી, આપણે શેળા જેવા પ્રાણી ન બનીએ. વાસ્તવિક જીવનમાં જીવવાની અને સાચી દિશામાં પગલાં ભરવાની જરૂર છે.

આપણે ત્યાં સંસ્કાર અને સંસ્કૃતિની વાત ગાઈવગાડીને કરતા હોઈએ છીએ, પણ ન તો તેમાં સંસ્કાર હોય છે કે ન સંસ્કૃતિનું જતન કરવાની માનસિકતા હોય છે. એના દાખલાઓ શરૂ કરી અનેક નામ આપી શકાય છે. પરંતુ સત્ય સ્વીકારવા સિવાય શું આપણે ખોટા ખ્યાલોથી વાસ્તવિક બાબતોને નજર-અંદાજ કરતા રહીશું તો આવનારી પેઢી સત્યને સ્વીકારી સમાજની સુખાકારી અને હવે પછી કોઈ પણ સમાજની કોઈ પણ બહેન, બાળકી સાથે જઘન્ય કૃત્ય થાય નહીં તેના માટે યોગ્ય પ્રકારનું વાતાવરણ પૂરું પાડવું આવશ્યક અને અનિવાર્ય છે. મોબાઈલમાં સેક્સને ઉશ્કેરે તેવા દૃશ્ય, જાહેરાત નામે પ્રગટ થતા નારીના અર્ધનગ્ન પોસ્ટરો સેક્સની અગ્નિમાં ઘી હોમે છે. આ વાત ઘણાથી સહન થશે નહીં. ખોટો ઢોંગ કરતાં વાસ્તવિકતાને સ્વીકારવી રહી. વિશ્વના દેશોમાં આ પ્રકારની કાર્યપદ્ધતિ હોય છે. તેમણે સહજતાથી સ્વીકાર્યું છે. ત્યાં નથી કોઈ ખોટા આડંબર, ત્યાં નથી તેની ચર્ચા. કોઈ પણ વ્યક્તિને તેના કામ સાથે મતલબ છે. શું આપણને આપણી સંસ્કૃતિ, રાષ્ટ્રવાદ સૌથી પ્રાચીન સંસ્કૃતિ, સૌથી વધુ ધાર્મિકતા. સૌથી વધુ જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે ભેદભાવ, સૌથી વધુ અનીતિ, સૌથી વધુ ભ્રષ્ટાચારી, સૌથી વધુ આડંબરમાં માનનારી પ્રજા, સૌથી વધુ નિયમોને તોડનારી પ્રજા, સૌથી ઓછું શિક્ષણ મેળવનારી પ્રજા, સૌથી વધુ સગાવાદને સત્તા સોંપનારી પ્રજા, સૌથી વધુ જ્ઞાતિવાદમાં માનનારી પ્રજા, નથી !!! છે જ... છે જ !

સત્યને ન સ્વીકારી મહાન જ્ઞાનીઓ આ વિષયોનો અનાદર કરશે, પણ સમય અને સંજોગો કહે છે કે, આ રસ્તે આવ્યા વિના કોઈ છૂટકો નથી. આ મહાન જ્ઞાનીઓ પાછા એકાંતમાં મળશે તો કહેશે આપ સાચા છો. સાચું કહેવાની, સાચું વિચારવાની ને બતાવવાની તૈયારી રાખવી જોઈએ. સત્ય વસ્તુ સમાજ તેમજ રાષ્ટ્ર

સમક્ષ મૂકવી વધુ ઉપયોગી છે. મહાન જ્ઞાની કરતાં, ઓછું જ્ઞાન ધરાવનાર સમાજનું વધુ ભલું કરી શકે છે. જ્યારે મહાન જ્ઞાની તેમના આડંબરમાં આયખું પૂરું કરે છે. આડંબરની આડમાં સૌથી વધુ નુકસાન વેઠવું પડ્યું છે. આપણા દેશની સન્નારી માતાઓને, દીકરીઓને, તમામ સ્ત્રીઓને મહિલાના હક્ક-અધિકાર માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરે 'હિન્દુ કોડ બીલ' થકી દેશની તમામ સ્ત્રીઓને અધિકાર આપવાનું ઉત્તમ કામ કર્યું છે ત્યારે મહિલા જાગૃતિ દેશ માટે અતિ આવશ્યક છે અને જરૂરી પણ છે.

• • •

# ૧૧. સમાનતા

ઈશ્વરને ધર્મનું કેન્દ્રબિંદુ માનવું એ ભૂલ છે, તેમજ આત્માની મુક્તિને ધર્મનું કેન્દ્રબિંદુ માનવું એ પણ ભૂલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું, વાસ્તવિક ધર્મ માનવના અંતઃકરણમાં હોય છે, શાસ્ત્રમાં નહીં. શાસ્ત્રનાં થોથાં કરતાં માનવીમાં માનવતા જ જરૂરી છે, તેનાથી સમાજમાં કે સંસારમાં સમતાપણું થતું હોય છે એટલે સંપૂર્ણ માનવજાતિ સમાન છે. મહત્ત્વ ઊંચા આદર્શોનું છે, ઉચ્ચ જાતિનું નહીં. આજના સમયમાં પરિસ્થિતિઓ એવા પ્રકારની નિર્માણ થતી જાય છે, વ્યક્તિના ગુણ કરતાં વ્યક્તિની જાતિને મહત્ત્વ મળી રહ્યું છે. જે રાષ્ટ્ર માટે સારા સંકેત નથી. એવા કેટલાય લોકોને હું ઓળખું છું જેમણે તેમની Surname બદલી છે. કોઈ જોષી, કોઈ વ્યાસ, કોઈ ચાણક્ય, ગઢવી, ધાંધલ કે ધવલ જેવી અનેક જાતિનાં ઉદાહરણ જોવા મળે છે. આ પરિસ્થિતિ શું કામ નિર્માણ થઈ ? આના માટે સમાજનાં એવાં તત્ત્વો જવાબદાર છે જેમને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે ઓબીસી વર્ગમાંથી આવેલ વ્યક્તિને યોગ્યતા હોવા છતાં સન્માન આપવા તેમનું મન તૈયાર થતું નથી.

અનુ.જાતિ વર્ગના વ્યક્તિ પ્રત્યે સૂગની ભાવના હોવાથી અટકમાં ફેરફાર કરવામાં આવે છે. કોઈ પણ વ્યક્તિ શું કામ જેમને પોતાના બાપ-દાદાઓ તરફથી મળેલી વિરાસતની ભેટને નવી અટક નવા નામે પેઢીને આગળ લઈ જવું કોઈને પણ ગમતું નથી પણ આજના સમાજની જે સોચ તેમજ વિચારસરણીના કારણે જાણે-અજાણે હૃદય પર પથ્થર મૂકીને પણ અજાણી અટકમાં જવું પડે છે. એના માટે બુદ્ધિજીવીઓએ વિશ્લેષણ કરવું ખૂબ આવશ્યક છે. મને કહો, કોઈ પણ ઉચ્ચવર્ણના સમાજમાંથી આવતી વ્યક્તિએ તેમની અટકમાં ફેરફાર કરવા માટે વિવશ

થવું પડે છે ? કારણ કે, તેમને તેમની અટકથી વહેવારમાં-વર્કમાં-વેપારમાં, વસવાટમાં કે વિસ્તારમાં અડચણ પડતી નથી. પણ જો તમે શૂદ્ર વર્ગમાંથી આવો છો. તમારી અટક શૂદ્રની છે તો, તમને કહેવાતા ઉજળિયાત વર્ગના વિસ્તારમાં મકાન પણ નહીં મળે ! આ વાતને કહેવાતા ઉચ્ચ-વર્ણ સ્વીકારશે નહીં, પણ આ હકીકત છે. હું મારી વાત કરું. હું હાલ રહું છું તે પોશ વિસ્તાર જ છે. પરંતુ મને આ જ વિસ્તારમાં કહેવાતા ઉચ્ચ વર્ણની સોસાયટીમાં રહેવા માટે પ્લોટ લેવો હતો પરંતુ તેઓ ડાયરેક્ટ ના પાડી શકે તેમ નહોતા તેથી અલગ-અલગ બહાનાં બતાવી, મને તે સોસાયટીમાં પ્લોટ મળે નહીં તે માટે આ તો અમે ફક્ત એક જ સમાજના લોકો માટે બનાવી છે એટલે અમે સવર્ણ સમાજના બીજી કોઈ પણ જ્ઞાતિને નથી આપતા, તો પછી શૂદ્ર જ્ઞાતિના વ્યક્તિને પ્લોટ આપવાનો સવાલ જ પેદા થતો નથી. શિક્ષણ છે, સંસ્કાર છે, વેપાર છે, વાણી છે. પરંતુ તમે પેલા વર્ગમાંથી આવો છો તો તમારા માટે પ્રવેશ નિષેધ છે. આ બાબત હકીકત છે. તેમાં ઘણા અભણ અને અંગૂઠાછાપનાં ઘર બન્યાં છે. અભણ હશો તો ચાલશે પણ તમારી લાયકાત Must be required. You come to particular - varg (Caste). This is the reality to our society.

આપણું શિક્ષણ અને આપણી શિક્ષણપદ્ધતિ ફક્ત ને ફક્ત રૉબોટ જેવા એન્જિનિયર્સ અને ગ્રેજ્યુએટ્સને બહાર પાડે છે. એન્જિનિયર્સ વર્ષે પાંચ લાખ પેદા થાય છે અને તેના માટે નોકરીની તકો તો ફક્ત ૧૦ ટકા કરતાં પણ ઓછી હોય છે. બાકી રહી જતા ૯૦ ટકા એન્જિનિયરિંગના Candidatesને નથી કોઈ પણ પ્રકારની નોકરી કે નથી કોઈ ધંધો-રોજગાર. આ સિવાયની બીજી ફેકલ્ટીમાંથી આવતું 'યુવાધન', ઉદા., કોમર્સ, સાયન્સ, આર્ટ્સ, ઈલેક્ટ્રિકલ, આઈટીનો પણ મોટો આંકડો જોવા મળે છે. આ યુવાધનને યોગ્ય માવજત કરવી અને યોગ્ય રાહ પર લઈ જવું ખૂબ જ જરૂરી છે. અને તેના માટે વાતો નહીં પણ વાતાવરણ અને રોજગારી પૂરી પાડવી પડશે. આપણે યુવાધનનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકીશું નહીં તો, આ યુવાધન આપણા માટે ઍસૅટ છે તે, આપણા માટે લાયેબિલિટી બની

શકે છે. યુવાધનને સારી રીતે લિન્ક કરી, એક સિસ્ટમમાં સૅટ કરીએ તો ખૂબ જ સારું આઉટપૂટ અને વિકાસની નવી તકો પર્યાપ્ત કરાવી શકીશું. તો રાષ્ટ્રના વિકાસને ખૂબ જ ઝડપી ગતિ મળી શકે અને વિકાસની ગતિમાં ખૂબ જ ઉછાળો આવી શકે તેમ છે તેના માટે જેની-જેની જેટલી લાયકાત તેને તેના પ્રકારે અવસર પર્યાપ્ત કરાવવા પડશે આના માટે વિશ્વમાં અનેક પ્રકારની પદ્ધતિઓ છે, વિશ્વમાં રોજગારી માટેની શ્રેષ્ઠ શિક્ષણપદ્ધતિઓ છે, તેમને આપણે અપનાવવી પડશે. શ્રેષ્ઠતમ પદ્ધતિઓનો અભ્યાસ કરી અમલવારી કરવી પડશે.

શ્રેષ્ઠ શિક્ષણ, શ્રેષ્ઠ શિક્ષણપદ્ધતિ તેમજ શ્રેષ્ઠ જીવનપદ્ધતિ સાથે શ્રેષ્ઠ રોજગારપદ્ધતિઓ દાખલ કરવા, તમામ સમાજના વર્ગના લોકોને વાજબીપણા જેવા વહેવાર થાય તેવી પદ્ધતિઓ છે, તેનો ચુસ્ત અને સમતોલનપૂર્ણ અમલ કરવો રહ્યો. ૨૧મી સદીમાં સૌથી વધુ યુવાધન ભારતમાં છે તેના માટે વિકાસની તકો ત્યારે ઊભી થાય કે જ્યારે ગ્રામ્યથી શરૂ કરી શહેર સુધી તમામ વર્ગના યુવાનો માટે સમાન તકો ઊભી થાય. આ માટે સૌએ જહેમત ઉઠાવવી પડે 'એકને ગોળ અને બીજાને ખોળ'ની પદ્ધતિ પણ ઘાતક બનતી હોય છે. એટલે તો દરેકને જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર છે. જીવતા રહેવા માટે જેટલી જરૂરિયાત અનાજની છે તેટલી જ આવશ્યકતા જ્ઞાનની પણ છે. જે સમાજ શિક્ષણથી વંચિત હશે તે રાષ્ટ્રની, રાજ્યની કે સમાજની પ્રગતિ કરી શકશે નહીં. જેમ શરીરનો સમતોલ વિકાસ થવો જરૂરી છે તેમ રાષ્ટ્રમાં તમામ વર્ગનો સરખા પ્રમાણમાં વિકાસ થવો જરૂરી છે. શરીરમાં એક અંગ અવિકસિત હશે તો તેને સંપૂર્ણ સ્વસ્થ વ્યક્તિ કહી શકીશું નહીં, તેમ સ્વસ્થ રાષ્ટ્ર બનાવવું હશે તો, સંપૂર્ણ સમાજનો વિકાસ અનિવાર્ય છે. જો સરકાર રાષ્ટ્રના વિકાસમાં પ્રજાની ભાગીદારી ઈચ્છતી હોય તો, તમામ વર્ગોની પ્રજાને સાથે રાખીને ચાલે તો જ સફળ પરિણામ આવી શકે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, ''જે ઉદ્દેશો માટે મેં અનામતની વ્યવસ્થા કરાવી છે, તે પૂર્ણ થતી જોવા મળતી નથી. સરકારી અધિકારીઓના નામે સરકારી કચેરીઓમાં માત્ર બાબુઓ જ પેદા થઈ રહ્યા છે. આ લોકોએ તો સમાજ

સાથેના સંબંધો પણ તોડી નાંખ્યા છે. બીજી બાજુ સંસદ અને વિધાનસભાઓમાં દલિત સમાજના જાગ્રત, સંઘર્ષશીલ તેમજ નિર્ભય વક્તાઓને બદલે અશિક્ષિત અને અબોલ તત્ત્વ પોતાના રાજકીય પક્ષો અને નેતાઓના અનુશાસનને નામે ખુરશીઓ ગોઠવનારા, શેતરંજી પાથરનારા લોકો જ પ્રતિનિધિ બનીને આવી રહ્યા છે. આ લોકો સંસદ કે વિધાનસભામાં ક્યારેય પણ પોતાનું મોઢું સાચી બાબતો માટે ખોલતા નથી. તેથી આ અનામતનો લાભ આપણા ગરીબ અને દલિત સમાજ સુધી પહોંચતો નથી.'' ઉપરોક્ત શબ્દો સો પ્રતિશત આજના સમયે સાચા પડી રહ્યા છે. તેના માટે કોઈ પણ ના કહી શકે નહીં. ''મારી જનતાના (સમાજના) ઉદ્ધારના એક સાધન તેમજ નિમિત્તરૂપે પરમેશ્વરે મને પસંદ કર્યો છે. આ અનુભવથી પ્રાપ્ત થનારો સંતોષ એટલો દુર્લભ છે કે, તે કોઈકના જ ભાગ્યમાં આવે છે.''

કોઈક વિરલ મહાપુરુષને મળતો હોય છે તેવો સંતોષ અને અહોભાવ ડૉ. બાબાસાહેબને પ્રાપ્ત થયો છે, આ રાષ્ટ્ર મહાન રાષ્ટ્ર બને તેના માટે, તેમણે સત્તા, સંપતિ કે પ્રતિષ્ઠા કે પાવર (Power) માટે તેમના શબ્દો અન્યને અનુકૂળ આવે તેવી ભાષા તેમના જીવનમાં ક્યાંય જોવા મળતી નથી. જે સમયે સત્ય અને સાચું લાગે તે સમયે સત્ય અને સાચું પરખાવનાર મહામાનવ તે સમયગાળામાં જોવા જઈએ તો, બહુ ઓછા અને નહીંવત્ હતા. જ્યારે ડૉ. ભીમરાવ આંબેડકરને મહાત્મા ગાંધી સાથે મળવાનું થયું અને સંવાદ થાય છે, તે સંવાદના શબ્દો સ્પષ્ટ અને સીધા હતા. તે સંવાદ મહાત્મા ગાંધીથી સહન કે હજમ થયા નહોતા, પણ તેમાં તેમનો કોઈ પણ પ્રકારનો ઈરાદો કે વ્યક્તિગત અહમ્ સંતોષવા માટે ડૉ. ભીમરાવ આંબેડકરે શબ્દોનો ઉપયોગ કર્યો નહોતો. પરંતુ સમૃદ્ધ રાષ્ટ્ર, સશક્ત રાષ્ટ્ર, સ્વાભિમાની રાષ્ટ્ર બને તેવા તેમના વિચારો સ્પષ્ટપણે જોવા મળ્યા હતા. શક્તિશાળી રાષ્ટ્ર બનાવવું હશે તો, વ્યક્તિ-વ્યક્તિ સમાજ-સમાજ વચ્ચેની રાજ્ય-રાજ્ય વચ્ચેની છૂતાછૂત દૂર કરવા માટેની સૌ પ્રથમ નીંવ મૂકનાર મહાપુરુષ એક રાષ્ટ્રભાષા, એક સિવિલ સર્વિસિસ સંસ્થા (UPSC), રાજ્ય માટે (P.S.C.) તેમજ નાણાકીય સંસ્થા (રિઝર્વ બેન્ક) વહીવટી પ્રક્રિયા સાચી દિશામાં કામ કરે તેના

વહીવટી ઑડિટ માટે CAG સંસ્થા, C.V.C. જેવી અનેક બંધારણીય સંસ્થાઓ સાથે સર્વોપરી-જ્યુડિસરી જેવી સંસ્થાઓ, આપણને બંધારણમાં ભેટ ધરી છે. જીવનના હર તબક્કે રાષ્ટ્રની, રાષ્ટ્રીયતાની, નીતિઓને આવરી લેવામાં આવી છે. જેનો આપણી સરકારોએ યોગ્ય દિશામાં અને યોગ્ય દૃષ્ટિકોણ દ્વારા ઉપયોગ કર્યો નથી. તેના ભાગરૂપે ગરીબી, બેકારી, છૂતાછૂત, જાતિ-જાતિ વચ્ચે વૈમનસ્યતાઓ વધારે પહોળી જોવા મળે છે. સરકાર બનતી હોય છે. સુશાસન આપવા અને અપાવવા માટે, પરંતુ તેના કરતાં સરકારો હવે સત્તા વધારવા અને સત્તા ટકાવવા બનતી રહે છે. સરકાર સારી ચાલે તો સત્તા તેની પાછળ બાય ડિફોલ્ટ મળતી હોય છે. આજના પરિપ્રેક્ષ્યમાં આનાથી તદ્દન ઊલટાં દૃશ્યોનું નિર્માણ થઈ રહ્યું છે, તે રાષ્ટ્ર માટે અતિ ઘાતક છે. આપણી રાષ્ટ્રીયતા, આપણી સંસ્કૃતિ, વર્ગ સાથે જોડીને આપણે નીતિઓ બદલીએ છીએ - કઈ વ્યક્તિ છે, કયા વર્ગનો છે તેની સાથે રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીયતા જોડાઈ જશે. આ આપણી નરી મૂર્ખતા છે. જ્યારે બિનકાસમને આક્રમણ કરવામાં સહાયરૂપ થનાર કયા વર્ગમાંથી આવતો હતો ? કઈ જ્ઞાતિનો હતો ? જ્યારે આપણી રાષ્ટ્રીયતા ચોક્કસ વર્ગ સાથે અથવા ચોક્કસ સમાજ સાથે જોડાયેલી જોવા ટેવાયેલા માનવીને આપણે પોષવાનું બંધ કરવું પડશે. આજ નહીં તો કાલ, દેશ માટે, સમાજ માટે સમાનતા આવશ્યક છે. સમાનતા વિના દેશની મજબૂતી બિલકુલ નહીં ટકે.

• • •

# ૧૨. આચરણ

**આ**ફ્રિકન ક્રિકેટર હેન્સી ક્રોનીએ ખૂબ જ સક્સેસફુલ ક્રિકેટર અને આફ્રિકાની ટીમનો કેપ્ટન હતો. તેના દ્વારા મેચ ફિક્સિંગની ઘટના ઘટી. તે સમયે તેમણે તે બાબત દુનિયા સામે કબૂલી અને નૈતિકતાથી ભરેલી વ્યક્તિ પણ ભૂલ કરે, તેનું પ્રાયશ્ચિત્ત મીડિયા સમકક્ષ કરીને, વિશ્વના તમામ લોકોને ચોંકાવી દીધા. આપણા જીવનમાં પણ ભૂલોનો સરવાળો કરશું? હું સાતમા ધોરણમાં અભ્યાસ કરતો હતો, તે સમયે એક કવિતા આવતી, ઊંટભાઈનાં અઢારે વાંકાં...

પોપટની તો ચાંચ વાંકી,
મોરની તો ડોક વાંકી.

જ્યારે ઊંટનાં તો અઢારે અંગ વાંકાં છતાં અન્યને આપણે કહી રહ્યાં છીએ. પરંતુ વાસ્તવિક જીવનમાં પણ જોઈએ તો, કોઈ પણ જીવ હોય છે તે નાની અથવા મોટી ભૂલો કરતો હોય છે. કોઈ તેના શબ્દો દ્વારા પ્રકૃતિને ખલેલ પહોંચાડવાની ચેષ્ટા કરે છે. તે પણ અપરાધ છે. કોઈ રોંગ-સાઇડમાં ચાલે છે, તો કોઈ રોંગ-સાઇડમાં વાહન ચલાવે છે, જરૂર વગર હોર્નનો ઉપયોગ કરે છે, ઓવર સ્પીડે વાહન ચલાવવું, આકારણી ઓછી કરાવવી, ઈન્કમટેક્સ ઓછો ભરવો, અલગ-અલગ છટકબારીઓનો ઉપયોગ કરવો, અકારણે ઈલેક્ટ્રિસિટી વાપરવી, આપણાં દીકરા-દીકરીના પ્રસંગોમાં જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડી પ્રકૃતિને નુકસાન કરવું. આવી અનેક ભૂલોનો સરવાળો માંડવા બેસીશું તો, આપણે હેન્સી ક્રોનીએ કરેલી ભૂલો કરતાં આપણી ભૂલોનો સરવાળો મોટો જણાશે. આપણે આનાથી વધારે ભૂલો એટલે નથી કરી શકતા કે, આપણને મોકો મળતો નથી. જો આપણે ટ્રાફિક રૂલ્સનો

ભંગ કરી શકતા હોઈએ તો બીજી ભૂલો કરતાં ખચકાટ અનુભવીશું નહીં.

આપણે જ્યારે હિન્દુસ્તાન બહાર જઈએ છીએ ત્યાં શું કામ રૂલ્સને ફોલો કરીએ છીએ ? અન્ય દેશો વિકસિત દેશો બન્યા છે તેનાં કારણોમાંનું એક તો તે દેશના નાગરિકો તેના નીતિ-નિયમો, બંધારણને સર્વસ્વ અને સર્વોચ્ચ સ્થાન પર રાખે છે. વ્યક્તિગત નૈતિકતા તેમજ રાષ્ટ્રીય નૈતિકતામાં પણ આપણામાં આડમ્બર સિવાય કંઈ જ જોવા મળતું નથી. આપણે વાત મોટી-મોટી કરીએ છીએ, પણ તેમાંનું ૯૯% આચરણમાં ઉતારતા નથી. છેલ્લાં વર્ષોનો અભ્યાસ કરીશું તો ખ્યાલ આવશે કે, નૈતિકતાની દૃષ્ટિએ આપણે સારું કરવાનું સાઇડ પર મૂકી, મારું શું સારું થાય તે પ્રકારની મનોવૃત્તિ અને મનોસ્થિતિ લઈને ચાલનારા છીએ. જે આગળ પડતા લોકો છે તે કોઈ પણ પ્રકારની સિફારીશ કરશે એટલે સાચા અને સારા વ્યક્તિને અન્યાય થવાનો જ છે. આ પણ એક રાષ્ટ્ર માટે ઘાતક ઘટના છે.

આવા અનેક વિચારોનું Solution આપણી સામે, આપણી પાસે છે, પરંતુ આપણી માનસિક અને શારીરિક અથવા આર્થિકતાને ભોગે સ્વીકારવાની તૈયારી નથી. સમાજવાદ, રાષ્ટ્રીયવાદ, રાષ્ટ્રીયતાનાં ગાણાં ગાયા કરીએ છીએ. રાષ્ટ્રીયતા એટલે ફક્ત એક સમાજ, એક વિશેષ વર્ગ, રાષ્ટ્રીયતા એટલે એક વિશેષ જાતિ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં વસતા ભારતવાસીઓના કલ્યાણને જ રાષ્ટ્રવાદ કહેવાની જરૂર છે. રાષ્ટ્રીયતામાં સર્વ સમાજ બંધુઓની સરખી ભાગીદારી - સરખી હિસ્સેદારી, સમદૃષ્ટિભાવ રાખવો તેને રાષ્ટ્રીયતા કહેવાય. આપણે રાષ્ટ્રીયતાની મોટી-મોટી વાતો કરતા હોઈએ છીએ, પરંતુ એક વિશેષ વર્ગ માટે કાર્ય થતાં રહે છે તેને રાષ્ટ્રીયતા કહેવી એ નરી મૂર્ખતા છે.

આફ્રિકાના જંગલમાં એવા પ્રકારનાં વૃક્ષો છે, કે વૃક્ષને નફરત કરો તો તે વૃક્ષ આપમેળે સુકાઈ જાય છે. જો એક વૃક્ષ તેના પ્રત્યે ઘૃણા કરવામાં આવે તો તે સુકાઈ જાય છે, તો જીવતા-જાગતા અસ્પૃશ્ય જાતિના માણસ પ્રત્યે ઘૃણા રાખવામાં આવે છે ત્યારે તેની શી દશા થતી હશે ? જો એમનામાં જીવ ન હોય

તો તે વૃક્ષ સુકાય નહીં. તેમાં પણ જીવ છે. જો તેનામાં જીવ હોય તો પછી જીવતા-જાગતા પુરુષમાં જીવ હોવાનો, છતાં પણ કહેવાતા ઉચ્ચવર્ણનો મનુષ્ય, મનુષ્યના અધિકારો આપવામાં અને અપાવવામાં ઊણો ઊતરે છે અને અધિકારોનું હનન કરવામાં અગ્રેસર રહે છે. શું તે માણસને લાયક છે ? શું તે ખરેખર માણસની વ્યાખ્યામાં આવી શકે ? આપણા ઋષિમુનિઓ દ્વારા કહેવામાં આવેલું છે, અણુ-અણુમાં ઈશ્વર વસેલો છે. જો આ વાત સ્વીકારીએ તો, મનુષ્ય-મનુષ્યથી કઈ રીતે જુદા હોઈ શકે ? એક વર્ગ ઉચ્ચ અને એક વર્ગ અછૂત કઈ રીતે હોઈ શકે ? શું ખરેખર આપણે માણસ છીએ ? શું આપણે આપણી જાતને માણસ કહેવડાવવાને લાયક છીએ. એક તળાવ કે એક કૂવામાંથી અછૂત પાણી ન ભરી શકે, પણ એ જ તળાવમાં પશુઓ પાણી પીવે તે પાણી પીવામાં આપણો ધર્મ અભડાતો નથી; પણ મનુષ્યજીવ જો તળાવમાંથી પાણી પીવે તો ધર્મ ભ્રષ્ટ થાય છે. આ કેવો ધર્મ ! પરંતુ ધર્મને નામે ધંધો કરનારા દ્વારા રાષ્ટ્રને નબળું પાડવાનું ઘોર પાપ કરવામાં આવી રહ્યું છે. છતાં પાછા આપણે આવા અધર્મીઓની વાતોમાં આવી રહ્યા છીએ. તેનો ઉકેલ શોધવો રહ્યો. ધર્મની હાટડીઓ ખોલીને બેસી ગયેલા અધર્મીઓને ''રૂક જાવ,'' કહેવાનો સમય હવે આવી ગયો છે. આજના સમયે ધર્મ અને માનવતા વચ્ચેનો જંગ ચાલી રહ્યો છે. તેમાં માનવતાનો વિજય થાય તેવું વાતાવરણ નિર્માણ કરવું છે. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે તેમજ સમાજ-સમાજ વચ્ચે ભેદભાવ પાળવાની વૃત્તિ અને પ્રવૃત્તિ બંધ નહીં થાય તો ખૂબ જ મોટું નુકસાન ભારતને ભોગવવું પડશે. તેના માટે ન તો બીજો દેશ હશે, ન તો બીજા દેશના લોકો હશે. જે ભોગવવું પડશે જે કદાપિ ભરપાઈ નહીં થાય ! તે હિન્દુસ્તાનની પ્રજા દ્વારા ઊભું કરેલું હશે. અસમાનતા, અત્યાચાર, અસંસ્કારિતા, અસમજણના કારણે દેશને નુકસાન થઈ રહ્યું છે. શું તેનું નિવારણ કરવાની આપણી નૈતિક જવાબદારી છે ? સત્તા વધારવા માટે સરકારો કામ કરતી હોય તે ના તો પ્રજાનું ભલું કરી શકે કે, ના તો દેશનું, સમાજનું ભલું કરી શકે ! તે સત્તા વધારવા અથવા સત્તા ટકાવવાના કાર્યમાં કાર્યરત

હોય છે. તેથી તે રાષ્ટ્રનું સાચું નિર્માણ થાય તેવું કરવાની વૃત્તિ તેમનામાં મરી પરવારી હોય છે.

આપણે જો વિશ્વના દેશોની શાસકીય પદ્ધતિઓ જોઈશું તો, અમેરિકા જેવા દેશમાં શાસકીય પદ્ધતિ પ્રેસિડૅન્ટલ પ્રદ્ધતિ છે. તે બે ટર્મ પ્રેસિડૅન્ટ રહી શકે છે. જેથી તેઓ સારું શાસન પ્રજાને આપતા હોય છે. સારા શાસન થકી સારો વહીવટ કરીને દેશના હિતમાં સારા અને સાચા નિર્ણયો લેતા હોય છે અને તેથી વિશ્વની મહાસત્તા છે. વિશ્વની મહાસત્તા હોવા છતાં, વ્યક્તિગત લોકપ્રિયતા પ્રાપ્ત કરવા છતાં રાષ્ટ્ર માટે શું જરૂરી પરિવર્તન કરવા યોગ્ય છે, તે પરિવર્તન કરતાં તેઓ ખચકાતા નથી. કારણ બહુ સ્પષ્ટ છે કે તેને ફક્ત દેશના વડા તરીકે બે ટર્મ જ મળવાની છે. તેનો ઉપયોગ કરી સંપૂર્ણ સત્તા દ્વારા રાષ્ટ્રને મજબૂત કરતા જોવા મળે છે. ત્યાં ફકત બે પક્ષ છે. બન્ને પક્ષની વિચારધારા અલગ-અલગ હોવા છતાં, ક્રિટિસાઈઝનું અને ભાષાનું સ્તર એક લેવલ સુધી મેઈન્ટેન કરતા જોવા મળે છે. તેના પ્રેસિડૅન્ટ લોકપ્રિય થવા કરતાં, લોકો માટે કામ કરતા હોય છે. બિલ ક્લિન્ટન જેવા પ્રેસિડેન્ટે અમેરિકામાં બે વર્ગ કાળા અને ગોરા વચ્ચે જે ભેદરેખા હતી તેને દૂર કરવાની કોશિશ કરી અને તેનું પરિણામ પણ તેમને પ્રાપ્ત થયું, જેથી અમેરિકાની સમૃદ્ધિ અને વિકાસમાં હરણફાળ વધી અને વિશ્વની એકમાત્ર મહાસત્તાના સોપાન તેના હાથમાં લાગ્યાં. અમેરિકાના પ્રેસિડૅન્ટ, બિલ ક્લિન્ટન બન્યા પહેલાં આપણે છાપાઓમાં કે ટેલિવિઝનમાં સમાચારો સાંભળતા કે એક કાળી વ્યક્તિએ આઠથી દસ ગોરાઓને ગોળીએ દીધા. આ એક રૂટીન બાબત હતી. જેનો મહદ્ અંશે ઘટાડો થયો, તેના થકી દેશની સમૃદ્ધિ વધી અને શક્તિશાળી રાષ્ટ્ર બન્યું હતું અને શક્તિ અને સમૃદ્ધિમાં વધારો થયો. કારણ સ્પષ્ટ હતું તેને સમય મર્યાદિત મળવાનો હતો તેને સંપૂર્ણ ઉપયોગ સાચી દિશામાં કર્યો તેમને ત્રીજી ટર્મ મળવાની નહોતી. તેને ત્રીજી ટર્મ માટે કેન્ડિડેટ બનાવવાના નહોતા. અમેરિકાનું આ સૌથી મજબૂત પાસું છે.

બરાક ઓબામા જેવા એક બિન ગોરા વ્યક્તિને અમેરિકાની પ્રજા પ્રેસિડૅન્ટ તરીકે ચૂંટે છે. શું કામ ? ત્યાં વ્યક્તિના રંગ કે ધર્મ કે જાતિને નહીં પણ કર્મશીલ વ્યક્તિને ચૂંટવામાં માને છે, અમેરિકાના ભલા માટે, નહીં કે વર્ગ ના ભલા માટે. જ્યારે આપણા દેશની વાત કરીશું તો, કયા વર્ગ, કઈ કોમ, કયા ધર્મમાંથી આવે છે તેને મહત્ત્વ મળશે, નહીં તેના ગુણને કે કાર્યને ! જેથી જે વર્ગમાંથી આવો છો પહેલાં તેનું ભલું કરવાનું વિચારશો, પછી તમારા વિસ્તારનું અને જો બાકી સમય બચ્યો તો દેશ માટે વિચારશો. જ્યારે તમે તમારા વર્ગનું ભલું કરવાનું વિચારશો એટલે અન્ય વર્ગને જાણે-અજાણે અન્યાય થવાનો તે પાકી વાત છે. તેઓ સત્તામાં બન્યા રહેવા માટે, લોકોપયોગી કાર્ય કરવાને બદલે સત્તા મેળવવા માટે સરકારને ટકાવવા માટે ચલાવવાની પેરવી કરતા હોય છે. રાજ્યનું કે રાષ્ટ્રનું જે થવું હોય તે થાય ! મારી સરકાર બનવી જોઈએ અને હું ફરીને સત્તાસ્થાને બેસવો જોઈએ. એક ડૉક્ટરનું, એક એન્જિનિયરનું, એક જજનું, એક IPS કે IASનું ૫૮ વર્ષ કે ૬૦ વર્ષે રિટાયરમેન્ટ નક્કી છે, પરંતુ આપણા દેશમાં રાજકીય વ્યક્તિઓનું રિટાયરમેન્ટ નક્કી નથી. જેથી તે સત્તાસ્થાને લોકોપયોગી કાર્યની જગ્યાએ પોતાની સત્તા ઉપયોગી કાર્યને આગળ ધરીને, કાર્ય કરતા જોવા મળે છે. જેથી ન તો તે સાચી સરકાર ચલાવી શકે છે, ન તો તે સાચી સત્તા પ્રાપ્ત કરી શકે છે. સત્તામાં બન્યા રહેવા માટે જ સરકારો ચલાવવામાં આવે છે. જો તમે સારી સરકાર ચલાવશો તો સત્તા તેની પાછળ દોડતી આવશે, તે નરી વાસ્તવિકતા છે. પરંતુ આપણે તેનાથી જોજન દૂર રહ્યા છીએ. અને આવનાર શાસનકર્તા સાચી સરકાર ચલાવવાથી જોજન દૂર રહેશે, તેમાં કોઈ બેમત નથી. અમેરિકા જેવા વિકસિત દેશમાં તેમના પ્રેસિડેન્ટને આઠ વર્ષથી વધારે સમય મળતો નથી. તો શું કામ આ દેશમાં એકના એક જ વ્યક્તિને આપણે સત્તામાં જોવા જોઈએ. રાષ્ટ્રમાં સર્વોચ્ચ સ્થાને સમય-મર્યાદા નક્કી કરવી જોઈએ. આપણો દેશ આઝાદ થયે જો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ, ૭૫ છતાં અવિકસિત દેશની યાદીમાં આપણે આવીએ છીએ. તેમાં લોકશાહી પદ્ધતિ

ખૂબ જ સારી છે પણ ધારાસભા, સંસદ, કોર્પોરેશન કે જિલ્લા પંચાયતમાં બે ટર્મથી વધારે સમય જો ફાળવવામાં ન આવે તો, લોકશાહીનાં સારાં અને સાચાં ફળ સમાજમાં સારી રીતે ઝડપી પહોંચી શકે. કાર્ય પદ્ધતિ બદલવી જોઈએ. જેમાં દેશને પ્રથમ સ્થાન આપવાની માનસિક તૈયારી જોઈએ. Nation firstની માનસિકતા બનવી જોઈએ. કોઈ પણ બાબતનું પુનઃમૂલ્યાંકન થવું જોઈએ. ટૂંકમાં માણસના આચરણથી વાતાવરણમાં ફરક પડે છે. તેમજ દેશના વાતાવરણમાં પણ ફરક પડે છે. સ્વતંત્રતા પછી સત્તાનું વિકેન્દ્રીયકરણ થયું પણ એ ચોક્કસ વર્ગ પૂરતું સીમિત રહ્યું, એટલે સત્તાસ્થાને બેઠેલાનું સત્તાધારીનું આચરણ દેશ હિતમાં હોય તો તેની અસર પડતી હોય છે. આચરણ એ અરીસો છે દેશની વાસ્તવિકતાનો.

• • •

# ૧૩. સમભાવ

**જે** પ્રજા તમને સત્તા ઉપર બેસાડે છે, તે તમને સત્તાસ્થાનેથી ઉઠાડી મૂકવા માટે સક્ષમ હોય છે. તેનાં અનેક ઉદાહરણ છે. જે સત્તા મળી છે તેને સાચી દિશામાં વાપરી જાણે તે સારો અને સાચો શાસક કહેવાતો હોય છે. સારા અને સાચા શાસક પાસે સમદૃષ્ટિ અને સમભાવ જરૂરી છે. તેનામાં સમભાવ કે સમદૃષ્ટિ નથી તો તે, ન તો રાષ્ટ્રનું કે પ્રજાનું ભલું કરી શકે. સમભાવ, વ્યક્તિમાં એકાએક ઉદ્ભવતો નથી, તેના માટે જેના જીવનમાં પ્રારબ્ધ અને પરિશ્રમનું મિશ્રણ જોડાયેલું હોય તે વ્યક્તિમાં સમભાવ સંભવી શકે છે. તેની સમભાવના બની શકતી હોય છે. જે વ્યક્તિમાં સમભાવ નથી તે મનુષ્ય નથી. તે વ્યક્તિ માનવી ક્યારેય બની શકતો નથી. એટલે સૌ પ્રથમ માનવી બનવું મનુષ્ય માટે મહત્ત્વનું છે. જે વ્યક્તિ માનવી બની શકતો હોય છે, તે વ્યક્તિ જ મહાન પણ બની શકતો હોય છે.

આપણે ઘણી વખત સાંભળતાં હોઈએ છીએ કે, માણસ થા, તોય ઘણું. માણસ થાય તોય ઘણુંમાં જ બધી બાબતોનો સમાવેશ છે. પહેલો ભલો માણસ છે. આ ભલા માણસની વ્યાખ્યા ત્યારે જ પ્રાપ્ત થતી હોય છે, જેની કરણી અને કથનીમાં એકરૂપતા જોવા મળે છે. એકરૂપતા માટે અનેક પ્રકારનાં બલિદાન વ્યક્તિએ જીવનમાં કર્યાં હોય છે. No, accountability. જવાબદેહી વગરની કોઈ પણ બાબતો અને કોઈ પણ પ્રક્રિયા હોતી નથી. પરંતુ આજના સમયમાં શું સારું અને શું ખરાબ છે. તેના વચ્ચેની પ્રક્રિયા અથવા વાત નથી. પરંતુ આ સારા નથી એટલે અમે તેના જેટલા ખરાબ નથી, આ વાત અથવા વહેવારની ચર્ચાઓ થઈ રહી છે. અને તેવી બાબતોમાં સમય પસાર થઈ રહ્યો છે. પરંતુ કોઈ નક્કર બાબતો અથવા પ્રક્રિયા થતી જોવા મળતી નથી. કોઈ પણ રાજ્ય કે દેશના શાસનકર્તા

પ્રામાણિક અને પારદર્શી હોવા જરૂરી છે. આ પ્રાથમિક શરત છે. રાજ્યની ન્યાયપાલિકા, રાજ્યનો વહીવટી વડો, રાજ્યનો કાયદો અને વ્યવસ્થાના વડાઓ દ્વારા રાજ્યની ગતિ કઈ દિશામાં જવાની છે તેની પારાશીશી છે. જે તેમની કાર્યપદ્ધતિઓ દ્વારા નિર્માણ થતી જોવા મળતી હોય છે અને તેના થકી રાજ્ય કે રાષ્ટ્રની વિકાસની દિશા નક્કી થતી રહેતી હોય છે. જે તેનાં પ્રાથમિક તારણો આપણે સૌ નિહાળતાં હોઈએ છીએ. આ સત્ય છે. સત્યને કોઈ નકારી શકે તેમ નથી. સરકારનું પ્રથમ કર્તવ્ય છે કે સર્વનું કલ્યાણ કરવું, સર્વની સુખાકારી માટે કાર્ય કરવું, સર્વને ન્યાય, સર્વને રોટી, કપડાં અને મકાન મળી રહે તે જ હોય છે.

આજના સંદર્ભમાં આપણે વાત કરતા હોઈએ તો ભારતમાં ફક્ત ૪% વર્ગ પાસે ૯૦% મૂડી છે. તમામ કુદરતી રિસોર્સિસ પર તેમનો દબદબો અથવા એકાધિકાર પ્રસ્થાપિત થયેલો જોવા મળે છે, તે રાષ્ટ્રને હાનિ પહોંચાડવાનું પરિબળ છે. ભારતની મોટામાં મોટી કંપની આપણે જોઈએ. તે કંપની કેટલા લોકોને રોજગારી આપી શકે છે ? તો આપણને ખ્યાલ આવશે કે, તે રોજગારી આપવામાં ૦.૦૦૦૧ પર્સન્ટેજ પણ નથી જોવા મળતી; છતાં આપણે તેના માટે અર્થવ્યવસ્થાને પણ અસર કરી આપણે તેના માટે અલગ પ્રાવધાન, અલગ સિસ્ટમ ડેવલોપ કરતા જોવા મળે છે. શું કામ ? શા માટે ? શું તે દેશને પ્રગતિના પંથે લઈ જાય છે. ના ના, પણ મારા માટે મારે જ્યારે જરૂરિયાત ઊભી થશે તે સમયે મને ઉપયોગી થશે અને તેના માટે જે કરવાનું છે તે નથી કરતા અને જે નથી કરવાનું તે ઘણું બધું આ ખ્યાલને કારણે કરતા હોય છે. આમાં હું, તમે કે કોઈ બાકાત નથી. સત્યને વહેલું અથવા મોડું સ્વીકારવું પડતું હોય છે. આ જગતમાં આ ધરતી પર કોઈ અમરત્વ પ્રાપ્ત કરીને આવેલ નથી. જેનું નામ છે, તેનો નાશ છે, છતાં પણ આપણે અમરત્વ પ્રાપ્ત કરીને આવેલા છીએ. આપણે સૃષ્ટિમાં એક જ છીએ. બાકી બધું મિથ્યા છે. તે પ્રકારના અસમજણભર્યા વિચારોને પ્રોત્સાહિત કરતા જોવા મળે છે. આ અર્ધસત્ય છે કે પૂર્ણ સત્ય છે, તેનો વિચાર કરવાનો પણ સમય નથી અથવા સમય આપવાની તૈયારી નથી. તેના લીધે અનેક પ્રકારની સમસ્યાઓ ઉદ્‌ભવે છે અને

તેના નિવારણ માટે આપણે હજાર ગણી મહેનત કરવા ટેવાયેલાં છીએ. પરંતુ આવું બને જ નહીં અથવા સમસ્યાઓ પેદા થાય નહીં તેનો વિચાર કર્યા વગર આપણે આગળ વધતા જોવા મળે છે. તેનાં પ્રમાણ આપવાની જરૂર નથી. કહેવત છે ''કુત્તા ના ઘર કા ના ઘાટ કા'' જેવી સ્થિતિ અચૂકપણે જોવા મળે છે. મનુષ્ય કયા અને કેવા પ્રકારની સ્થિતિઓનું નિર્માણ કરતા જાય છે તેનો હિસાબ કાઢવો પણ હવે મુશ્કેલ છે.

એક જ વિચારે મને હલાવી નાખ્યો છે કે શું આ બધું શાના માટે? અને શા માટે ? શું બધા કાર્યને ન્યાય નથી આપી શકતો તો પણ વાત કરવાનો અને લખવાનો કે સાંભળવાનો નૈતિક હક નથી. તે સત્ય અને અસત્ય વચ્ચે જેટલો તફાવત પડેલો હોય છે તેટલો જ આપણે જે-જે બાબતોની વાત અથવા વિચારણા કરતા હોઈએ છીએ તે સ્વીકારવું જ રહ્યું. જો વાત સ્વીકારવામાં બહાનાબાજી કરીશું તો બીજા, ત્રીજા અને આપણામાં શું તફાવત રહેશે કે વિચારવા યોગ્ય બનશે ? પરંતુ સત્ત્વ અને સાર્થકતા સાથે સરવાળો કરવો રહ્યો. સાર્થકતા ત્યારે જ સંભવી શકે જ્યારે તમારામાં સમદૃષ્ટિ હોય, સમદૃષ્ટિને સાર્થક કરવા માટે સમભાવ હોવો જરૂરી છે. આ બન્ને સાથે લઈને સમદૃષ્ટિનો વિચાર પેદા થતો હોય છે. તેના માટે પરિશ્રમ-પુરુષાર્થ અને પ્રારબ્ધને સાથે રાખી ચાલવું પડતું હોય છે. જે વ્યક્તિનાં વાણી-વર્તન અને વિચારમાં સામ્યતા જોવા મળતી હોય તેની જ ગણતરી અને ગણના જોવા મળે છે. જ્યારે આજે તો એવા લોકોની ગણના અને ગણતરી થાય છે જે અતિક્રમણથી, અનીતિ અને અવ્યવહાર નીતિથી આગલી હરોળ સુધી પહોંચ્યા છે. હવે ના તો નીતિ જોવાય છે, ના તો ભીતરનો કે બહારનો વિચાર કરવામાં આવે છે. ફક્ત ક્યાં, કેટલો અને કેવો મને ઉપયોગી બની રહેશે. તેના દૃષ્ટિકોણથી જ વિચાર કરવામાં આવે છે. ન તો તેના માટે કે બીજાના માટે ઉપયોગી છે. પણ આવા અવગુણ હોવા છતાં સાથે રાખીને સત્તાનો સહારો મેળવવા ઉપયોગમાં લેતા જોવા મળે છે. તેનાં તાદશ્ય દશ્યો અવારનવાર જોવા મળે છે. આ દેશની લોકશાહી ચાર સ્તંભો પર ઊભી છે જેમાં ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર અને મીડિયા છે.

આ ચાર સ્તંભોમાંથી એક પણ સ્તંભ નબળો પડે તે ન તો રાષ્ટ્ર માટે સારી બાબત છે, કે ના પ્રજા માટે. ચાર સ્તંભોમાંથી એક સ્તંભને લૂણો લાગ્યો છે. આ લૂણો ભવિષ્ય માટે સારું ચિહ્ન નથી. છતાં આપણે ઉપરનો માળ જ નથી તેમ, બધી બાબતોને આપણી ઈચ્છા ન હોવા છતાં, સ્વીકારી રહ્યા હોય તેમ દેખાઈ રહ્યું છે. હું અને તમે સૌ એમ વિચારીને બેસી રહ્યા છીએ કે, આ બાબતથી કંઈ નુકસાન થવાનું નથી; પરંતુ આ મારી અને તમારી ભયંકર ભૂલ હશે અને તે સમાજ કે રાષ્ટ્રને ન પૂરી શકાય તેટલી મોટી ખોટમાં ધકેલી દેશે. આપણે આપણા વિચારોને વેગ આપવામાં ઊણા ઊતર્યા અને અસ્થિર બનીને બેઠા-બેઠા બકવાસ સાંભળી રહ્યા છીએ. આ બકવાસ દેશને બરબાદ કરશે. આ જ અને અહીંથી જ દેશને માટે ઘાતકતાની શરૂઆત થતી જોવા મળે છે. સત્ય અને અહિંસાની વાત કરી છે, પરંતુ તેને સાચા અર્થમાં વહેવારમાં અને વર્તણૂંકમાં લાવવી ખૂબ અઘરી વાત છે. પણ આપણે આ શબ્દોનો આપણી જરૂરિયાત પ્રમાણે ઉપયોગ અને અર્થ કરી લઈએ છીએ.

મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે ?
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !

ટળવળે તરસ્યાં, ત્યાં જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મૂસળધાર વરસી જાય છે !
ઘર વિના ઘૂમે હજારો ઠોકરાતાં ઠેરઠેર,
ને ગગનચુંબી મહેલો જનસૂના રહી જાય છે !

દેવડીએ દંડ પામે ચોર મૂઠી જાર ના,
લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે !

કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !

છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !!!

**કરસનદાસ માણેક**

ભારતના સમયે-સમયે અનેક પ્રકારના નારાઓ સાંભળ્યા હતા. એક નારો હતો જે ભારત દેશ આઝાદ થયો નહોતો, ભારત દેશ અને ભારતના લોકો અંગ્રેજ શાસનકાળમાં ગુલામ હતા તે સમયે મહાત્મા ગાંધી અને કોંગ્રેસે 'Quit India' (ભારત છોડો)નો નારો આપ્યો અને આખા દેશમાં વીજળી વેગે પ્રસરી ગયો અને લોકો રસ્તાઓ ઉપર આવી ગયા હતા. પરિણામ, દેશને સ્વતંત્રતા મળી. આવો નારો દેશ આઝાદ થયા પછી પણ દેશની જનતા અથવા દેશના નાગરિકોને આપવામાં આવ્યો ''ગરીબી હટાવો''. તે નારાનું પરિણામ એ આવ્યું કે, ગરીબી તો હટી નહીં, પરંતુ નારા આપનાર પાર્ટીને પ્રજાએ સત્તાના સિંહાસન ઉપર આરૂઢ કરી હતી. સમયે-સમયે અનેક રાષ્ટ્રીય પક્ષો દ્વારા સ્લોગનો મળતાં રહ્યાં. ''સાઈનિંગ ઈન્ડિયા'' ફીલગુડ જેવા અનેક નારા સાથે ''અબકી બાર અટલ સરકાર'' ''સૌનો સાથ સૌનો વિકાસ'' જેવા અનેક નારાનું લાંબું લિસ્ટ આપણને જોવા મળે છે. પરંતુ ભારતની આઝાદીના ૭૫મા વર્ષે સંવિધાન બચાવો નારો સાંભળવા મળે છે. જ્યુડિસરી બચાવો, જેવા નારાઓ આઝાદ દેશમાં સાંભળતાં મન-મસ્તિષ્કમાં અનેક પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ દેશમાં કાયદો ખતમ થઈ રહ્યો છે કે શું ? આ દેશમાં જાતિવાદીથી દેશને આઝાદી મળી નથી, ત્યાં દેશ સામે નવા પડકારો આવી રહ્યા છે. મારા શબ્દો યાદ આવી જાય છે, સમભાવનું કચુંબર જોવા મળે છે. સમભાવ બંધારણનો આત્મા છે. જો એક જ વર્ગ માટે હિતકારી નિર્ણયો થશે તો સમભાવને સ્થાને વિખવાદ ઊભો થવાની શક્યતાને નકારી શકાય નહીં.

સમભાવ - ભારતની માટીમાં છે. તેને જાળવવો પડશે.
સમભાવ - થી- સમાજ સુખી થશે તેવો વિશ્વાસ છે.

• • •

# ૧૪. સામાજિક પ્રતિબદ્ધતા

**આ**જે પણ ભારતમાં રાત્રે ભૂખ્યાં સૂઈ જનારાઓની જનસંખ્યા લાખોમાં નહીં પરંતુ કરોડોમાં જોવા મળે છે. ને સૂવા માટે નીચે ધરતી અને ઉપર આકાશનો આસરો છે તેને ઓટલો પણ ભાગ્યમાં નથી. નથી મનમાં જગ્યા કે મારા દેશનો નાગરિક ભૂખ્યો સૂઈ જાય છે, જે મારા શાસનકાળમાં કોઈ પણ સંજોગે બનવું જોઈએ નહીં શું તેવી નીતિનો હું પ્રેરક બની શકું તે જ મારા માટે સત્તા અને સિંહાસનની ભાવના પ્રબળ બને ? આ કાર્ય હું ન કરી શકું તો સત્તા ઉપર બેસનારાઓ આવ્યા અને ગયા. સત્તા કોઈ પણ સાથે ચીટકીને રહેતી નથી. સત્તા આપમેળે તેનો સમય થાય એટલે જતી રહી છે. પરંતુ સત્તા પ્રાપ્ત કર્યા પછી શું કર્યું તે પ્રજાને યાદ રહેતું હોય છે. સત્તાથી સમય ખરીદી શકાતો નથી. તે તેના ચક્રના સમય પ્રમાણે ચાલતું રહેતું હોય છે. આ ચક્ર ભગવાન બુદ્ધ, સમ્રાટ અશોક, છત્રપતિ શિવાજી મહારાજ, શક, હુણ, ડચ, ફિરંગી, મુસલમાન, મુગલ અને અંગ્રેજોએ સમય સાથે વિદાય લીધી છે.

આજના સમયમાં અહિંસાના પૂજારી ગાંધીજી, જે હિંસાને દૂરથી પણ જોવાનું મનમાં વિચારતા નહોતા તેવા આત્માને પણ ગોળીએ દેવાનું કાર્ય થયું હતું. જેણે વિશ્વની શ્રેષ્ઠતમ ડિગ્રીઓ મેળવી, બીજાના દુઃખમાં પોતાનું જીવન દેનાર, અમાનવીય વહેવારોથી થાકેલી પ્રજાના ભગવાન થઈને પૂરું જીવન ખર્ચી નાખનાર મહાપુરુષ ડૉ. ભીમરાવ આંબેડકર સમય આવ્યે પંચતત્ત્વમાં વિલીન થયા હતા. જેથી સમય સાથે હોય ત્યારે સમયને ઓળખી સારા કાર્યનો આગ્રહ જ આપણને ઉન્નતિ અને ઉજ્જવળ દિશા આપતો હોય છે. આપણે આપણી દિશા નક્કી કરી, આપણા ભાગે આવતું કર્મ ચાલુ રાખવું જોઈએ. કર્મ એ વહેતી નદી જેવું હોય છે. આપણે બીજાને મદદમાં આવીએ તો પણ સારું.

પૃથ્વી પર વાદળો વિખેરાયેલાં જોઈ શકીએ છીએ. તે ગમે તેટલાં પાણીથી ભરેલાં હોય તો તેણે વરસવું પડે છે અથવા વિખેરાય જવું પડે છે. મહામાનવોની સાથે લઈને સારા છંટકાવ કરવા વરસ્યા છતાં વાણી અને વ્યથાઓને છોડીને એકરૂપ થઈ, પરમાત્માના સ્વરૂપમાં પાછા પહોંચ્યા છે. છતાં આપણે તેના પ્રભાવને પામી શકીએ તેમ નથી, તો પણ આપણે આપણી જ્ઞાતિનો ભાવ, રૂપનો ભાવ, સત્તાનો ભાવ, શરીરનો પ્રભાવ છોડવામાં આખું આયખું ખર્ચી નાખ્યું છે. છતાં પરમતત્ત્વ સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર થવાનો નથી. છતાં હું અને મારા જેવો બીજો કોઈ નહીં તે ભાવ છોડતા નથી. છતાં આપણે આપણી વાત મનાવવા મથી રહ્યા છીએ. જો મનોવ્યથાનાં દ્વાર ખૂલી જાય તો જગત મિથ્યા થઈ જાય છે. પરંતુ જગત મિથ્યાની વાતને ધ્વનિ સ્વરે જ કર્યા કરીશું ? તેનામાં પડેલ ભાવને મન-મસ્તિષ્કમાં ઉતારવાનાં દ્વાર આપણે આપણી અનુકૂળતા પ્રમાણે ખુલ્લાં અથવા બંધ કરવા ટેવાયેલા છીએ. જેથી કરીને સત્ય અને સમર્પણના સાચા શબ્દોથી જોજનો દૂર જોવા મળતો હોય છે. સત્ય પકડવા આપણે ઘણાં વલખાં મારીએ છીએ, પરંતુ સત્ય ત્યાં સુધી આપણી નજીક નહીં આવે, જ્યાં સુધી આપણામાં ઈર્ષા, અહંકાર, જ્ઞાતિભાવ, જાતિભાવ, વર્ગભાવ, વિદ્રોહીપણું હશે ત્યાં સુધી. સારું અને સાચું સમજવા માટે પણ સજાગતા જરૂરી છે. સમજણ અને સજાગતા કેળવાશે તો સત્ત્વનો સહારો લઈને જીવન સમું-સૂતરું આગળ વધી શકે છે. સમજણ વગરનો સમાજ કે વ્યક્તિ ક્યારેય કોઈનું ભલું કરી શકતો નથી. ન તો તે તેનું ભલું કરી શકે છે કે ન તો તેના પરિવારનું કે સમાજનું કે રાષ્ટ્રનું ભલું કરી શકે. તેથી સમજણ વગરનો વ્યક્તિ સરવાળે સૌને નુકસાનકર્તા બનતો હોય છે. આ સમયમાં સમજણ વગરનો વ્યક્તિ સૌથી ઘાતક સાબિત થતો હોય છે. તેથી ઘાતકી સ્વભાવવાળો ઘોર અપરાધ કરવામાં જરા પણ રાહ જોતો નથી. આજના સમયમાં ઘાતકી સ્વભાવવાળાઓથી સમાજ બચાવવો જરૂરી છે. નહીં તો સમાજને અને રાષ્ટ્રને ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાન થઈ શકે છે. ધરતી માતા માટે આપણી પણ જવાબદારીઓ છે. આ જવાબદારી ઉપાડવા

આપણી તૈયારી છે ? જો તૈયારી હોય તો તમે તેના માટે આગળ ને આગળ વધવા સિવાય આપણી પાસે સમય બચ્યો નથી. તેથી સ્વથી ઉપર ઊઠી સમાજ અને રાષ્ટ્ર માટે આગળ વધતાં રહીએ. તો જ કંઈક કરી શકીશું, નહીં તો સમય પસાર થતો રહેશે.

વ્યથાનાં વાદળો હંમેશા સામે આવીને કહે છે કે, ૭૫મું પ્રજાસત્તાક પર્વ પણ આપણે હર્ષો-ઉલ્લાસની સાથે ઊજવ્યું છે, પરંતુ હજુ આજે પણ ૭૫ આઝાદીના અમૃત મહોત્સવ પછી પણ આઝાદીમાં મળેલા basic rights છેવાડાના માણસ સુધી પહોંચ્યા નથી. આજે પણ દરેક વર્ગમાં અસમાનતાનો નવો વર્ગ ઊભો થઈ રહ્યો છે. આજે જેણે આઝાદીની પહેલી પેઢીએ અનામતના લાભ લીધા છે, તે વર્ગના પરિવારની આજુબાજુ અનામત લાભો કે સરકારી નોકરી, સરકારી સહાય તેમના સુધી અને તેમના પૂરતી જ અને તેમનો એકાધિકાર હોય તેમ બની રહ્યું છે. તેમણે અથવા તેમના પિતાએ class-I કે classII, IAS અથવા IPS તેમના ઉપરના વર્ગમાં સર્વિસ કરતા હોય તેમના ક્રિમિલેયર જેવી જોગવાઈ નહીં ઊભી કરીશું તો એક જ પરિવારને લાભો મળતાં રહેશે.

શરીરમાં જેમ હાથીપગાનો રોગ થાય છે તેના જેવી સ્થિતિ તમામ સમાજ તથા તમામ વર્ગમાં થવાની છે. હું તો આગળ વધી એમ કહેવા માંગું છું કે, ફક્ત નોકરીમાં શું કામ, આવી બાબતો પંચાયતથી માંડી પાર્લામેન્ટ સુધી રિફોર્મ કરવાની તાતી જરૂરિયાત છે. કોઈ પણ વ્યક્તિ કેટલોય મહાન હોય તેમને બે ટર્મ કરતાં વધારે સમય ધારાસભામાં કે સંસદમાં મોકલવો જોઈએ નહીં. જેથી જે વ્યક્તિ ધારાસભા કે સંસદમાં જશે તેમણે સતર્કતાથી સારાં કાર્ય કરવાની તેમનામાં નૈતિક હિમ્મત અને પવિત્રતા રહેશે. તે તેના વિસ્તારના સાચા અને સારા કામ માટે ખંતથી મહેનત કરશે.

આજના સમયમાં રાજકારણ એક વેપાર બની ગયો છે. જે પંચાયતનું પદ એક વખત પ્રાપ્ત કરે છે, તે પાંચ વર્ષ પછી જો એ વિસ્તારમાં સ્ત્રી અનામત આવે

તો પોતાની પત્નીને આગળ કરતો આપણે જોઈ શકીએ છીએ. શું કામ ? કારણ કે સત્તા, સંપત્તિ, પ્રતિષ્ઠા અને પાવર બધી બાબતો ઑટોમેટિક તેમના હાથમાં આવી જાય છે. આ આપણી લોકશાહીની સૌથી નબળી કડી છે અને મોટું દૂષણ છે. આ નબળી કડીઓનો ઉપયોગ રાજનીતિના દૂષણથી રાષ્ટ્રમાં અરાજકતાનો એક નવો અધ્યાય શરૂ થયો છે. જે કોઈ પણ રીતે વાજબી કે વહેવારુ ઉકેલ છે જ નહીં. આ રીત અને રસમોથી લોકશાહીમાં રહેલા Basic Rightsને નુકસાન પહોંચાડી રહ્યા છીએ. આજના સમયની આ સ્થિતિ છે. તેથી બે ટર્મથી વધારે કોઈ પણ વ્યક્તિને ધારાસભામાં કે સંસદમાં ન મોકલવાનો વિચાર લાવ્યા વગર છૂટકો નથી. આ સાચી અને સત્ય વાત આજે નહીં તો કાલે સ્વીકારવી જ પડશે. નહીં સ્વીકારીએ તો આ દેશમાં અરાજકતા-અત્યાચાર અને અમાનવીય વહેવારોને જ વેગ મળશે. કોઈ પણ દેશ ભ્રષ્ટાચારના ભોરીંગ ઉપર ઝાઝો સમય ઊભો રહી શકે નહીં. ભ્રષ્ટાચારને ફેલાતો અટકાવવા સાચો અને સરળ રસ્તો આ જ છે. ગમે તેવી મહાન વ્યક્તિ પણ બે ટર્મથી વધારે પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી બની જ ન શકે તેના માટેની જોગવાઈ નહીં કરીશું તો, આ રાષ્ટ્રને આપણે બેઝિક કંઈ પણ આપીને જવાના નથી. જ્યારે આપણે હારતા હોઈશું તે સમયે ભૂતકાળમાં ખોટી રીતરસમો અપનાવી હતી તેથી ઈમર્જન્સી ૧૯૭૫માં લગાવવામાં આવી તેવા પ્રકારની અલોકતાંત્રિક રીતો અને રસમો અપનાવતા અટકાવવા હોય તો, તેના માટે સારા અને સાચા રસ્તે વળવું રહ્યું, નહીંતર આ દેશનાં મૂલ્યોનું જતન કરવું ખૂબ જ કઠિન બની શકે. આવનારી પેઢીને આપણે કયા પ્રકારનો વારસો આપવા માંગીએ છીએ. સમૃદ્ધ (Technocrate) સંસ્કારી, શૈક્ષણિક-સહૃદયવાળો કે જ્ઞાતિ-ધર્મ-સંપ્રદાયના અલગ-અલગ વાડાઓમાં વિભાજિત કરીને વેર-વિખેર આપવા માંગીએ છીએ, તે આપણે આજના સંદર્ભે નક્કી કરવું પડશે. સાચી વાતને ન સ્વીકારનાર નીકળશે પરંતુ આ દિશા પકડ્યા વગર આપણી પાસે બીજો કોઈ પણ વિકલ્પ છે જ નહીં. છતાં આપણે જાતિનાં બંધનોમાંથી મુક્ત થવાની દિશાને સૌથી ઉપર અને

આગળ મૂકીને તે દિશામાં કામ કરવું એટલે સમૃદ્ધ, સુખાકારી, જ્ઞાની, વિજ્ઞાની અને વિકાસશીલ ભારત બનાવવા આપણી યોગ્ય પરિપ્રેક્ષ્ય અને જ્ઞાન અને વિજ્ઞાન થકી વિશ્વને આપણી ઓળખાણ કરાવવી હોય તો સામર્થ્ય અને શક્તિઓ સાથે જ ઓળખાણ કરાવી શકીશું. શું આપણે જ્ઞાતિ અને વર્ણની વ્યાખ્યાઓ કર્યા કરીશું કે જ્ઞાન-વિજ્ઞાનની વ્યાખ્યા કરીશું ? આપણી પાસે મર્યાદિત સમય અને સંજોગ બચ્યા છે. આ મર્યાદિત સમયમાં આપણે જો દેશમાં સદ્ભાવના જગાડી શકીશું તો આપણને પ્રજાએ આપેલી તકનો આવનારી પેઢી માટે યોગ્ય વાતાવરણ બનાવી શકીશું તેના માટે, મન-કર્મ-વચન એક હોવાં જોઈએ. કોઈ પણ સમય અને કોઈ પણ ઘડીએ જ્યારે આપણે કાર્ય કરતા હોઈએ તે સમયે અને સંજોગે, એક અને માત્ર એક લક્ષ્ય હોવું જોઈએ - સંપૂર્ણ સમાજની સુખાકારી. સમગ્ર સમાજમાં સમભાવ સમદૃષ્ટિ થકી સંપૂર્ણ સમાજનું પોષણ થશે. માટે સામાજિક પ્રતિબદ્ધતા વગર દેશ કે સમાજ મજબૂત બની શકે નહીં. લોકશાહીનાં ફળ સમાજના છેલ્લા ગરીબ વ્યક્તિ સુધી પહોંચવાં જોઈએ, તે જ સામાજિક પ્રતિબદ્ધતા છે. દુર્ભાગ્યે દેશમાં જાતિવાદી જડના મૂળિયાં એટલાં ઊંડાં છે કે, સામાજિક પ્રતિબદ્ધતા આ જાતિવાદના ચક્કરમાં અટવાઈ પડે છે ને અંતે આપણે ૭૫મા અમૃત મહોત્સવમાં પણ, હતાં ત્યાંનાં ત્યાં જ-ઠેરનાં ઠેર ઊભા હોઈએ એવું લાગ્યા કરે છે.

• • •

# ૧૫. શિક્ષણની આવશ્યકતા

**આ**જના પરિપેક્ષ્યમાં આપણે વિચાર કરીશું તો, સામે અનેક પ્રકારનાં દશ્યો જોવા મળે છે. આ દશ્યોનું વિશ્લેષણ કરવામાં આવે તો તેમાં અને તેના થકી આવનારા સમયમાં જે ભયંકર પ્રકારનાં પરિણામો આવશે તે અતિ ગંભીર હશે. જાતિ-ધર્મ વિશે ખૂબ જ ચર્ચા થઈ રહી છે. દેશમાં જાતિ કરતાં શિક્ષણની વધુ જરૂર છે. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેનો ભેદ ઓછો કરવો હશે તો શિક્ષણ જ મદદરૂપ થવાનું છે. છતાં આપણે ખોટા ખ્યાલમાં અને ખોટી દિશામાં ચર્ચા કરતાં રહીએ છીએ. ચર્ચા કરતા લોકોને તમે પૂછશો કે ભાઈ, તમે તમારા બાળકને તમે ચર્ચા કરી રહ્યા છો તે વારસામાં આપતા જશો ? ના ના, કેમ ? તે વસ્તુ અને વારસો તેનું અનુકરણ તમારા દીકરાને નથી આપવા માંગતા ? કારણ, તમે સમાજને ખોટા રસ્તે દોરો છો. પણ તમે તેવું ઈચ્છો છો ? તમે તમારું ઘર સાચવી રાખશો. એ ક્યારેય બનવાનું નથી. જે ખોટો રસ્તો હોય તે કોઈ પણ સમયે અને સંજોગે સાચો બનતો નથી. જ્ઞાતિના ખપ્પરમાં હોમવા સમાજને કે રાષ્ટ્રને ઉલ્ટા ચશ્માં પહેરાવનાર થોડા સમય માટે એવું પ્રસ્થાપિત કર્યે જશે કે, તમારી જ્ઞાતિનો તે રખેવાળ છે. પરંતુ આ પરપોટાને ફૂટતાં ઝાઝો સમય લાગશે નહીં. આ યુગ ટેક્નૉલૉજીનો છે. આ યુગ જ્ઞાનનો યુગ છે. તમે કયા અને કેવાં કાર્ય કર્યાં છે તે જલ્દીથી લોકો પાસે ખૂલ્લા થઈ જતાં હોય છે. તમે ધર્મ-ધર્મ વચ્ચેની કટ્ટરતા ફેલાવવા કરતાં, આ રાષ્ટ્રને ધર્મ કરતાં જ્ઞાનની વધારે જરૂર છે. જો ધર્મ આટલો બધો પવિત્ર હોત તો, ધર્મ કોઈને પણ ઊંચ-નીચ જાતિમાં વિભાજિત ન કરત. પરંતુ ધર્મના બની બેઠેલા ઠેકેદારોએ ધર્મનો તેમની જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કર્યો છે. જો ધર્મ એવું કહેતો

હોય કે મનુષ્યમાત્ર એક છે, તો પછી ઊંચી જાતિ અને નિમ્ન જ્ઞાતિ આવી કથા કરવાની શું જરૂર છે ?

કથાના માધ્યમથી એકની એક વાતને વાગોળો છો. આજે પણ એક રાજ્યનો મુખ્યમંત્રી જીતનરામ માંઝી, મંદિરે દર્શન કરવા જાય છે. તે મંદિરને બીજા દિવસે અધર્મીઓ દ્વારા દૂધથી ધોવામાં આવે છે. શું આને સંસ્કૃતિ કહીશું ? શું આને ધર્મ કહીશું ? આ ધર્મના નામે ધતિંગ છે. બીજું કંઈ પણ ન હોઈ શકે. દૂધથી સાફ કરનાર મંદિર કે મઠના પૂજારીને કયા શંકરાચાર્યએ કહ્યું, અમાનવીય પ્રવૃત્તિ દ્વારા તમે ધર્મનું જ નહીં પણ માનવતાનું પણ અપમાન કરો છો. આવા સમયે આપણા ધર્માચાર્યના મોં ઉપર એક હજાર મણનાં તાળાં લાગી જાય છે. આપણે આપણી જાતને માણસ કહેવડાવવાને લાયક પણ નથી રહેતાં. આ પ્રકારની કુચેષ્ઠા ધર્મ ક્યારેય સ્વીકારી શકે નહીં. આ પ્રકારનું કૃત્ય તો અધર્મીઓ જ કરતા હોય છે. આવા અધર્મીઓની જગ્યા મંદિર કે મઠમાં નહીં, જેલમાં જ હોવી જોઈએ. આ પ્રકારની પહેલ કરવા માટે વજ્રની છાતી જોઈએ. સત્ય અને સાચી વાત તો તે છે અણુ-અણુમાં ઈશ્વરનો વાસ છે. તો પછી જીવતાજાગતા મનુષ્યમાત્રમાં ઈશ્વર (ભગવાન)નો વાસ હોવો એ સ્વાભાવિક બાબત છે તે વાત કેમ સમજમાં આવતી નથી તે જ સમજાતું નથી ! સૂતેલા માણસને જગાડી શકો પરંતુ સૂવાનો ઢોંગ કરતા માણસને કઈ રીતે જગાડી શકો ? ધર્મનાં ધતિંગ કરતા પાંખડીઓને ઓળખીશું નહીં ત્યાં સુધી દેશનું ભલું થવાનું નથી.

સંવિધાનનું જતન અને જાળવણી તેમાં રહેલી Fundamental Rights and Fundamental Dutiesની પણ આપણે દરકાર કરતા નથી. ફક્ત ને ફક્ત મતના રાજકારણમાં મચ્યા રહીશું ? મતના રાજકારણમાં મચ્યા રહેવાથી, મતો ક્યારેય મળતા નથી. તેના માટે નીતિ, મતિ અને ગતિ સાચી, સરખી રાખવી પડે, તો જ પરિણામ મળતું હોય છે. પ્રારબ્ધને કોઈ પણ નકારી શકતું નથી. પરંતુ દૂધથી મંદિર સાફ કરનાર પૂજારી અસ્પૃશ્ય માણસે જે શ્વાસ

હવામાં છોડ્યો છે તેને શુદ્ધ કરી શકશે ? આ પ્રક્રિયા એણે કરવી જોઈએ. આ અસ્પૃશ્ય વર્ગનો શ્વાસ મંદિરમાં દાખલ થતો હોય ત્યારે તેને બહાર કાઢવો જોઈએ. હવે તો આવી મૂર્ખામી છોડો ! સત્ય સ્વીકારો, જેને તમે દેવાધિદેવ શંકર ભગવાન કહો છો તેમના ગુરુ કોણ હતા ? કઈ કોમમાંથી આવેલ છે ? તે શૂદ્ર જ્ઞાતિમાંથી આવતા હતા. માર્કંડ ઋષિ શૂદ્રસંતની પૂજા કરીને, શંકરમાંથી મહાદેવ શંકર ભોળાનાથ થયા છે. તેમને અનેક નામથી બોલાવવામાં આવે છે અને તેની પૂજા કરીએ છીએ. અને આજે ૨૧મી સદીમાં શૂદ્રને મંદિરપ્રવેશથી અટકાવવામાં ગર્વ લઈએ છીએ. આ મૂર્ખતા નથી, મહામૂર્ખતા છે. શૂદ્રના મંદિરદર્શન પછી મંદિરને દૂધથી સાફ કરનારને ઢોંગી કહેવો કે પાખંડી કહેવો કે અધર્મી કહેવો તે હું વાચક ઉપર છોડું છું. આ ધર્મ નથી, આ અધર્મ છે. અધર્મની વ્યાખ્યા બીજી હોઈ શકે નહીં. છતાં આવા ઢોંગીઓ પાસે જઈ પૂજાપાઠ કરાવતા હોઈએ છીએ. જેની પાસે માનવતાનાં મૂલ્યોની સમજણ નથી તેવા પાસે જઈ શું પૂજા કરાવવી જોઈએ ? જો એમની પૂજામાં એટલી શક્તિ રહેલી હોત તો, શૂદ્ર મંદિરમાં આવે એટલે શૂદ્રનાં તમામ આવરણો દૂર થઈ જવાં જોઈએ. છતાં આમ બનતું નથી. તે તો શૂદ્રની વ્યાખ્યામાં આવે છે. આમાં ક્યાંક ને ક્યાંક પૂજામાં, પૂજારીમાં ગડબડ છે. એટલે મારા મિત્રો, જ્ઞાનની નજીક જવામાં, શિક્ષણના સાંનિધ્યમાં જવામાં સંપૂર્ણ દુઃખનું નિવારણ સમાયેલું છે. શિક્ષણથી તમારાં દુઃખ હલકાં થશે, ઓછા થશે. તે તમારામાં રહેલી વિદ્યા પ્રાપ્તિ કરવાની ઉત્કંઠાને આભારી છે. જ્ઞાન સર્વોપરી છે. જ્ઞાનથી સાર-અસારના ભેદની સમજણ વિકસે છે. શિક્ષણ અત્યંત જરૂરી છે. -શિક્ષિત દેશો-ના હેપીનેસ આંકડા બતાવે છે કે, દરેક લોકો શિક્ષણથી સમૃદ્ધ થશે.

એવા વળાંક પર હવે ઊભો છે કાફલો
અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ.

અહીંથી હું શ્વેત શ્વેત કૈં સ્વપ્નો લચી શકું
અહીંથી હું અંધકારની ખીણે ખરી શકું
અહીંથી હું ભવ તરી શકું - અહીંથી ડૂબી શકું
અહીંથી જવાય ક્ષણ તરફ, અહીંથી સદી તરફ
અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ

અહીંથી ઉમંગ ઊડતા અવસરમાં જઈ વસું
કે કાળમીંઢ વેદનાના દરમાં જઈ વસું
અહીંથી હું કબ્રમાં કે પછી ઘરમાં જઈ વસું
અહીંથી જવાય સમણાં તરફ, અહીંથી નદી તરફ
અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તફર

**કિસન સોસા**

• • •

# ૧૬. ભેદભાવ નાબૂદી

**મા**ર્ચ ૨૦૧૭-૧૮માં જ્યારે ભારતના Hon’ble President of India, Ram Nath Kovindji Visited in Jagannath Temple at Puri મંદિરમાં જઈ રહ્યા હતા તે સમયે, મંદિરના પૂજારી દ્વારા જવા માટેની જગ્યા આપવા અશોભનીય વર્તન કરવામાં આવ્યું હતું. દેશના રાષ્ટ્રપતિ માટે આ પ્રકારની કુચેષ્ટા કરવામાં આવે છે અને છતાં દેશમાં કોઈ પણ પ્રકારનાં, તેના ઉપર એક્શન લેવામાં આવતાં નથી. ફક્ત એક નોટિસ ઈશ્યૂ કરવામાં આવે, શું આ બાબત દેશ માટે ઘાતક નથી ? આપણી સંસ્કૃતિ મહાન હોવાના મોટા-મોટા દાવા કરવામાં આવે છે. શું કહેવાતા ધર્મના ઠેકેદારોએ આ કૃત્યને નિંદનીય ઘટના કે દુર્ઘટના ગણી છે ? આવું કૃત્ય કરનાર પૂજારી કે પૂજારીના સેવકને મંદિર પરિષદમાંથી હાંકી કાઢશે ? ના તો, આવું કરવાની તેઓની તૈયારી છે; ના તો, તેઓની આ બાબતે કોઈ ગંભીરતા છે. તે ફક્ત ને ફક્ત મગરનાં આંસુ સારવાની કોશિશ કરે છે. આ સ્થિતિમાં આપણે પરિવર્તન લાવી શકીએ નહીં. એનો અર્થ એમ થાય કે, ના તો, તે માનવતાનાં મૂલ્ય આપવા રાજી છે. આપણને માણસ સમજવા તૈયાર છે કે કેમ ? એ પણ મોટો સવાલ ઊભો થાય છે. એક રાષ્ટ્રપતિ માટે જો તેના મનમાં આટલી કટુતા હોય તો, ગરીબ શૂદ્ર માટે તેના મનમાં કેટલી કટુતા ભરેલી હશે ! મારા જીવનસંઘર્ષમાં આવા પ્રકારની સ્થિતિઓનું વિહંગાવલોકન કરતો હોઉં છું તે સમયે, મારી જાતને હું પૂછું છું કે, શું આવા પ્રકારનું વર્તન કરનાર મનુષ્ય કહેવડાવવાને લાયક છે કે, તેને ૨૧મી સદીમાં ‘મનુરોગી’ કહેવો ઉચિત ગણાશે ? આપણે અફઘાનિસ્તાનમાં આતંકવાદની વાત કરતા હોઈએ છીએ. એ હિંસાનો આતંકવાદ છે, તો આને માનવતાનો આતંકવાદ કે પછી ધર્મનો આતંકવાદ કે પછી અધર્મીઓનો આતંકવાદ કે માનવમૂલ્યોનો આતંકવાદ કહીશું !?

ધર્મની વાત કરતાં, માનવતાનાં મૂલ્યોની વાત કરવાવાળાની વધુ જરૂર છે, પરંતુ આપણામાં ગાંડપણ સવાર થઈ ગયું છે. માનવતાની વાત કરવાવાળાને આપણે નકારીશું, પરંતુ ધર્મનું ઓઢણું ઓઢીને આવનારની આપણે ખોટી-ખોટી વાહવાહી કરીશું અને અધર્મ કરનારને જાણ્યે અથવા અજાણ્યે પ્રોત્સાહિત કરતા હોઈએ છીએ. જેની પાસે માનવતાનાં મૂલ્યો નથી, તેની પાસે આપણે કોઈ પણ પ્રકારનાં મૂલ્યોની અપેક્ષા રાખવી જોઈએ નહીં અને આવાં તત્ત્વોને સમાજમાંથી જાકારો જલ્દી મળવા માટેની ગતિવિધિ તેજ કરવા માટે બધું જ કરી છૂટવું જોઈએ. તે તેના ભાગ્યનું લઈને આવ્યો હશે. તે તેના કર્મને ભારે પછડાશે અથવા પડશે તેવી સુંદર સુંદર વાતો દ્વારા જાણ્યે-અજાણ્યે અયોગ્ય યોગ્યતાના દાયરામાં આવે તેવો રસ્તો નિર્માણ કરતાં હોઈએ છીએ.

સત્યના માર્ગ પર ચાલવાથી લોકો શું કહેશે, તે વિચાર કરવાની જરૂર નથી. સમાજમાં જેની ઉપર લોકો હસ્યા હોય છે તે લોકો દ્વારા જ ઇતિહાસ નિર્માણ પામ્યાના દાખલા આપણી સમક્ષ છે. સત્યનો માર્ગ હોય તો લોકો શું કહેશે તેના ડરથી નરસિંહ મહેતાએ હરિજન વાસમાં ભજન કરવાનું છોડી દીધું હોત તો વૈકુંઠના વિઠ્ઠલાને પામી શક્યા ન હોત. મીરાંએ સંત રોહિદાસને (સંત રૈદાસ) ગુરુ બનાવ્યા હતા. કુંભારાણાની પટરાણી હોવા છતાં વૈભવથી તેઓ દૂર રહ્યાં હતાં અને જીવનમાં ઝેરના ઘૂંટડા પીવા પડ્યા હતા. સત્ય અને સાચા માર્ગ ઉપર ડગલે ને પગલે તકલીફનો બોજ આવશે પરંતુ આ તકલીફથી ભાગશો તો ધ્યેય ઉપર પહોંચી શકશો નહીં. નરસિંહ મહેતા નાગર બ્રાહ્મણ હતા. તેમને નાગર બ્રાહ્મણની જ્ઞાતિ દ્વારા નાત બહાર પણ મૂકવામાં આવ્યા હતા, છતાં સત્યનો રાહ છોડ્યો નહોતો. સત્યનો માર્ગ શૂરાનો છે, ત્યાં કાયરનું કામ નથી હોતું ! આપણામાં પડેલી સારી દૃષ્ટિઓને, સારા ગુણોને, સારા વિચારોને સત્યની નજીક જવાની પગદંડી બને તેવો પરિશ્રમ કરવો પડશે. હું એવા કોઈ વિઠ્ઠલા કે વૈકુંઠને ઓળખતો નથી. જેણે અમોને

માનવતાનાં મૂલ્યો અપાવ્યાં હોય. અમે પણ મનુષ્ય છીએ. એક પણ ભગવાન ૨૫૦૦ વર્ષથી માનવતા અપાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ આવ્યા નથી. પરંતુ સને ૧૮૯૧માં જન્મેલ મહામાનવે, અમોને માનવતાનાં (દરિદ્રતાનાં) મૂલ્યો આપવા આખી જિંદગી ખર્ચી નાખી અને અમોને માનવતાનાં મૂલ્યો અપાવવા, દરિદ્રતામાંથી મુક્તિ અપાવવા, ગામની બહાર વસવાટ કરતા હતા, સીમાડિયા કહેવાતા હતા, તેમાંથી મુક્તિ અપાવી. તમે પણ મનુષ્ય છો, તમે પણ મંદિરમાં જઈ દર્શન કરી શકો છો, તમે પણ અન્ય લોકો જીવે છે તે રીતે મુક્તપણે જીવી શકો છો, વીર પુરુષોમાં જે શક્તિઓ રહેલી છે તેવી શક્તિઓ તમારામાં છે, તે શક્તિ-સંસ્કાર-વિચાર અને માર્ગદર્શન આપી; જગતમાં તમારો પણ જન્મ થયો છે. તમારી જાતિ જ્ઞાતિ અન્ય કરતાં નાની, નબળી નથી તેવા વિચારોનો સંચાર કરનાર મહામાનવ-મહાન વિચારક, અર્થશાસ્ત્રી તેવા મહામાનવ ડૉ. ભીમરાવ આંબેડકરે અમોને માનવતાનાં મૂલ્યો અપાવ્યાં. એવા મહાન, બુદ્ધિના ધનપતિ ડૉ. ભીમરાવસાહેબને સ્વયં પરમાત્માના અંશના રૂપમાં પૃથ્વી ઉપર મોકલ્યા છે તેમ કહું તો કંઈ પણ ખોટું નથી.

જે દુઃખી આત્માને જોઈ દુઃખી થાય છે, તેમને તો આપણે પરમેશ્વર અથવા પરમાત્માનો અંશ કહીએ છીએ. આ આત્માએ અનેકોનાં કલ્યાણ કરી પરદુઃખે દુઃખી જીવન જીવી ગયા. સ્ત્રીઓને સમાનતાના હક અપાવવા ભારતના કાયદામંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું. તેમના વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં પરંતુ, ભારતના ભવિષ્ય માટે તેમણે સત્તાનો ત્યાગ કર્યો. સ્ત્રીઓને મિલકતમાં સરખી હિસ્સેદારી-શિક્ષણનો સ્ત્રીનો અધિકાર આપીએ છીએ; આ બધા જ હકો અપાવવા માટે જહેમત ઉઠાવનાર મહામાનવ ડૉ. ભીમરાવ આંબેડકર હતા. ઉદાહરણ પૂરું પાડ્યું હતું મહિલાઓને હક અપાવવા, પુરુષ સમોવડી બનાવવા, નારીને નર સમોવડી બનાવવા સૌથી વિશાળ અને રાષ્ટ્રને અખંડ રાખવા માટે

અભેદ અકલ્પનીય અતિ આવશ્યક ૭૫ વર્ષ પછી ટુકડે-ટુકડે સ્વીકાર્યું છે તે હિન્દુ કોડ બિલ, સાત દાયકા પહેલાં લાવનાર માનવ નહીં પરંતુ એક મહામાનવ હતા ! આ બાબતની આજે દેશની સ્ત્રીઓને ખ્યાલ પણ નથી. ડૉ. ભીમરાવ આંબેડકર, જેણે સર્વેને ન્યાય અને અધિકારો અપાવ્યા એ, સાચા અર્થમાં વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ-બે વર્ષ, આઠ માસ ને ૧૩ દિવસમાં ૩૯૨ અનુચ્છેદ તેમજ આર્ટિકલ કરીને, ભારતને ૨૬ નવેમ્બર સને ૧૯૪૯ના દિવસે આપ્યું. આ મહામાનવને આપણે ૧૪મી એપ્રિલ અને ૬ઠ્ઠી ડિસેમ્બર પૂરતા મર્યાદિત કર્યા છે. તેઓ જે જીવન જીવી ગયા તે જીવન જીવવાનું તેમણે કહ્યું હતું, જે પરિશ્રમ-પુરુષાર્થ તેમણે કર્યો હતો તે પરિશ્રમ અને પુરુષાર્થ કરવાનું કહ્યું હતું. વર્ષમાં ૩૬૫ દિવસ તેમનું મનન-મંથન અને રટણ કરવાનું છે. ફક્ત જય બોલાવવા પૂરતું નહીં, પરંતુ તેમણે જે કર્મો કર્યાં તે કર્મોના ડગલે-ડગલે અને પગલે-પગલે આપણે ચાલવાનું છે. તેમનો આપણને અંતિમ સંદેશ રહ્યો છે કે, ‘‘આ કાફલો આજે હું અહીં લાવ્યો છું. આ કાફલાને જો કોઈ પણ અડચણ આવે તો, અહીંથી આગળ લઈ જવા જો અસમર્થ હો તો, આ કાફલો અહીં મૂકી દો. પરંતુ કોઈ પણ સંજોગોમાં આ કાફલો પાછો ફરવો જોઈએ નહીં.’’ આ સંદેશને આપણે હૃદયસ્થ કરી, ફળીભૂત કરવા તત્પર રહેવું જોઈએ.

સંપૂર્ણ રાષ્ટ્રનો વિકાસ થાય, રાષ્ટ્ર શક્તિશાળી બને. સ્ત્રીને અબળા નહીં પણ સબળા બને તે માટે નારીશક્તિના યોગ્ય વિકાસ માટે યોગ્ય દિશામાં અથાક કાર્ય કરતા રહ્યા. હિન્દુ સમાજ શોષિત-પીડિત સમાજને પણ માણસ ગણે તેવા ભાવ સાથે કાર્ય આગળ વધાર્યું, પણ આગળ વધ્યું નહીં; તેવા સંજોગે તેમણે શોષિત-પીડિત સમાજ, મહિલા તેમજ ખેડૂતની ઉન્નતિ માટે તેઓ સંઘર્ષ કરતા રહ્યા. તેમનો ઉદ્દેશ સર્વ સમાજની સુખાકારી માટેનો હતો. સર્વ સમાજને સરખી રીતે આગળ વધવા માટેનો રોડ-મેપ આપ્યો હતો. જે સમાજને સદીઓથી શિક્ષણ

તેમજ માનવતાનાં મૂલ્યો મળ્યાં નથી, તે સમાજને અન્ય સમાજની હરોળમાં લાવવા સતત ને સતત તેમના પ્રયત્નો રહ્યા હતા. તેમના પ્રયત્નોને લીધે શોષિત સમાજને તેમણે અનામત જેવું અમોઘ શસ્ત્ર અનુસૂચિત જાતિ સમાજ તેમજ અનુસૂચિત જનજાતિ સમાજને અપાવ્યું હતું. તેમજ શૈક્ષણિક-રાજકીય તેમજ સરકારી નોકરીમાં અનામત અપાવવામાં 'સ્વ' કરતાં સમાજને અને સમાજથી આગળ રાષ્ટ્રને મહાન બનાવવામાં ચાર પુત્રોનું બલિદાન આપનાર, પુત્રો સાથે પત્નીનું પણ બલિદાન દેનાર, મહામાનવે જો એમના પરિવારની ચિંતા કરી હોત તો, તેમના પુત્રો અને પત્નીને સારી સારવાર કરાવી તેમને જીવનદાન આપી શક્યા હોત ! પરંતુ તેમણે સમગ્ર રાષ્ટ્રના ગરીબ, શોષિત, પીડિત, મજૂરને તેમનો પરિવાર માન્યો હતો. શોષિત, પીડિત, મજૂર, મહિલા તથા ખેડૂત સમાન વિકાસ કરશે તો દેશનો વિકાસ થશે તે તેઓ સારી રીતે જાણતા હતા. રાષ્ટ્ર માટે પોતાનું જીવન સમર્પણ કરનાર ડૉ. બાબા સાહેબ આંબેડકરના આદર્શો આપણા જીવનમાં ઉતારવાથી જ સમાજ તેમજ રાષ્ટ્રનું કલ્યાણ થશે. રાષ્ટ્રને રાષ્ટ્રમાં વસવાટ કરનાર તમામ સમાજનો સમતોલ વિકાસ કરવા માટે, રાષ્ટ્ર વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્ર બને તે માટે, રાષ્ટ્રની Economy કયા કયા પ્રકારની હોવી જોઈએ, જેથી રાષ્ટ્રનો સમતોલ વિકાસ થાય તેના માટે તે સમયના Economist ડૉ. ભીમરાવ રામજી આંબેડકર, અલગ રીતે, અલગ સોચ લઈને ચાલનારા-કામ કરનારા દૂરંદેશી હતા. તેમણે આ બધી બાબતો માટે બે લાખ કરતાં પણ વધુ પુસ્તકો વાંચ્યાં હતાં અને તેને પૂર્ણપણે સમજ્યા પણ હતા, આવા મહાનતાના પ્રહરી મહામાનવને શત્ શત્ વંદન.

જાતિવાદને ખત્મ કરવા, તેમજ હિન્દુ ધર્મમાં પડેલી બુરાઈને રાષ્ટ્ર સામે ઉજાગર કરવા માટે, મનુસ્મૃતિને તેમણે જાહેરમાં સળગાવી હતી. હિન્દુ ધર્મને અને હિન્દુ ધર્મની અંદર રહેલી ખરાબીને દૂર કરવા માટે તેઓ બીજા અનેક પ્રકારના

સંઘર્ષો કરતા રહ્યા. તેઓ કહેતા કે, ''રાષ્ટ્રનું ભલું થતું હોય તો, મુશ્કેલીઓનો સામનો કરવાનો થતો હોય તો ભલે, પણ મારા દેશનું અને દેશવાસીઓના ભલા માટે રાષ્ટ્રના લોકોને જાગૃત કરવા તે મારો ધર્મ છે.'' આમ પોતાનો ધર્મ બજાવવા માટે મનુસ્મૃતિ ગ્રંથની જાહેરમાં હોળી કરી રાષ્ટ્ર એક તાંતણે બંધાઈ રહે તેવી શુદ્ધ અને વિશાળ ભાવનાથી હિન્દુ સમાજને જાગૃત કરવાનું ખૂબ જ સરાહનીય કાર્ય કરનાર તેમજ ઓગણીસમી સદીમાં બ્રાહ્મણ કન્યા સાથે લગ્ન કરી, રાષ્ટ્રને નવી દિશા તરફ લઈ જવાની, સવર્ણ તથા અવર્ણ લોકોને એક નવી પ્રેરણા આપી. તેમનાં કાર્ય ફક્ત કર્મ પૂરતાં મર્યાદિત ન રહ્યાં, પરંતુ રાષ્ટ્રમાંથી જાતિવાદને જાકારો આપવાથી મજબૂત અને શક્તિશાળી રાષ્ટ્ર નિર્માણ થશે તેની તેમણે તમામ વર્ગના લોકો માટે આ એક ક્રાન્તિકારી પગલું ભરીને, આ માર્ગ રાષ્ટ્રના ભલા માટેનો છે તે બાબતથી તમામ સમાજને અવગત કરાવ્યા હતા. આ કાર્યને સર્વેએ બિરદાવ્યું પણ હતું.

આજે પણ હિન્દુ કોમની સવર્ણ સ્ત્રી જો અનુસૂચિત જાતિ વર્ગના છોકરા સાથે સ્વેચ્છાએ લગ્ન કરવા માંગતી હોય તો, તે સ્ત્રીનો સ્વીકાર થતો નથી. મૃત્યુને ઘાટ ઉતારવાની ઘટનાઓ આપણને સાંભળવા મળે છે. સાથે-સાથે છોકરાના પરિવારને મોત મળે છે આવા અનેક દાખલાઓ ખૂબ જ મોટા પ્રમાણમાં આપણે સાંભળતા હોઈએ છીએ. પરંતુ આજે આઝાદીના સાત દાયકા પૂર્ણ થયા છતાં, હિન્દુ-હિન્દુ વચ્ચેનો ભેદ છે, રતિભર પણ દૂર કરવા કોઈએ પ્રામાણિકપણે પ્રયાસ કર્યો નથી. હજુ આજે આપણે માણસ માણસ, સમાજ-સમાજ વચ્ચેની ખાઈને પૂરવા માટે કાર્ય કરવામાં ઊણા ઊતર્યા છીએ. આજે પણ જાતિ-ભેદ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. એ દૂર કરવા માટેના પ્રયત્નો કરવાને બદલે, ખોટી ભ્રામક કથાઓ કરતા રહીએ છીએ. વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિમાં, વિશ્વના અમાનવીય વહેવાર આપણે આપણા બંધુઓ સાથે કરતા હોય અને પછી, મહાન દેશની કલ્પના કરીએ તે વાત

ગળે ઊતરતી નથી અને ઊતરે પણ કેમ ? આજે પણ અમાનવીય વહેવાર એક વર્ગ સાથે કરવામાં આવી રહ્યો છે. તેના માટે વિઝન અને મિશન લઈને પરિણામ સુધી પહોંચવા માટે જરૂરી પગલાં ભરવાં પડે, તેવાં પગલાં ભરવાની હિંમત અને માનસિક તૈયારી દરેકમાં હોવી જોઈએ પરંતુ કમનસીબી છે કે, તેનાથી આપણે કોસો દૂર છીએ. તેનાથી પરિણામ પ્રાપ્ત થતું નથી. ભેદભાવ નાબુદીનાં નક્કર પગલાંની રાહ દેશ જોઈ રહ્યો છે. દેશવાસીઓ ભેદભાવ અંદરોઅંદર ખતમ કરી નાખે એ જ આપણો સાચો અમૃત મહોત્સવ છે.

• • •

# ૧૭. રાષ્ટ્રપ્રેમ

**હું** એવા વીર મહાપુરુષને જાણું છું જેની કથની અને કરનીમાં ફરક નહોતો જેની માંસપેશીમાં પણ એક જ ધ્વનિ સંભળાતો હતો - રાષ્ટ્ર અને રાષ્ટ્રની જનતા. રાષ્ટ્રને નીરોગી અને તંદુરસ્ત બનાવવા માટે અનેક પ્રકારનાં વિષના ઘૂંટડા પીધા પરંતુ રાષ્ટ્રને હાનિ કરતી બાબતોનો વિરોધ કરતા રહ્યા.

ભારત દેશ આઝાદ થયો તે સમયે, ભારતના બંધારણની રચના કરવાનું કાર્ય ડૉ. ભીમરાવ આંબેડકરને આપવામાં આવેલું, તે બંધારણને વિશ્વના શ્રેષ્ઠ બંધારણોમાંનું એક બંધારણ ગણવામાં આવે છે. આ બાબતથી ઘણા લોકો અજાણ હશે કે, તે સમયે કાશ્મીરના શેખ અબ્દુલ્લા, પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પાસે ગયા અને જમ્મુ-કાશ્મીર માટે વિશેષાધિકારની માંગણી કરી ત્યારે તેમણે કહ્યું : ‘‘ડૉ. ભીમરાવ આંબેડકર ભારતના કાયદામંત્રી છે, તમે તેમની પાસે જાવ અને આ પ્રકારે કલમ તૈયાર કરી બંધારણમાં સમાવવા માટે ખરડો બનાવવાનું કહો.’’ શેખ અબ્દુલ્લાએ ડૉ. આંબેડકરજીને મળીને વાત કરી તો તેમણે જે જવાબ આપ્યો હતો તે દરેક નાગરિક જાણવા જેવો છે. તેમણે કહ્યું કે, ‘‘તમે ઇચ્છો છો કે ભારત તમારું રક્ષણ કરે ? તમારા નાગરિકોને ખવડાવે ? તમામ સ્તરે સમુચિત વિકાસની ચિંતા કરે અને કાશ્મીરીઓને બાકીના તમામ ભારતીયો સાથે સમાન અધિકારો આપે ? પણ તમે બાકીના ભારતને કાશ્મીરમાં સમાન અધિકાર નહીં આપો. હું ભારતનો કાયદામંત્રી છું. હું મારા દેશ સાથે ગદ્દારી નહીં કરી શકું.’’ ત્યારબાદ જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦ની કલમનો, કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના મંત્રી ગોપાલ સ્વામી આયંગરે, ખરડો બનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ અંગેની બંધારણ

સભાની ચર્ચા દરમિયાન ડૉ. ભીમરાવ આંબેડકરે બંધારણની અન્ય જોગવાઈઓની ચર્ચામાં ભાગ લીધો પણ કલમ ૩૭૦ની ચર્ચામાં ભાગ નહોતો લીધો. તમામ દલીલો ગોપાલ સ્વામી આયંગરે કરી હતી. ડૉ. ભીમરાવ આંબેડકર જાણતા હતા કે, ૩૭૦ની કલમથી દેશનું અહિત થશે. ૩૭૦ની કલમને કારણે કાશ્મીરમાં પંડિતો ઉપર અત્યાચારો થયા અને તેમને કાશ્મીર છોડવા મજબૂર કરવામાં આવ્યા હતા. આઝાદીના સાત દાયકા પછી યશસ્વી પ્રાઈમ મિનિસ્ટર શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આ ૩૭૦ની કલમ દૂર કરવામાં આવી તેની ખુશી ભારતમાં વસતા ભારતીયોને થઈ છે. પરંતુ સૌથી વધુ ખુશી ડૉ. બાબાસાહેબ આંબેડકરને થઈ હશે. તેમાં સર્વને સંતૃપ્ત કરવાની સકારાત્મક ભૂમિકા જોવા મળે છે. તેમનામાં રહેલા ઉમદા આદર્શને કારણે, સર્વ સંપન્ન મહાપુરુષનાં દર્શન થાય છે. ડૉ. આંબેડકરસાહેબે અનેક સત્યાગ્રહો કર્યા. આપણા ધર્મના કેટલાં વ્યક્તિ-વ્યક્તિ અને સમાજ-સમાજ માટે અલગ-અલગ માપદંડ કરીએ છીએ. સારી અને સાચી બાબતો સ્વીકારતા નથી. આપણા સમાજ અને ધર્મની બાબતોમાં વ્યક્તિ સાથેનો વહેવાર અલગ છે, તે ધર્મ ન તો સમાજનું કે રાષ્ટ્રનું ભલું કરી શકે. તે ધર્મના વાહકોમાં ન તો નીતિ હોય કે ન તો વિચાર હોય. તે ધર્મના નામે ડોળ કરતા હોય છે. ધર્મથી તેમનું હજારો ગાઉનું છેટું હોય છે, છતાં સર્વ સંપન્ન, સર્વગુણી, ધર્મવાહક હોય તેવી રીતે વહેવાર કરવાની કોશિશ કરતા જોવા મળે છે.

કેરલ સૌથી વધારે સાક્ષરતાવાળું રાજ્ય છે તેનો દરેક ભારતીયોને ગર્વ છે, પરંતુ મંદિરમાં બિરાજેલ ભગવાન અયપ્પા બ્રહ્મચારી હોવાથી, ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓને મંદિર પ્રવેશ આપવામાં આવતો નહોતો. આવી દલીલોને સુપ્રીમ કોર્ટે ફગાવી દઈને, તમામ મહિલાઓને પ્રવેશ આપવા માટેનો હુકમ કર્યો. સુપ્રીમ કોર્ટના આદેશને પણ અવગણવા માટે ‘‘આ તો ધર્મની બાબત છે, આ તો આસ્થાનો વિષય છે.’’ આવા પ્રકારની મનોવૃત્તિ ધરાવનારાઓનાં નિવેદનો આપણને સાંભળવા મળ્યાં હતાં. શું આ આપણી સંસ્કૃતિ છે? શું આ આપણી

નારી સન્માન વૃત્તિ છે ? આ દેશને આપણે ક્યાં લઈ જવા માંગીએ છીએ ? મહિલાને મંદિરમાં પ્રવેશતી અટકાવવી એટલે મહિલાઓનો સામાજિક બહિષ્કાર કરવો, મહિલાને પવિત્રતા અને અપવિત્રતાના આધારે મંદિર પ્રવેશ ન દેવો તે તો મહિલા સાથે આભડછેટ સમાન જ છે. જ્યારે ભગવાન પણ સ્ત્રી અને પુરુષ વચ્ચે ભેદ નથી કરતા, ભગવાનની દૃષ્ટિમાં કોઈ ભેદભાવ નથી, તો પછી સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ માટે જે પ્રકારે રાજકારણ રમાઈ રહ્યું છે તે, એક અતિદુર્ભાગ્યપૂર્ણ છે ! આજે ૨૧મી સદીમાં મહિલાઓને સબરીમાલા મંદિર પ્રવેશ અટકાવવા રિવ્યૂ સહિતની ૬૪ અરજીઓ થઈ છે. આ બાબત પણ અતિગંભીર વાત છે. તેનો સૌ કોઈ બુદ્ધિજીવી વર્ગે વિચાર કરવો રહ્યો. આપણે સૌ જાણીએ છીએ કે, હિન્દુ ધર્મ મંદિરપ્રવેશમાં આપવો નહીં તેવું ક્યાંય કહેતો નથી. મંદિરમાં પ્રવેશતાં અટકાવવી તે તેમને બંધારણે આપેલા અધિકારોથી વંચિત રાખવા બરોબર છે. માનવતાને શોભે તેવું તો આ કામ નથી. જે પણ વિરોધ કરનાર સ્ત્રી અથવા પુરુષ તેમની માતાના ઉદરમાંથી જન્મ લીધો છે, છતાં આ પવિત્રતાની દેવી, જગતજનની માતાનો વિરોધ મંદિરપ્રવેશ માટે કરે છે !

ન તો આપણે ધર્મને ન્યાય આપ્યો કે, ન તો આપણે આપણા કર્મને ન્યાય આપ્યો. કર્મ અને ધર્મ એકસાથે હોય છે. કર્મ અને ધર્મમાં ભેદ હોતો નથી.

આવનારો સમય અતિ ભયંકર બનવાનો છે. તેવી પ્રતીતિઓ હવે રાષ્ટ્રમાં થવા લાગી છે. જાતિ-જાતિ વચ્ચે ઝેરની ખાઈ પહોળી બની રહી છે. તેને દૂર કરવાની જગ્યાએ, તેમાં વધારે ખાઈ કેમ બને તેવા પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિઓ જોવા મળે છે. વિક્રમ સંવત ૨૦૭૮માં રાષ્ટ્રપ્રેમ (રાષ્ટ્રપ્રેમી) અને રાષ્ટ્ર વિરોધીની વ્યાખ્યા નક્કી કરવાની ફેક્ટરીઓ ચાલી રહી છે. તે તેમની જાતને મહાન અને બાકી બધા જ દેશના દુશ્મન, આવો વહેવાર રાષ્ટ્રમાં થઈ રહ્યો છે. રાજકીય સત્તા મેળવવા, સત્તા ટકાવવા બીજા વ્યક્તિઓ આ પ્રકારનો વહેવાર આપણી સાથે કરે તે આપણને જરાય પાલવે તેમ નથી, આપણને મંજૂર નથી, છતાં આપણે આવો

વહેવાર અન્ય લોકો સાથે કરી રહ્યાં છીએ. તેનો આપણને જરા પણ અફસોસ નથી. તેનું જરા પણ દુઃખ નથી. ન તો આપણે ભારતમાતાને પ્રેમ કરી શક્યા કે, ન તો ભારતીયોને પ્રેમ કરી શક્યા. કૂપમંડૂકતાના ખોટા ખ્યાલોને આગળ ધરી, સમાજને ગેરમાર્ગે દોરવાની કુચેષ્ટાઓ થઈ રહી છે. માટે મિત્રો, આવા લોકોને કોરાણે મૂકો. મન દઈને મહેનત કરો. બાળકોના અભ્યાસ પાછળ ખર્ચ કરો. તે જ તમારો મુક્તિદાતા બની શકે.

એક સત્યઘટના તમારી સાથે શેર કરવા જઈ રહ્યો છું. મારા મિત્ર રમણભાઈને સોડા-ફેક્ટરી હતી. જેઓ બિસ્લરીની બોટલ તેમજ મસાલા સોડા અલગ-અલગ પ્રકારનાં પીણાં બનાવતા હતા. મેં પૂછ્યું કે, તમારું કેવું કામ ચાલી રહ્યું છે ? તો તેમણે મને જે ઉત્તર આપ્યો, સાંભળીને ઘડીક તમ્મર આવી ગઈ. 'આપણા સુરતના એક વિસ્તારની એક લાખની વસ્તી છે. જેમાં મારાં પીણાં લે એવા ૧૫૦૦થી વધારે મૂર્ખ લોકોની જરૂર છે. જે મને દરરોજ મળી રહે છે.' આમાં મારો એક પણ શબ્દ નથી. માણસ વેપાર કરે છે. તો પણ કયા પ્રકારના ખ્યાલથી વેપાર કરતા હોય છે ! છે ને આ નમૂનો ?

મોરારીબાપુ કહે છે કે, 'ભગવાનને દીવો કરો કે ના કરો, પણ કોઈનું દિલ ના બળે એનું ધ્યાન રાખો તો, સમજો પૂજા થઈ ગઈ.' હું તો એમ કહું છું કે, જાતિ-જાતિ વચ્ચે વૈમનસ્ય છે, તે મંદિર બનાવવાથી અછૂત સમાજનું અછૂતપણું દૂર થવાનું નથી. સવર્ણ અને અવર્ણ સમાજ એક થવાના નથી. કોઈ પણ ઋતુ આવે તો પણ તેની અસર થવાની. દા.ત., શિયાળો આવ્યો હોય તો, ઠંડીનો અનુભવ થાય છે. ગરમ કપડાં પહેરવાં પડે છે. ઉનાળો આવે તો રાજસ્થાનના રણપ્રદેશમાં તમે ખુલ્લા પગે ચાલી શકો નહિ. તમને તેનો અનુભવ થયા વિના રહેશે નહિ. ચોમાસામાં વરસાદના લીધે માટીની સુગંધનો અહેસાસ થયા વિના રહેતો નથી. એક ઋતુના આગમનથી પરિવર્તન થયેલી સૃષ્ટિનાં દર્શન આપણને થતાં હોય છે.

શિયાળાની ઋતુમાં સિયાચીન બોર્ડર ઉપર માઇનસ ૪૦ ડિગ્રીમાં આપણા સૈનિકો સામે મોત મંડરાતું રહે છે. ટેક્નૉલૉજીનો ઉપયોગ કરી, સારાં ટેક્નૉલૉજિકલ સાધનો તેમને પ્રોવાઇડ કરી, તેમનું રક્ષણ કરી શકાય છે ? તેની તૈયારીઓ કરવાની જરૂર છે ? આપણી પાસે લેટેસ્ટ ટેક્નૉલૉજીવાળાં સાધનો હોત તો સૈનિકોને શહીદ થવાનો વારો આવ્યો ન હોત. ભારતની બોર્ડર પર પાકિસ્તાનના આતંકી આવે તેવા સમયે સૈનિકો આતંકીનો ખાત્મો કરવો હોય તો, આધુનિક સાધનો દ્વારા ખાત્મો થશે. ન્યાયપ્રિયતાને સર્વોચ્ચ સ્થાન ઉપર રાખવી. આ સામાજિક સ્થિતિ માટે સામાન્ય ચેતના એક હોવી ખૂબ જ જરૂરી છે. ચેતના ત્યારે જ સાથે ચાલે, જ્યારે તેમાં રજોગુણની ભાવના હૃદયમાં હોય. એ ગુણ થકી જ રાષ્ટ્રની સુખાકારી થશે.

આપણે રજોગુણનો ગુણાકાર કરનારા બની, રાષ્ટ્રપ્રેમને પ્રથમ ક્રમે રાખીએ તે દેશના ભલા માટે જરૂરી છે.

૨૬મી જાન્યુઆરી, ૨૦૨૩

**નાથુ સોસા**

• • •

પુસ્તકમાં મેં વાણી સ્વતંત્રતાની છૂટ લીધી છે. ‘‘સુસંસ્કૃત સમાજનું નિર્માણ થાય.’’

-: નોંધ :-

આ સૃષ્ટિ ઉપર માનવજીવનનો ઇતિહાસ ૫૦૦૦ હજાર વર્ષ જૂનો છે. જેમાં જીવસૃષ્ટિ અનેક તબક્કામાંથી પસાર થઈને, માનવજીવન સુધી પહોંચી છે. માનવજીવનમાં અનેક પ્રકારનાં પરિવર્તનો જોવા મળે છે. આ પરિવર્તનમાં કાળક્રમે ફેરફાર થતાં વર્ણવ્યવસ્થાનું એક ભયંકર દૂષણ સમાજજીવનને પજવી રહ્યું છે. આ દૂષણને લીધે માનવને માનવતાનાં મૂલ્યોથી વંચિત કરવાની અનેક વૃત્તિ અને પ્રવૃત્તિઓ વેગવાન થતી જોઈ શકાય છે. આ પરિપ્રેક્ષ્યથી જોઈએ તો, માનવીને માનવમૂલ્યોની દૃષ્ટિથી જોવાનું સદંતર બંધ થઈ ગયું છે. આ ઘૃણાસ્પદ વહેવાર આજે પણ કોઈ ને કોઈ સ્વરૂપે આપણી સૌની સામે જોવા મળે છે. પરંતુ આ બાબતને રોકવાની કે મટાડવાની વૃત્તિ જોવા મળતી નથી ? શા માટે ? આ વાત આજે પણ સમજાતી નથી. અને તેમને સમજવાની તૈયારી પણ નથી ?

**નાથુ સોસા**

ISBN 9391991043
9789391991043

સૂર્યજીત પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ